RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 20-05-2026 I VOL : 12 I Issue : 64 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

સુવિચાર

જે નસીબમાં નથી લખ્યું એને પણ મહેનતથી મેળવતા શીખો !!

3  સમુદ્રમાં વધશે ભારતની તાકાત: રૂ. 70 હજાર કરોડની મેગા સબમરીન ડીલથી...

4  બેઠકનો હિડન એજન્ડા : અમેરિકાને ઈરાન અને ચીનને તાઈવાન જોઈએ છે!

6  જાન્હવીની એક નજર ને બોડીગાર્ડે ફેનને બાવડું પકડી નીચે મોકલ્યો

7  ધોનીની છેલ્લી IPL! ફોટોશૂટે સો.મીડિયા પર જગાવી ચર્ચા

## એક નજર...

### બ્લેક મિની ડ્રેસમાં જેકલીન ફર્નાન્ડીઝે બતાવ્યું બોલ્ડ ફીગર



બોલિવૂડની ઘણી અભિનેત્રીઓ પછી જેકલીન ફર્નાન્ડીઝે પણ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં હાજરી આપી છે. તેણીએ ગયા વર્ષે પણ હાજરી આપી હતી. આ વખતે કાન્સ ફેસ્ટિવલમાં તેનો લુક સોશિયલ મીડિયા પર હેડલાઈન્સ બનાવી રહ્યો છે. જેકલીન ફર્નાન્ડીઝે તેના ઈન્સ્ટાગ્રામ પેજ પર કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના ઘણા ગ્લેમરસ ફોટા શેર કર્યા છે.

# ઈ-ફાર્મસી એપ્સ Vs મેડિકલ સ્ટોર્સનો જંગ, 12 લાખથી વધુ રિટેલરની હડતાળ

## આ વિવાદનું મુખ્ય કારણ ઈ-ફાર્મસી પ્લેટફોર્મનો સતત વધતો જતો વ્યાપ અને ઓનલાઇન દવા વેચાણને નિયંત્રિત કરતી અપૂરતી સરકારી દેખરેખ છે. કેમિસ્ટ સંગઠનોનો આક્ષેપ છે કે ઓનલાઇન દવા વેચતા પ્લેટફોર્મ્સ નબળા નિયમન હેઠળ કામ કરી રહ્યા છે.

નવી દિલ્હી

આજના ડિજિટલ યુગમાં એક ક્લિક પર કપડાં અને કરિયાણાની જેમ દવાઓ પણ ઘરબેઠા આકર્ષક ડિસ્કાઉન્ટ સાથે મળી જાય છે. આ સુવિધા ગ્રાહકોને ખૂબ સુવિધાજનક લાગે છે, પરંતુ તેની પાછળ એક મોટું આર્થિક અને આરોગ્ય સંબંધિત સંકટ આકાર લઈ રહ્યું છે. ભારતભરના 12.4 લાખથી વધુ કેમિસ્ટ અને ફાર્માસ્યુટિકલ વિતરકોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા 'ઑલ ઈન્ડિયા ઑર્ગેનાઈઝેશન ઑફ કેમિસ્ટ્સ ઍન્ડ ડ્રગિસ્ટ્સ'(AIOCD)એ 20 મેના રોજ દેશવ્યાપી હડતાળની જાહેરાત કરી છે. મોટા કોર્પોરેટ-સમર્થિત ઓનલાઈન ફાર્મસી પ્લેટફોર્મ્સ અને ક્વિક-કોમર્સ એપ્સ સામે પરંપરાગત મેડિકલ સ્ટોર સંચાલકો કેમ રસ્તા પર ઉતરવા મજબૂર થયા છે અને આ વિવાદ શું છે, ચાલો સમજીએ. આ વિવાદનું મુખ્ય કારણ ઈ-ફાર્મસી પ્લેટફોર્મનો સતત વધતો જતો વ્યાપ અને ઓનલાઈન દવા વેચાણને નિયંત્રિત કરતી અપૂરતી સરકારી દેખરેખ છે. કેમિસ્ટ સંગઠનોનો આક્ષેપ છે કે ઓનલાઈન દવા વેચતા પ્લેટફોર્મ્સ નબળા નિયમન હેઠળ કામ કરી રહ્યા છે. તેઓ પ્રિસ્ક્રિપ્શન, સ્ટોરેજની યોગ્ય શરતો અને ડિલિવરીના કડક ધોરણોની ચકાસણી કર્યા વિના જ આડેધડ દવા વેચી રહ્યા છે.

આ સંગઠનના પ્રમુખ જે. એસ. શિંદે અને મહા મંત્રી રાજીવ સિંઘલે એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે, 'આ ફક્ત વેપારનો મુદ્દો નથી, પરંતુ દર્દીની સલામતીનો મામલો છે.' નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં પરંપરાગત મેડિકલ સ્ટોર્સ ખૂબ જ ઓછા નફાના માર્જિન પર કામ કરે છે. બીજી તરફ, મોટા કોર્પોરેટ જૂથોના પીઠબળ ધરાવતી ઈ-ફાર્મસીઓ ગ્રાહકોને આકર્ષવા માટે 50 ટકા સુધીનું આક્રમક ડિસ્કાઉન્ટ આપે છે. સ્થાનિક કેમિસ્ટો માટે આટલું મોટું ડિસ્કાઉન્ટ આપવું આર્થિક રીતે શક્ય નથી.

### દર્દીઓની સુરક્ષા પર મોટું જોખમ: AI અને નકલી પ્રિસ્ક્રિપ્શન

- કેમિસ્ટ ઍસોસિએશનનું કહેવું છે કે ઓનલાઈન દવા વિક્રેતાઓ પ્રિસ્ક્રિપ્શનની ચકાસણી કરતા નથી, જેના કારણે અનેક ગંભીર જોખમો ઊભા થયા છે.
- 
- એક જ પ્રિસ્ક્રિપ્શનનો વારંવાર ઉપયોગ: દર્દીઓ એક જ જૂના પ્રિસ્ક્રિપ્શન પરથી વારંવાર ઓનલાઈન દવાઓ મંગાવે છે.
- નશાકારક અને એન્ટિબાયોટિક્સનો દુરુપયોગ: એન્ટિબાયોટિક્સ અને વ્યસનકારક દવાઓ સરળતાથી ઉપલબ્ધ થઈ રહી છે.
- AI જનરેટેડ પ્રિસ્ક્રિપ્શન: આજના સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા બનાવેલા પ્રિસ્ક્રિપ્શન બતાવીને ઓનલાઈન દવાઓ ખરીદવાનું જોખમ વધી ગયું છે.
- એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ (AMR): ડૉક્ટરની સલાહ વિના ઓનલાઈન એન્ટિબાયોટિક્સના અનિયંત્રિત વપરાશને કારણે શરીરમાં દવાઓ અસર કરતી બંધ થઈ જાય છે, જે વૈશ્વિક સ્તરે જાહેર આરોગ્ય માટે મોટો ખતરો છે.

# શાંતિપૂર્ણ વિરોધનો અધિકાર: CJI સૂર્યકાંત



નવી દિલ્હી

ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (CJI) જસ્ટિસ સૂર્યકાંતે મંગળવારે જણાવ્યું કે દેશમાં તમામ લોકોને શાંતિપૂર્ણ અને કાયદેસર રીતે વિરોધ પ્રદર્શન કરવાનો અધિકાર છે, પરંતુ રસ્તા પર ઉતરીને સામાન્ય લોકો માટે મુશ્કેલી ઊભી કરી શકાય નહીં. તેમણે કહ્યું કે પ્રદર્શનના નામે કાયદો અને વ્યવસ્થા બગાડવાની કે ડરનો માહોલ બનાવવાની પરવાનગી આપી શકાય નહીં. CJIએ આ વાત નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટના નામકરણને લઈને ચાલી રહેલા વિવાદ સંબંધિત સુનાવણી દરમિયાન કહી. અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે એરપોર્ટના નામને લઈને પ્રદર્શન કરી રહેલા યુવાનો પર ગુનાહિત કેસ દાખલ કરવામાં આવી રહ્યા છે. જોકે સુપ્રીમ કોર્ટે આ મામલે હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો. CJI સૂર્યકાંત સાથે જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચ 'પ્રકાશજ્યોત સામાજિક સંસ્થા'ની અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં નવી મુંબઈ એરપોર્ટનું નામ લોકનેતા ડીબી પાટીલ નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ રાખવાની માગ કરવામાં આવી હતી.

# મોદીએ નોર્વેના પત્રકારોને જવાબ ન આપ્યા

## રાહુલે કહ્યું- કોમ્પ્રોમાઈઝ્ડ પીએમ સવાલોથી ભાગ્યા

ઓસ્લો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નોર્વે પ્રવાસ દરમિયાન એક મહિલા પત્રકારના સવાલનો જવાબ ન આપવા પર રાહુલ ગાંધીએ ટિપ્પણી કરી. તેમણે લખ્યું - જ્યારે દુનિયા એક કોમ્પ્રોમાઈઝ્ઝ PMને કેટલાક સવાલોથી ગભરાઈને ભાગતા જુએ છે, ત્યારે ભારતની છબી પર શું અસર પડશે. જ્યારે છુપાવવા માટે કંઈ નથી, ત્યારે ડરવાની પણ કોઈ વાત નથી. તેમણે નોર્વેની મહિલા પત્રકાર હેલી લિંગની X પોસ્ટ શેર કરતા આ બધું લખ્યું હતું. ખરેખરમાં, PM મોદીએ સોમવારે નોર્વેના વડાપ્રધાન જોનાસ ગાર સ્ટોરે સાથે સંયુક્ત નિવેદન તો આપ્યું, પરંતુ મીડિયાના સવાલોના જવાબ આપ્યા નહીં.

આનાથી નારાજ થઈને નોર્વેની પત્રકાર હેલી લિંગે X પર નારાજગી વ્યક્ત કરી હતી. આ પછી તે પત્રકાર ભારતીય વિદેશ મંત્રાલયની પ્રેસ બ્રીફિંગમાં પણ પહોંચી, જ્યાં તેમની ભારતીય અધિકારીઓ સાથે બોલાચાલી થઈ. ખરેખરમાં, આ મામલો ત્યારે શરૂ થયો, જ્યારે ઓસ્લોમાં નોર્વેના વડાપ્રધાન સાથેની જોઈન્ટ પ્રેસ કોન્ફરન્સ પછી મોદી સવાલોના જવાબ આપ્યા વિના ત્યાંથી નીકળી ગયા હતા. આ પછી નોર્વેની પત્રકાર હેલી લિંગે તેનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો. પત્રકારે પોતાની પોસ્ટમાં લખ્યું- નોર્વે વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં પ્રથમ સ્થાને છે, જ્યારે ભારત 157મા સ્થાને છે. પત્રકારોનું કામ સરકારોને સવાલ પૂછવાનું હોય છે. આ પછી ભારતીય વિદેશ મંત્રાલયે પત્રકારની પોસ્ટને



રિપોસ્ટ કરતા લખ્યું કે ભારતીય દૂતાવાસ આજે રાત્રે વડાપ્રધાનના પ્રવાસ પર એક પ્રેસ બ્રીફિંગનું આયોજન કરી રહ્યું છે. તમે ત્યાં આવીને તમારા સવાલો પૂછી શકો છો. ખરેખરમાં રાહુલે નોર્વેની મહિલા પત્રકાર હેલ લિંગની X પોસ્ટ શેર કરી છે. આમાં લિંગ નોર્વે પહોંચેલા પીએમ મોદીને સવાલ કરે છે, 'વડાપ્રધાન મોદી, તમે દુનિયાની સૌથી સ્વતંત્ર પ્રેસના કેટલાક સવાલોના જવાબ કેમ નથી આપતા?' પરંતુ પીએમ તેમનો જવાબ આપ્યા વિના જ જતા રહે છે.

## NEWS TRACK

### ઈરાન ટ્રમ્પ-નેતન્યાહુની હત્યા કરનારને ₹500 કરોડનું ઈનામ આપશે

ઈરાનની સંસદ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની હત્યા કરનારાઓને 500 કરોડથી વધુનું ઈનામ આપતું બિલ લાવી શકે છે. ધ ટેલિગ્રાફના રિપોર્ટ અનુસાર, ઈરાની સંસદનું રાષ્ટ્રીય સુરક્ષા આયોગ આ બિલની તૈયારી કરી રહ્યું છે. આયોગના પ્રમુખ ઈબ્રાહિમ અઝીઝીએ કહ્યું કે 'ઈસ્લામિક રિપબ્લિકના સૈન્ય અને સુરક્ષા દળોની જવાબી કાર્યવાહી' નામથી બિલ તૈયાર કરવામાં આવી રહ્યું છે. ઈરાની સાંસદ મહમૂદ નબાવિયને કહ્યું કે સંસદ જલ્દી આ બિલ પર વોટિંગ કરી શકે છે, જે ટ્રમ્પ અને નેતન્યાહુને જહન્નમ પહોંચાડનારાઓને ઈનામ આપશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેની સહિત અનેક સૈન્ય અને રાજકીય નેતાઓના મોત બાદ આ પગલું ભરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન ટ્રમ્પે કહ્યું છે કે તેમણે ઈરાન પર મંગળવારે થનારો હુમલો હાલ પૂરતો ટાળી દીધો છે. ટ્રમ્પે કહ્યું કે કતાર, સાઉદી અરબ અને UAE જેવા ગલ્ફ દેશોના નેતાઓએ વાતચીતને તક આપવા માટે થોડા દિવસનો સમય માંગ્યો હતો.

### પુતિન અને જિનપિંગની મુલાકાત પહેલા જ ચીનના જહાજ પર રશિયાનો હુમલો!

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન ચીનના પ્રમુખ શી જિનપિંગને મળવા બેઈજિંગ પહોંચે તેના બરાબર એક દિવસ પહેલાં જ કાળા સમુદ્ર(બ્લેક સી)માં એક મોટો વૈશ્વિક તણાવ જોવા મળ્યો છે. અહીં યુક્રેનના બંદરો તરફ જઈ રહેલા બે નાગરિક જહાજો પર રશિયાએ ડ્રોન હુમલો કર્યો છે, જેમાં ચોંકાવનારી વાત એ છે કે એક જહાજ ચીનની માલિકીનું છે. યુક્રેનના સી પોર્ટ્સ ઑથોરિટીના જણાવ્યા મુજબ, સોમવારે આ હુમલા ઓડેસા વિસ્તારના બંદરો તરફ આગળ વધી રહેલા નાગરિક જહાજો પર થયા હતા. આ બંને જહાજોમાંથી એક માર્શલ આઈલૅન્ડ્સના ધ્વજ હેઠળ અને બીજું ગિની-બિસાઉના ધ્વજ સાથે દરિયાઈ સફર પર હતું. યુક્રેનની નેવીના રિપોર્ટ્સ અનુસાર રશિયાના 'શાહેદ' ડ્રોન દ્વારા ચીનની માલિકીના કાર્ગો જહાજ 'KSL ડેયાંગ'ને નિશાન બનાવવામાં આવ્યું હતું, જે માર્શલ આઈલૅન્ડ્સના ધ્વજ હેઠળ મુસાફરી કરી રહ્યું હતું. નેવી દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરાયેલા એક ફોટોગ્રાફમાં આ જહાજનો એક ભાગ હુમલાના કારણે આંશિક રીતે બળી ગયેલો સ્પષ્ટ જોઈ શકાય છે.

# ચાતુર્માસ બગાડવાનું પાપ ભારે પડ્યું: મોર્ફ્ડ ફોટોથી કરોડો પડાવતી સિન્ડિકેટ વિરુદ્ધ MPમાં FIR; જૈન સમાજ આરપારની લડાઈના મૂડમાં, બ્લેકમેલર્સની ઉલટી ગણતરી શરૂ!

## ચોમાસું નજીક આવતા જ ચાતુર્માસ બગાડવા સક્રિય થયેલી ટોળકીનો કાળો કારોબાર ધ્વસ્ત; ફેક ફોટોના જોરે કરોડો રૂપિયા પડાવવાનું કાવતરું ખુલ્લું પડતાં જૈન સમાજ આરપારની લડાઈના મૂડમાં!

અંકલેશ્વર/સુરત (ખાસ પ્રતિનિધિ):

પૂજનીય જૈન સંતોને સોશિયલ મીડિયા પર ફેક અને મોર્ફ્ડ (ચેડાં કરેલા) ફોટોગ્રાફ્સ દ્વારા બદનામ કરી, સમાજમાં ભયનો માહોલ ઊભો કરી કરોડો રૂપિયા પડાવવાનું ધૃણાસ્પદ કાવતરું રચનારી શાતિર ગેંગની ઉલટી ગણતરી હવે શરૂ થઈ ગઈ છે. સુરત વેસુનાઆચાર્યશ્રીસાગરચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબને ૧૦૦% ક્લીનચિટ મળ્યા બાદ, આ કાવતરાખોરો વિરુદ્ધ હવે મધ્યપ્રદેશમાં સત્તાવાર પોલીસ ફરિયાદ (FIR) નોંધાઈ ચૂકી છે. અખબારો અને સોશિયલ મીડિયાના ઓઠા હેઠળ બ્લેકમેલિંગનું ઓર્ગેનાઈઝ્ડ નેટવર્ક ચલાવતા જગત પારેખ, હાર્દિક હુડિયા, વિક્રમ બાફના અને કલ્પેશ સિંઘવી વિરુદ્ધ કાયદાનો સકંજો મજબૂત થતાં જ સમગ્ર ગેંગમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### પાપોનો ઘડો ભરાયો, હવે જેલના સળિયા ગણશે: ગુનાહિત ઈતિહાસ ધરાવતો જગત પારેખ બેનકાબ!

આ આખી સિન્ડિકેટનો મુખ્ય સૂત્રધાર જગત પારેખ પોતે ગળાડૂબ ક્રિમિનલ બેકગ્રાઉન્ડ ધરાવે છે. જેના પર અગાઉથી જ અનેક પોલીસ કેસો નોંધાયેલા છે, તેવો હિસ્ટ્રીશીટર તત્વ આજે જૈન સમાજની આસ્થા અને સંતોની ગરિમા પર પ્રહારો કરવાની ઔકાત બતાવી રહ્યો છે! કાવતરાખોરોએ વિચાર્યું હતું કે તેઓ પીળી પત્રકારત્વ (Yellow Journalism) અને ખોટા વાયરલ મેસેજથી ડરનો માહોલ બનાવીને મુનિશ્રીઓ પાસેથી મોટી રકમ વસૂલી લેશે. પરંતુ, ગચ્છાધિપતિ શ્રી નરદેવસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે




કરાવેલી હાઈ-લેવલ ફોરેન્સિક તપાસમાં આ ગેંગના જૂઠાણાનો પર્દાફાશ થઈ ગયો છે અને વાયરલ કરાયેલા ફોટો ૧૦૦% ફેક સાબિત થયા છે.

### મધ્યપ્રદેશ પોલીસ એક્શન મોડમાં: કાયદાકીય ગાળિયો કસાયો

જૂઠાણું પકડાઈ ગયા બાદ પણ આ નિર્લજ્જ ગેંગ સોશિયલ મીડિયા પર ભ્રમ ફેલાવવાનું ચાલુ રાખતી હોવાથી, હવે તેમની પાપલીલાનો અંત લાવવા કાયદાનો આશરો લેવાયો છે. મધ્યપ્રદેશમાં ચાતુર્માસ શરૂ થઈ રહ્યો છે, જેને ટાર્ગેટ કરવા આ ગેંગ ફરી સક્રિય થઈ હતી, પણ આ વખતે પાસા ઊંધા પડ્યા છે. મધ્યપ્રદેશમાં નોંધાયેલી આ FIR અંતર્ગત પોલીસ હવે આ બ્લેકમેલિંગ ગેંગના આઈપી એડ્રેસ, સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ અને તેમના શંકાસ્પદ આર્થિક વ્યવહારોની ઊંડી તપાસ (Forensic Hunt) કરી રહી છે. કાયદાકીય નિષ્ણાતોના મતે, આ પ્રકારના ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ અને સંતોની માનહાનિ કરવા બદલ આ તમામ આરોપીઓને લાંબી જેલની સજા થવી નિશ્ચિત છે.

### MP પોલીસની FIR એટલે કાવતરાખોરો માટે 'ધ એન્ડ'

**કાયદાકીય પ્રહાર: મધ્યપ્રદેશમાં આ શાતિર ગેંગ વિરુદ્ધ જામીન ન મળે તેવી આકરી કલમો હેઠળ ગુનો દાખલ.**

**મુખ્ય નિશાન: હિસ્ટ્રીશીટર જગત પારેખ અને પત્રકારત્વના નામે કલંક બનેલો હાર્દિક હુડિયા હવે પોલીસના સત્તાવાર રાડારમાં.**

પુરાવા ગાયબ, કાવતરું હાજર: ગચ્છાધિપતિ સમક્ષ પુરાવા આપવામાં સદંતર નકામી સાબિત થયેલી ગેંગ હવે પોલીસના થર્ડ ડિગ્રી સવાલોનો સામનો કરશે.

નવી અકળામણ: જેલના ડરથી ફફડી ગયેલા કાવતરાખોરો હવે જૂના સમાચારો અને તોડી-મરોડીને પેશ કરેલી કતરણો વાયરલ કરી પોતાની આબરૂ બચાવવા છેલ્લી હવાતિયાં મારી રહ્યા છે.

### 'પાક્કો ગુજરાત'નો સણસણતો આક્રોશ અને ખુલ્લો પડકાર:

જૈન શાસનની એકતા, શાંતિ અને પૂજનીય સંતોની અસ્મિતા સાથે રમત રમનારા આ અધર્મી અને લંપટ તત્વોને હવે સમાજમાંથી બહિષ્કૃત કરવાનો સમય આવી ગયો છે. બ્લેકમેલિંગના આ ઝેરીલા ગઠબંધનનો શિકાર બનવાને બદલે સમગ્ર જૈન સમાજ હવે જાગૃત થઈ ચૂક્યો છે અને આરપારની લડાઈના મૂડમાં છે.

મધ્યપ્રદેશ પોલીસની આ FIR તો માત્ર ટ્રેલર છે, પિક્ચર હજી બાકી છે! જ્યાં સુધી આખી બ્લેકમેલર ગેંગ હાથકડી પહેરીને જેલના સળિયા પાછળ નહીં ધકેલાય, ત્યાં સુધી સત્યની આ ઘાતક લડાઈ અટકશે નહીં. કાયદાના રક્ષકો હવે આ નરાધમોનો અંત લાવીને જ ઝંપશે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## જેતપુર દેરડીધાર નજીક દારૂના ચપલા ભરેલી સ્વિફ્ટ કાર LCBએ ઝડપી લીધી

રાજકોટ

રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચે જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સ્વિફ્ટ કારના ચોરખાનામાં સંતાડેલો રૂ.68.478 નો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. જોકે, રેઈડ દરમિયાન ચારેય આરોપીઓ રાત્રીના અંધારાનો લાભ લઈ નાસી છૂટતાં પોલીસ એક પણ આરોપીની ધરપકડ કરી શકી નથી. રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા જિલ્લાના પોલીસ વડા વિજય સિંહ ગુર્જર નાઓના માર્ગદર્શન હેઠળ LCB પીઆઈ જે.પી.રાવની ટીમે આ કામગીરી કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, LCBના હેડ કોન્સ્ટેબલ અર્જુનભાઈ ડવેરા તથા પોલીસ કોન્સ્ટેબલ શક્તિસિંહ ઝાલા પેટ્રોલીંગમાં હતા ત્યારે ટેકનીકલ અને હ્યુમન સોર્સથી મળેલ બાતમી આધારે જેતપુર, દેરડીધાર, આવાસ યોજના ક્વાર્ટર સામે, ધાર પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન આરોપીઓ પોતાના કબજા હવાલાવાળી મારુતી સુઝુકી કંપનીની સ્વિફ્ટ કાર નંબર GJ-01-HN-1190 વાળીમાં ચોર ખાનામાં ગેર કાયદેસર પાસ-પરમીટ વગર ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો વેચાણ અર્થે લાવી હેરાફેરી કરી રહ્યા હતા. કારના ચોરખાનામાંથી ભારતીય બનાવટની જુદી-જુદી બ્રાન્ડની 180 ML ની કંપનીશીલ પેક બોટલો નંગ-396 કિંમત રૂ.68.478 મળી આવી હતી. પોલીસે કાર સહિત કુલ રૂ.2.68.478 નો મુદ્દામાલ કબજે કર્યો છે. રેઈડ દરમિયાન ચારેય ઈસમો એકબીજાને મદદગારી કરી અંધારાનો લાભ લઈ નાસી ગયા હતા. આ ગુનામાં જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબિશન એક્ટ કલમ-65(એ)(ઇ), 116બી, 81, 89(2) મુજબ ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે. આરોપી કુણાલ ભાટીયા રહે-દેરડીયાર આવાસ યોજના, જેતપુર વાળો ફરાર છે.

## આણંદ જનરલ હોસ્પિટલના સરકારી ડૉક્ટર લાંચ લેતા રંગેહાથ ઝડપાયા..!

આણંદ

ગુજરાતમાં લાંચિયા અને ભ્રષ્ટ અધિકારીઓ સામે એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ લાલ આંખ કરી છે. પાટનગર ગાંધીનગરમાં વર્ગ-૨ ના ઉચ્ચ અધિકારી પકડાયાના ચોવીસ કલાકની અંદર જ હવે આણંદ જિલ્લામાં પણ એસીબીએ મોટી સફળતા મેળવી છે. આણંદ શહેરની સરકારી જનરલ હોસ્પિટલમાં ફરજ બજાવતા એક સરકારી ડૉક્ટર ફરિયાદી પાસેથી લાંચની રકમ સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ જતાં સમગ્ર પંથકના તબીબી આલમ અને ભ્રષ્ટ કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી પ્રાથમિક વિગતો અનુસાર, આણંદની સરકારી જનરલ હોસ્પિટલમાં એક જાગૃત નાગરિક (ફરિયાદી) પોતાના સ્વજનની સારવાર અથવા પ્રમાણપત્ર મેળવવાના કામ અર્થે આવ્યા હતા. હોસ્પિટલના સંબંધિત સરકારી ડૉક્ટરે નિયમ મુજબ થતું આ કામ કરી આપવાના બદલામાં ફરિયાદી પાસે લાંચના નાણાંની માંગણી કરી હતી. ગરીબ દર્દીઓ માટે આશીર્વાદ સમાન ગણાતી સરકારી હોસ્પિટલમાં જનતાની સેવા કરવાના બદલામાં પોતાની આડકતરી કમાણી કરવા બેઠેલા ડૉક્ટરે લાંચ વગર કામ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી.

નાગરિક લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી, તેમણે હિંમત દાખવીને આ અંગે તાત્કાલિક એન્ટી કરપ્શન બ્યુરો (ACB) નો સંપર્ક કર્યો હતો અને ભ્રષ્ટ ડૉક્ટર વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એસીબીના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ હોસ્પિટલ પરિસરમાં જ એક સચોટ અને ગુપ્ત પ્લાનિંગ સાથે લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું.

જેવા ફરિયાદી લાંચની રકમ લઈને ડૉક્ટરની ચેમ્બરમાં પહોંચ્યા અને ડૉક્ટરે હેતુલક્ષી વાતચીત કરી લાંચના નાણાં હાથમાં લીધા.

## સુરત શહેરમાં સોશિયલ મીડિયા પર ભય કે અસામાજિક વાતાવરણ ઊભું કરનારા તત્વો સામે પોલીસની લાલ આંખ

સુરત

સુરત શહેરમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રીલ અને પોસ્ટના માધ્યમથી ભય, આતંક કે ધાર્મિક લાગણી દુભાવી સામાજિક સૌહાર્દ બગાડવાનો પ્રયાસ કરનારા અસામાજિક તત્વો સામે સુરત શહેર પોલીસે કડક વલણ અખત્યાર કર્યું છે. સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે સાયબર ક્રાઈમ સેલ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ને આવા શંકાસ્પદ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર બાજ નજર રાખવા અને તાત્કાલિક કાયદેસરના પગલાં ભરવા વિશેષ સૂચના આપી છે. છેલ્લા કેટલાક સમયથી પોલીસના ધ્યાને આવ્યું છે કે ગુનાહિત ઈતિહાસ ધરાવતા શખ્સો અને કેટલાક તત્વો સોશિયલ મીડિયા પર પોતાની ધાક જમાવવા માટે હથિયારોના પ્રદર્શન, જોખમી સ્ટંટ, ટ્રાફિક નિયમોના ભંગ, જાહેરમાં ફટાકડા ફોડવા કે વાહનો સાથે બર્થ-ડે સેલિબ્રેશન કરવા જેવા વિડિયો અને રીલ્સ પોસ્ટ કરી રહ્યા છે. આ પ્રકારના ભ્રામક અને ઉશ્કેરણીજનક કન્ટેન્ટના કારણે યુવા પેઢી ગેરમાર્ગે દોરાય છે અને સમાજમાં અસુરક્ષા તેમજ ભયનો માહોલ પેદા થાય છે, જે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ માટે પડકારરૂપ છે.

પોલીસ કમિશનરના આદેશ અનુસાર હવે સાયબર ક્રાઈમ સેલ અને SOG સંયુક્ત રીતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સનું ૨૪ કલાક મોનિટરિંગ કરશે. આ અંગે વિગતો આપતા અધિકારી રાજદીપસિંહ નકુમે જણાવ્યું હતું કે, "સોશિયલ મીડિયા પર સસ્તી પબ્લિસિટી મેળવવા માટે કાયદા અને નિયમોનું ઉલ્લંઘન કરતી રીલ્સ બનાવનારાઓ સામે વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. સમાજમાં ડરનું વાતાવરણ ઊભું કરનારા કન્ટેન્ટ ક્રિએટર્સને ઓળખી કાઢી તેમની સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે."

## રાજકોટમાં ઇન્સ્ટાગ્રામની મિત્રતા સગીરાને ભારે પડી

રાજકોટ

રંગીલું રાજકોટ આજે એક એવી શરમજનક અને હૃદયકંપાવી દેનારી ઘટનાથી ધ્રૂજી ઊઠ્યું છે, જેણે સોશિયલ મીડિયાના યુગમાં સંતાનોની સુરક્ષા પર મોટા સવાલો ઊભા કરી દીધા છે. શહેરમાં માત્ર ૧૫ વર્ષની એક સગીરા પર ઈન્સ્ટાગ્રામ (Instagram) ના માધ્યમથી ઓળખાણ કરીને સામૂહિક દુષ્કર્મ (Gangrape) ગુજારવામાં આવ્યું હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. આ મામલે પીડિતાની માતાની ફરિયાદના આધારે પોલીસે ૮ શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ચોપડે નોંધાયેલી વિગતો અનુસાર, ભોગ બનનાર ૧૫ વર્ષની કિશોરી થોડા સમય પહેલા ઈન્સ્ટાગ્રામ પર એક શખ્સના સંપર્કમાં આવી હતી. બંને વચ્ચે વાતોનો સિલસિલો શરૂ થયો અને ધીમે-ધીમે મિત્રતા પ્રેમમાં બદલાઈ ગઈ હતી. સગીરાની આ ભોળપણનો લાભ ઉઠાવીને આરોપીએ તેને મળવા માટે બોલાવી હતી. પ્રાથમિક માહિતી મુજબ, મુખ્ય આરોપી સગીરાને અવાવરૂ જગ્યાએ લઈ ગયો હતો, જ્યાં તેણે કિશોરી સાથે ખોટું કામ કર્યું હતું એટલું જ નહીં, પરંતુ તેના આપત્તિજનક ફોટા અને વીડિયો પણ ઉતારી લીધા હતા. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપીને મુખ્ય આરોપી અને તેના અન્ય મિત્રોએ પણ સગીરાને વારંવાર બ્લેકમેલ કરી જુદી-જુદી જગ્યાએ લઈ જઈ સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. સતત શારીરિક અને માનસિક ત્રાસના કારણે સગીરાની તબિયત અચાનક બગડી હતી અને તે ગુમસુમ રહેવા લાગી હતી. માતા-પિતાએ તેને વિશ્વાસમાં લઈને પૂછપરછ કરતાં, કિશોરીએ પોતાની સાથે બનેલી આ હૃદયદ્રાવક આપવીતી રડતા-રડતા કહી સંભળાવી હતી. દીકરીની વાત સાંભળીને પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

### અંકલેશ્વર GIDCમાં કાયદાના લીરેલીરા

# બુટલેગર રમેશની 'મોતની ફેક્ટરી' પર પોલીસના હપ્તા-મુજરા

### ગૃહમંત્રીના આદેશો અંકલેશ્વરની ગટરમાં! પોલીસ સ્ટેશનની નાકની નીચે પીરસાઇ રહ્યું છે કેમિકલયુક્ત સ્લો-પોઇઝન!

અંકલેશ્વર

ગાંધીનગરથી વહેતા દારૂબંધીના કડક આદેશો ભરૂચ જિલ્લાની સરહદમાં પ્રવેશતા જ દમ તોડી દે છે. ઉદ્યોગોની નગરી ગણાતું અંકલેશ્વર આજે બુટલેગરો, નશાખોરો અને કાયદો ખિસ્સામાં લઈને ફરતા તત્વો માટે સુરક્ષિત 'અભયારણ્ય' બની ગયું છે. અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનથી માંડ ૧ કિલોમીટરના અંતરે, સરેઆમ સીનાતાન કરીને દેશી દારૂનો કાળો કારોબાર ચલાવી રહેલો બુટલેગર રમેશ વસાવા જાણે સ્થાનિક પોલીસનો જમાઈ હોય તેમ કાયદાની મજાક ઉડાવી રહ્યો છે. ઉચ્ચ કક્ષાના આદેશોને બૂટની નીચે કચડીને અંકલેશ્વરની ભ્રષ્ટ ત્રિપુટી પોતાની તિજોરીઓ ભરવામાં મસ્ત છે.

અંકલેશ્વર GIDC અને રેલ્વે સ્ટેશનની પાછળનો આખો પટ્ટો અત્યારે ઝેરી નશાના નરકમાં ફેરવાઈ ચૂક્યો છે. ગલીએ-ગલીએ રમેશ વસાવાના મોતના સોદાગરો દુકાનો ખોલીને બેઠા છે. અહીં રોજીરોટી કમાવવા આવતા ગરીબ મજૂરો અને દેશનું ભવિષ્ય એવા યુવાનોની જિંદગીઓ આ અડ્ડાઓ પર હોમાઈ રહી છે. પરિવારો રસ્તા પર આવી ગયા છે, છતાં ખાખી વર્દી ધ્રૂજતી નથી. સવાલ એ છે કે, જનતાના ટેક્સના પૈસાથી પગાર મેળવતી પોલીસ કયા આકાઓના તળિયા ચાટવામાં વ્યસ્ત છે?

અંકલેશ્વરના આ આખા કાળા સામ્રાજ્યની કમાન રમેશ વસાવાના મુખ્ય શાર્પ વહીવટદાર 'દત્તુ'ના હાથમાં છે.

કાયદો દત્તુની ગજવે: પોલીસ બેડામાં ચર્ચા છે કે અંકલેશ્વર પોલીસથી લઈને ભરૂચ LCB સુધી મહિનાની લાખો-કરોડોની 'મલાઈ' (હપ્તો) પહોંચાડવાનું સેન્ટ્રલ કનેક્શન આ 'દત્તુ' જ સંભાળે છે. જ્યારે કાયદાના રક્ષકો જ એક બુટલેગરના વહીવટદારના ટુકડા પર પલળવા માંડે, ત્યારે સામાન્ય જનતાએ




ન્યાયની ભીખ કોની પાસે માંગવી?

જિલ્લામાં માત્ર દેશી દારૂ જ નહીં, વિદેશી દારૂ, ગાંજો, અફીણ અને જુગારધામો બેરોકટોક ધમધમી રહ્યા છે. સૌથી શરમજનક બાબત એ છે કે, જો કોઈ દેશભક્ત નાગરિક પોતાની ફરજ સમજીને ભરૂચ LCBના પીઆઈ (PI)ને બાતમી આપે, તો આ ભ્રષ્ટ સાહેબ એ બાતમી સીધી બુટલેગરોને વેચી મારે છે! ખાખીના પ્રોટેક્શન હેઠળ બુટલેગરો બાતમીદારને શોધીને ઢોર માર મારે છે. આ રક્ષકો છે કે બુટલેગરોના પાળેલા ગુંડા? આવા ભ્રષ્ટ અધિકારીઓને સસ્પેન્ડ કરવાને બદલે કેમ છાવરવામાં આવી રહ્યા છે?

આશંકા છે કે અંકલેશ્વર GIDCની ફેક્ટરીઓમાંથી નીકળતા અત્યંત જોખમી અને ઝેરી કેમિકલનો ઉપયોગ કરીને આ દેશી દારૂ ઉકાળવામાં આવી રહ્યો છે.

**વહીવટદાર 'દત્તુ'ના ઈશારે નાચે છે કાયદાના રક્ષકો!**

અંકલેશ્વર પોલીસ જાણે કોઈ મોટા લઠ્ઠાકાંડની અને માસૂમોની લાશોની રાહ જોઈને બેઠી હોય તેવું સ્પષ્ટ દેખાય છે. કાલે સવારે જો અંકલેશ્વરની ધરતી પર લાશોના ઢગલા થશે, તો તેનો અસલી ગુનેગાર કોણ?

અંકલેશ્વર જી આઇ ડી સી પોલીસ સ્ટેશનના પી આઈ ઠાકોરના પેટનું પાણી હલતું નથી. વિસ્તારમાં ગમે તેટલો ગેરકાયદેસર કાળો કારોબાર ચાલે, ગમે ત્યારે લઠ્ઠાકાંડ થાય, તેમને કોઈ ફરક પડતો નથી; કારણ કે તેમનું ધ્યાન ફક્ત 'વહીવટ' પર છે.

બીજી તરફ, ભરૂચ એલ સી બી પી આઈ ને તો અત્યારે લીલાલહેર છે. સૂત્રોના પાકા અહેવાલો મુજબ, આ સાહેબને મહિને ૧૦ થી ૧૨ લાખ રૂપિયાનો મસમોટો હપ્તો કાયદેસર પહોંચી જાય છે. આખા ભરૂચ જિલ્લાના પોલીસ બેડામાં અત્યારે સરેઆમ ચર્ચા છે કે, આ એલ સી બી પી આઈ તો જાણે જિલ્લાના એસ પી (SP)ના 'કમાતા દીકરા' હોય તેમ બેખોફ બનીને હપ્તાખોરીનું નેટવર્ક ચલાવી રહ્યા છે!

'પાક્કો ગુજરાત'નો આખરી અને સણસણતો સવાલ:

શું ભરૂચ જિલ્લા પોલીસવડા પોતાની કુંભકર્ણની નિંદ્રામાંથી જાગીને આ 'કમાતા દીકરાઓ' પર લગામ કસશે? શું મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના આદેશોનું સરેઆમ લીલામ કરનારા અંકલેશ્વરના ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ, બુટલેગર રમેશ અને વહીવટદાર દત્તુને જેલના સળિયા પાછળ ધકેલશે? જનતા હવે આ ખાખીધારી ભ્રષ્ટાચારીઓ સામે કડક પગલાંની રાહ જોઈ રહી છે!

## ફિલ્મ અને વેબ સિરીઝને ટક્કર મારતી સુરેન્દ્રનગરની મર્ડર મિસ્ટ્રી

### પતિ-સંતાનોને છોડી જેઠ સાથે ભાગેલી મહિલાએ પ્રેમી સાથે મળી જેઠનું જ ઢીમ ઢાળી દીધું!

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના સોલડી ગામમાં બનેલી એક ઘટનાએ બોલિવૂડની સસ્પેન્સ-થ્રિલર ફિલ્મો અને વેબ સિરીઝની સ્ક્રિપ્ટોને પણ પાછળ છોડી દીધી છે. સોલડી ગામમાં થોડા સમય પહેલાં થયેલી શાંતિગીરી ગોસ્વામી નામના યુવકની રહસ્યમય હત્યાનો ભેદ ઉકેલવામાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. પ્રેમ, દગો, હવસ અને લોહીના ખેલથી ખરડાયેલી આ મર્ડર મિસ્ટ્રીનો પર્દાફાશ કરીને ક્રાઈમ બ્રાન્ચે મુખ્ય સૂત્રધાર એવી મહિલા જાગૃતિ અને તેના કથિત પ્રેમી કાંતિ ઉર્ફે ભરત સાબરિયાની ધરપકડ કરી લીધી છે.

આ ગુનાની ક્રાઈમ કુંડળી ખોલતા જે વિગતો સામે આવી છે તે સભ્ય સમાજને ચોંકાવી દે તેવી છે. આરોપી મહિલા જાગૃતિ પોતાના પતિ અને માસૂમ સંતાનોને તરછોડીને પોતાના જ સગા જેઠ એટલે કે શાંતિગીરી ગોસ્વામી સાથે પ્રેમસંબંધ બાંધીને ભાગી ગઈ હતી. બંને ઘર-બાર છોડીને સાથે રહેવા લાગ્યા હતા. શાંતિગીરીને એમ હતું કે જાગૃતિ માત્ર તેને જ પ્રેમ કરે છે, પરંતુ જાગૃતિના મગજમાં કંઈક અલગ જ ખીચડી રાંધવામાં આવી રહી હતી.

જેઠ શાંતિગીરી સાથે રહેતી વખતે જાગૃતિની મુલાકાત શાંતિગીરીના જ મિત્ર કાંતિ ઉર્ફે ભરત સાબરિયા સાથે થઈ હતી. સમય જતાં જાગૃતિ અને ભરત વચ્ચે આંખ મળી ગઈ અને બંને વચ્ચે અનૈતિક આડા સંબંધો બંધાયા હતા. આ નવા આડા સંબંધોમાં શાંતિગીરી હવે પથ્થર સમાન નડતરરૂપ બની રહ્યો હતો. જાગૃતિ અને તેના નવા પ્રેમી ભરતને મુક્ત થઈને સાથે જીવવું હતું, જેના આખરી રસ્તા તરીકે બંનેએ મળીને શાંતિગીરીને રસ્તામાંથી કાયમ માટે હટાવી દેવાનું એક ખોફનાક અને લોહિયાળ ષડયંત્ર ઘડી કાઢ્યું.

આયોજન મુજબ, તક મળતાં જ જાગૃતિ અને તેના પ્રેમી કાંતિ ઉર્ફે ભરતે મળીને શાંતિગીરી ગોસ્વામી પર ઘાતક હુમલો કરી તેનું ઢીમ ઢાળી દીધું હતું. હત્યા કર્યા બાદ બંને આરોપીઓ કાયદાના હાથથી બચવા માટે ભૂગર્ભમાં ઉતરી ગયા હતા અને પોલીસને ગેરમાર્ગે દોરવાના અનેક પ્રયાસો કર્યા હતા.

### કેન્દ્ર સરકારના હેલ્થ રિપોર્ટથી ગુજરાતની ભાજપ સરકારની પોલ ખુલી

## પ્રજા સરકારી હોસ્પિટલ છોડી ખાનગીના શરણે જવા મજબૂર!

અમદાવાદ

કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા હાઉસહોલ્ડ સોશિયલ કન્ઝમ્પ્શન: હેલ્થ નામના સત્તાવાર અહેવાલે ગુજરાત રાજ્યની જાહેર આરોગ્ય વ્યવસ્થાની કથળતી સ્થિતિ અને આર્થિક અસમાનતાનો મોટો પર્દાફાશ કર્યો છે. આ રિપોર્ટના આધારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડોક્ટર પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ રાજીવ ગાંધી ભવન ખાતે એક વિશેષ પત્રકાર પરિષદને સંબોધિત કરી હતી. તેમણે આંકડાઓ સાથે આક્ષેપ કર્યો હતો કે ગુજરાતની ભાજપ સરકારની જાહેર આરોગ્ય સેવાઓને ખાનગી કંપનીઓને સોંપી દેવાની નીતિના કારણે સામાન્ય નાગરિકો લૂંટાઈ રહ્યા છે અને સારવાર માટે દેવાદાર બની રહ્યા છે.



ડોક્ટર કઠવાડીયાએ જણાવ્યું હતું કે કોંગ્રેસના શાસનકાળ દરમિયાન બનેલી સરકારી હોસ્પિટલો આજે તંત્રની ઉદાસીનતાને કારણે બેહાલ સ્થિતિમાં છે. સુવિધાઓનો અભાવ અને ડોક્ટરોની મોટા પાયે ઘટ હોવાને કારણે ગુજરાતની જનતા સરકારી સીએચસી અને પીએચસી કેન્દ્રો છોડીને મોંઘી ખાનગી હોસ્પિટલોમાં જવા મજબૂર બની છે.

કેન્દ્ર સરકારના અહેવાલ મુજબ, ગુજરાતમાં હોસ્પિટલમાં દાખલ થઈને સારવાર લેતા ગ્રામીણ વિસ્તારના દર્દીઓનો સરેરાશ ખર્ચ ૨૮,૫૧૬ રૂપિયા છે, જ્યારે શહેરી વિસ્તારમાં આ ખર્ચ વધીને ૫૩,૭૪૭ રૂપિયા સુધી પહોંચી જાય છે.

બાળકના જન્મ સિવાયના અન્ય રોગોની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓની ટકાવારી જોઈએ તો, ગ્રામ્ય વિસ્તારના માત્ર ૨૮.૨ ટકા દર્દીઓ જ સરકારી હોસ્પિટલમાં જાય છે, જ્યારે ૫૯.૫ ટકા દર્દીઓ ખાનગી અને ૧૨.૩ ટકા ચેરિટેબલ હોસ્પિટલનો આશરો લે છે. શહેરી વિસ્તારની સ્થિતિ વધુ ગંભીર છે, જ્યાં માત્ર ૨૩.૫ ટકા દર્દીઓ સરકારી હોસ્પિટલમાં દાખલ થાય છે, જ્યારે ૬૯.૫ ટકા દર્દીઓ ખાનગી અને ૭.૦ ટકા દર્દીઓ ચેરિટેબલ હોસ્પિટલોમાં મોંઘી સારવાર લેવા મજબૂર બન્યા છે.

પત્રકાર પરિષદના અંતમાં કોંગ્રેસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ રિપોર્ટ સાબિત કરે છે કે ગુજરાત મોડલની વાતો વચ્ચે સામાન્ય ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે સ્વાસ્થ્ય સેવાઓ અત્યંત મોંઘી અને સામાન્ય નાગરિકની પહુંચ બહાર થઈ ગઈ છે.

**સરકારી હોસ્પિટલોમાં સુવિધાનો અભાવ અને ડૉક્ટરોની અછતને કારણે જાહેર આરોગ્ય સેવા પરથી જનતાનો વિશ્વાસ ઉઠ્યો**

ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં જોવા મળતી આ આર્થિક અસમાનતા નાગરિકો માટે ચિંતાનો વિષય છે અને સરકારે તાત્કાલિક સરકારી હોસ્પિટલોનું માળખું સુધારી ડોક્ટરોની ભરતી કરવી જોઈએ જેથી જનતાને ખાનગી હોસ્પિટલોમાં લૂંટાવા ન જવું પડે.

### ગૂગલ મેપના સેટેલાઇટ વિઝ્યુઅલમાં શોકિંગ ખુલાસો

## જૂનાગઢના ભાટ ગામમાં 150 ગેરકાયદે ધોલાઈ ઘાટ : કેમિકલથી નદીઓ બની લીલી-કાળી..!!

જૂનાગઢ

રાજકોટ જિલ્લાનું જેતપુર શહેર તેના વિશ્વ વિખ્યાત સાડી ઉદ્યોગ માટે ઓળખાય છે. છેલ્લા ૭૦ વર્ષથી અહીં સાડી પ્રિન્ટિંગ અને ડાઈંગનો ઉદ્યોગ ધમધમી રહ્યો છે અને હજારો લોકોને રોજગારી આપે છે.

પરંતુ, આ સાત દાયકાની ભવ્યતા પાછળ એક એવું કાળું અને ઝેરી સત્ય છુપાયેલું છે, જેણે હવે આસપાસના ગ્રામીણ વિસ્તારોનો શ્વાસ રૂંધી નાખ્યો છે. સાડી ઉદ્યોગના ઝેરી કેમિકલયુક્ત પાણીના પ્રદૂષણનો દાયકાઓથી કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. હવે આ પ્રદૂષણની આગ જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના ભાટ ગામ સુધી પહોંચી ગઈ છે, જ્યાં ૧૫૦થી વધુ ગેરકાયદેસર ધોલાઈ ઘાટો ધમધમી રહ્યા હોવાનો ગૂગલ મેપ (Google Map) ના સેટેલાઈટ ચિત્રોમાં ચોંકાવનારો ખુલાસો થયો છે.

ભેસાણના ભાટ ગામ અને તેની આસપાસના વિસ્તારોની સ્થિતિ ગૂગલ મેપના સેટેલાઈટ વ્યુમાં જોતાં જ રૂંવાડા ઊભા થઈ જાય તેમ છે. આકાશમાંથી લેવાયેલી તસવીરોમાં સ્પષ્ટ દેખાય છે કે સ્થાનિક નદીઓ અને જળાશયો કુદરતી રંગ ગુમાવીને સાડીઓના કેમિકલને કારણે લીલા અને કાળા રંગના ઝેરી વહેણમાં ફેરવાઈ ગયા છે. તંત્રની આંખમાં ધૂળ નાખીને અથવા તો ભ્રષ્ટ અધિકારીઓની રહેમનજર હેઠળ અહીં ૧૫૦થી વધુ ગેરકાયદે ધોલાઈ ઘાટો ઊભા કરી દેવામાં આવ્યા છે, જ્યાં સાડીઓ ધોઈને તેનું ઝેરી કેમિકલ સીધું જ ખુલ્લી નદીઓ અને જમીન પર વહાવી દેવામાં આવે છે.

કેમિકલયુક્ત પાણી સતત જમીનમાં ઉતરવાના કારણે ભાટ ગામ અને આસપાસના વિસ્તારોના ભૂગર્ભ જળ સંપૂર્ણપણે દૂષિત થઈ ચૂક્યા છે. સ્થાનિક ખેડૂતોની હજારો વીઘા ફળદ્રુપ જમીન આજે બંજર (વેરાન) બની ગઈ છે, જેમાં કશું પાકતું નથી. એટલું જ નહીં, આ પ્રદૂષિત પાણીના કારણે ગામમાં કેન્સર, ચામડીના રોગો અને કિડનીની ગંભીર બીમારીઓએ ભરડો લીધો છે.

કૂવા અને બોરના પાણી પણ હવે રંગીન અને કેમિકલવાળા નીકળી રહ્યા છે, જેનાથી પશુધન પણ મોતના મુખમાં ધકેલાઈ રહ્યું છે.

આ ગંભીર પરિસ્થિતિ અંગે સ્થાનિકોની ઉગ્ર રજૂઆતો બાદ સત્તાધારી પક્ષ ભાજપના જ સ્થાનિક ધારાસભ્યે મીડિયા સમક્ષ ચોંકાવનારી કબૂલાત કરી છે. તેમણે જાહેરમાં સ્વીકાર્યું છે કે,

'આ વિસ્તારમાં પ્રદૂષણની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. ભૂગર્ભ જળ એટલા હદે દૂષિત થઈ ગયા છે કે અહીંનું પાણી હવે સહેજ પણ પીવાલાયક રહ્યું નથી. આસપાસના ધોલાઈ ઘાટો અને ફેક્ટરીઓ સામે કડક પગલાં લેવા જરૂરી બન્યા છે.'

### 80 કરોડનો સ્માર્ટ રોડ પ્રોજેક્ટ અધ્ધરતાલ

## ટેન્ડરની શરતોનો સરેઆમ ભંગ થતાં ઉત્તરના ધારાસભ્યની કમિશનરને રજૂઆત

ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટી અંતર્ગત શહેરમાં સૌપ્રથમ સ્માર્ટ રોડ તરીકે વિકસાવવા માટે મંજૂર કરાયેલા રોડ નંબર 6 અને 7ની કામગીરીમાં ગંભીર અનિયમિતતાઓ સામે આવી છે. ટેન્ડરની શરતો મુજબ સ્થળ પર કોઈ કામગીરી ન થઈ હોવાની ચોંકાવનારી વિગતો સાથે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલે કમિશનરને લેખિત રજૂઆત કરી યોગ્ય કાર્યવાહીની માંગ કરી છે. ગુજરાતના પાટનગર ગાંધીનગરને સ્માર્ટ સિટી બનાવવાના દાવાઓ વચ્ચે વહીવટીતંત્રની ઘોર બેદરકારી અને આયોજનના અભાવનો વધુ એક મોટો પ્રોજેક્ટ ઘોંચમાં પડ્યો હોવાની સ્થિતિ ઉભી થઈ છે. કેમકે ટેન્ડરની શરતો મુજબ સ્થળ પર કોઈ યોગ્ય કામગીરી ન થઈ હોવાની ગંભીર વિગતો સામે આવતા ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલે ખુદ કમિશનરને લેખિત રજૂઆત કરી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સાત વર્ષ અગાઉ બજેટમાં રોડ નંબર-6, રોડ નંબર-7 અને ગ - રોડને સિક્સલેન એટલે કે છ માર્ગીય બનાવવા માટે રૂપિયા 80 કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી હતી. તત્કાલીન સમયે ચાર માર્ગીય એવા આ ત્રણેય મહત્વના રસ્તાઓને આધુનિક ઓપ આપવાનું આયોજન હતું. જેમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા રસ્તા પહોળા કરવાની સાથે પર્યાવરણ અને ફિટનેસને પ્રોત્સાહન આપવા રસ્તાની બંને બાજુ સ્પેશિયલ સાયકલ ટ્રેક અને ફૂટપાથ બનાવવાનું નક્કી કરાયું હતું. આ પ્રોજેક્ટમાં સૌથી અનોખું આયોજન અંડરગ્રાઉન્ડ સર્વિસ ડક્ટનું હતું.

જેમાં રસ્તાની બાજુમાં એક જ ચેનલ બનાવી તેમાંથી જ વીજળીના વાયરો, ટેલિફોન કેબલ, ગટર અને પાણીની લાઈનો પસાર કરવાની હતી જેથી ભવિષ્યમાં વારંવાર રોડ ખોદવો ન પડે. પરંતુ એજન્સી દ્વારા આ કામગીરી તદ્દન અધકચરી અને હલકી ગુણવત્તાની કરીને અધવચ્ચે જ છોડી દેવામાં આવી હોવાની સ્થાનિકોમાં બુમરાણ છે.જેના કારણે કરોડોનો ખર્ચ કરવા છતાં શહેરીજનોને તેનો કોઈ લાભ મળ્યો નથી અને જનતાના ટેક્સના પૈસા પાણીમાં ગયા છે. ત્યારે ઉત્તર ધારાસભ્ય રીટાબેન પટેલે કમિશનર સમક્ષ લેખિતમાં રજૂઆત કરી છે કે, અક્ષરધામથી મહાત્મા મંદિર સુધીના મહત્વના રોડ નંબર 6 અને 7 પર ટેન્ડરની શરતો કે મંજૂર થયેલી ડિઝાઈન મુજબ કોઈ કામ થયું નથી. વધુમાં તેમણે એવી પણ મજબૂત ભલામણ કરી છે કે અક્ષરધામથી મહાત્મા મંદિર સુધીના આ આખા વીઆઈપી પટ્ટાને આધુનિક ફૂટપાથ, ડેકોરેટીવ ગ્રીલ અને ગ્રીન સ્પેસ એટલે કે હરિયાળીની યોગ્ય ડિઝાઈન સાથે મોડર્ન સ્ટ્રીટ તરીકે રીડેવલપ કરવામાં આવે.

જોકે રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે જો આ પ્રોજેક્ટની ટેકનિકલ અને નાણાકીય તપાસ કોઈ નિષ્પક્ષ એજન્સીને સોંપવામાં આવે તો ગાંધીનગર મનપાના અનેક વગદારોના નામ બહાર આવી શકે તેમ છે અને આ જ કારણસર અત્યાર સુધી તંત્ર દ્વારા આ મામલે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હતા.

## ઈરાનની ધમકીથી દુનિયાભરમાં ફફડાટ

# ‘દરિયામાં નાંખેલા કેબલ પર ટેક્સ આપો, નહીં તો ઈન્ટરનેટ ઠપ કરી દઈશું’ : ઈરાન

નવી દિલ્હી

દુનિયાભરમાં આ સમયે સ્થિતિ ખૂબ જ ઝડપથી બદલાઈ રહી છે. ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા તણાવની અસર હવે માત્ર યુદ્ધના મેદાન સુધી સીમિત નથી રહી, પરંતુ તેની અસર ક્રૂડ ઓઈલની કિંમતોથી લઈને ગ્લોબલ સપ્લાય અને ઈન્ટરનેટ સુધી પહોંચી ગઈ છે. આ જ કારણ છે કે હવે આ જંગ માત્ર બે દેશોની લડાઈ નથી રહી, પણ આખી દુનિયા માટે મોટી મુશ્કેલી બની ગઈ છે. સૈન્ય કાર્યવાહીથી શરૂ થયેલો આ વિવાદ હવે ધીમે-ધીમે સામાન્ય લોકોની જિંદગીના દરેક હિસ્સાને પ્રભાવિત કરી રહ્યો છે. ઓઈલ અને બજાર પર અસર બાદ હવે દુનિયા સામે એક નવી ચિંતા આવી છે અને તે છે ઈન્ટરનેટ. હવે ઈન્ટરનેટ પણ દબાણ લાવવા માટેનું એક મોટું હથિયાર બની શકે છે. હાલમાં જ ઈરાનના સૈન્ય પ્રવક્તા ઈબ્રાહિમ જોલ્ફાઘરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક મોટી વાત કહી છે. તેમણે જણાવ્યું કે હવે તેઓ ઈન્ટરનેટ કેબલ પર ટૅરિફ લગાવશે. આનો અર્થ એ થયો કે સમુદ્રની નીચે બિછાવેલી ઈન્ટરનેટ કેબલનો ઉપયોગ કરવા માટે દુનિયાની કંપનીઓએ ઈરાનને પૈસા ચૂકવવા પડી શકે છે. આ ચિંતાજનક બાબત છે, કારણ કે દુનિયાનું મોટાભાગનું ઈન્ટરનેટ આ જ કેબલ પર ચાલે છે. આપણે જે ઈન્ટરનેટ વાપરીએ છીએ, તે વાસ્તવમાં સમુદ્રની નીચે બિછાવેલી ફાઈબર કેબલ દ્વારા એક દેશને બીજા દેશ સાથે જોડે છે. આ આખા મામલાને સમજવા માટે જ્યારે ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું, ત્યારે સામે આવ્યું કે ’સ્ટ્રેટ ઓફ હોર્મુજ’ની નીચે ઈન્ટરનેટ કેબલનું એક બહુ મોટું નેટવર્ક આવેલું છે. આ વિસ્તાર માત્ર ઓઈલના સપ્લાય માટે જ નહીં, પરંતુ ડિજિટલ દુનિયા માટે પણ અત્યંત મહત્ત્વનો છે. ઈન્ટરનેશનલ સંસ્થાના ડેટાના આધારે તપાસ કરી તો જાણવા મળ્યું કે, આ વિસ્તારમાંથી FALCON, GBICS, 2Africa, SeaMeWe 6 અને AAE 1 જેવી ઘણી મોટી ઈન્ટરનેટ કેબલ્સ પસાર થાય છે, જે એશિયા, આફ્રિકા અને યુરોપ વચ્ચેના ઈન્ટરનેટ ટ્રાફિકને સંભાળે છે. જો આ વિસ્તારમાં કોઈ મુશ્કેલી ઊભી થાય, તો તેની સીધી અસર કેટલાય દેશો પર એકસાથે પડી શકે છે.




## સમુદ્રમાં વધશે ભારતની તાકાત

# રૂ.70 હજાર કરોડની મેગા સબમરીન ડીલથી ચીન-પાકિસ્તાનની ઊંઘ હરામ!

નવી દિલ્હી

કેન્દ્ર સરકાર સમુદ્રમાં ભારતીય નૌકદાળની તાકાતમાં વધારો કરવા માટે સૌથી મોટી સંરક્ષણ ડીલને અંતિમ રૂપ આપવાની તૈયારી શરૂ કરી દીધી છે. રિપોર્ટ મુજબ, સરકાર પ્રોજેક્ટ-75 ઈન્ડિયા હેઠળ 6 સબમરીન ખરીદવાની ડીલને સપ્ટેમ્બરમાં મંજૂરી આપી શકે છે. તેની કુલ કિંમત લગભગ 70,000 કરોડ રૂપિયા હશે. આ મંજૂરી પહેલા આંતર-મંત્રાલય ગ્રૂપની આ મહિનાના અંતે બેઠક યોજાશે, જેમાં સબમરીન ખરીદવાની પ્રક્રિયાને અંતિમ રૂપ આપે તેવી સંભાવના છે.

ભારતના આ પ્રોજેક્ટમાં મુંબઈની કંપની મઝગાંવ ડૉકયાર્ડ શિપ બિલ્ડર્સ લિમિટેડના વ્યૂહાત્મક ભાગીદારી હશે. કંપની જર્મનીની થિસેનક્રુપ મરીન સિસ્ટમ સાથે મળીને સબમરીન તૈયાર કરશે. આ ઉપરાંત જર્મની સમજૂતી મુજબ ભારતને સબમરીનની ડિઝાઈન અને ટૅક્નોલૉજી પણ આપશે. ત્યારપછી આત્મનિર્ભર ભારતમાં જ તેનું નિર્માણ કરાશે. આ



સમજૂતી પર હસ્તાક્ષર થશે પછી સાત વર્ષ બાદ પહેલી સબમરીન મળશે. તે પછી દર વર્ષે નવી સમબરીન નૌકાદળને સોંપવામાં આવશે.

તમામ સબમરીનમાં એર ઈન્ડિપેન્ડન્ટ પ્રોપલ્શન (AIP) ટૅક્નોલૉજી સામેલ હશે. આ ટૅક્નોલૉજીની ખાસીયત એ છે કે, સબમરીન લાંબો સમય સુધી પાણીમાં રહી શકે છે. સામાન્ય ડીઝલ-ઈલેક્ટ્રિક સબમરીને બેટરી ચાર્જ કરવા માટે ઉપર આવવું પડે છે, જેના કારણે દુશ્મન સરળતાથી તે સબમરીનને પકડી પાડે છે, જોકે હવેની સબમરીનમાં આ AIP ટૅક્નોલૉજીના કારણે દુશ્મન દેશો તેને પકડી પણ નહીં શકે.

ભારત પાસે અત્યાધુનિક AIP ટૅક્નોલૉજીથી સજ્જ એકપણ સબમરીન નથી. હાલ ભારતીય નૌકાદળ પાસે લગભગ 16 પરંપરાગત સબમરીન છે, જેમાંથી 10 ઘણી જૂની થઈ ગઈ હોવાથી નિવૃત્ત થવાની સ્થિતિમાં છે. બીજીતરફ દુશ્મન દેશ પાકિસ્તાન ઝડપથી સમુદ્રી શક્તિ વધારી રહ્યો છે. ગયા વર્ષે પાકિસ્તાને ચીનની મદદથી ચોથી એઆઈપી સબમરીન સેનામાં સામેલ કરી છે. આગામી સમયમાં પાકિસ્તાન પાસે 11 એઆઈપી સબમરીન હોઈ શકે છે.

# મંદિરોના સોનાને લઈને ફેલાઈ રહેલી અફવાઓ પર સરકારએ કરી સ્પષ્ટતા

## સરકાર પાસે મંદિરોના સોનાને મોનેટાઇઝ કરવાની કોઇ યોજના નથી : કેન્દ્ર સરકાર

નવી દિલ્હી

દેશભરમાં છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા તેમજ કેટલાક મીડિયા અહેવાલોમાં એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે, કેન્દ્ર સરકાર હવે મંદિરો અને ધાર્મિક સંસ્થાઓ પાસે રહેલા સોનાને મોનેટાઈઝ કરવાની યોજના બનાવી રહી છે. આ સાથે એવો પણ દાવો કરાયો હતો કે, મંદિરોનું આ સોનું દેશના “સ્ટ્રેટેજિક ગોલ્ડ રિઝર્વ”નો ભાગ બની શકે છે. જોકે, હવે કેન્દ્ર સરકારે આ તમામ દાવાઓને સંપૂર્ણપણે પાયાવિહોણા અને ખોટા ગણાવ્યા છે. કેન્દ્ર સરકારના નાણાં મંત્રાલયે આ અંગે સત્તાવાર સ્પષ્ટતા જાહેર કરતા જણાવ્યું છે કે, સરકાર પાસે મંદિરોના સોનાને મોનેટાઈઝ કરવાની કોઈ યોજના નથી. મંત્રાલયે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, મંદિર ટ્રસ્ટો પાસે રહેલા સોનાના બદલામાં કોઈ ગોલ્ડ બોન્ડ



જાહેર કરવાની કે તે સોનાનો સરકારના રિઝર્વ માટે ઉપયોગ કરવાની કોઈ જ ચર્ચા કે પ્રક્રિયા ચાલી રહી નથી. સોશિયલ મીડિયા પર કેટલીક પોસ્ટ્સ અને અહેવાલો દ્વારા એવો ભ્રામક દાવો કરવામાં આવ્યો હતો કે, સરકાર દેશભરના મોટા મંદિરોના સોનાને દેશના સ્ટ્રેટેજિક ગોલ્ડ રિઝર્વમાં સામેલ કરવા વિચારી રહી છે. આ અફવાઓમાં ખાસ કરીને મંદિરના ગોપુરમ, ગર્ભગૃહના દરવાજા અને અન્ય ધાર્મિક માળખાઓ પર જડેલા સોનાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ પ્રકારના દાવાઓને કારણે શ્રદ્ધાળુઓમાં ગેરસમજ ફેલાઈ હતી અને ધાર્મિક સંસ્થાઓમાં પણ ચિંતાની લાગણી સાથે ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. પરિસ્થિતિની ગંભીરતાને જોતા નાણાં મંત્રાલયે તાત્કાલિક આગળ આવીને આ અંગે સત્તાવાર નિવેદન જાહેર કરવું પડ્યું છે.

# UAPAના 90 ટકાથી વધુ મામલામાં આરોપીઓ નિર્દોષ છૂટે છે : સુપ્રીમ

નવી દિલ્હી

યુએપીએ કાયદા હેઠળ ધરપકડ કરાયેલા આરોપીઓના જામીન અંગે સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ અવલોકન કર્યું છે. સુપ્રીમે કહ્યું છે કે જામીન એ નિયમ છે જ્યારે જેલ અપવાદ છે. આ પહેલા યુએપીએ હેઠળ ધરપકડ કરાયેલા અને પાંચ વર્ષથી કેદ ઉમર ખાલિદને અગાઉ સુપ્રીમ કોર્ટે જામીન આપવાની ના પાડી તે ચુકાદાની વર્તમાન બેંચે ટિકા કરી હતી અને આ સ્પષ્ટતા કરી હતી. આ સાથે જ યુએપીએ હેઠળ થતી ધરપકડો અને દોષિત ઠેરવવાના દર વચ્ચેના અંતર અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. એક યુએપીએના આરોપીના જામીન મંજૂર કરતી વખતે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બીવી નાગરત્ના અને ઉજ્જલ ભુયાનની બેંચે કહ્યું હતું કે યુએપીએ હેઠળ કેસ હોય તો પણ જામીન એ નિયમ અને જેલ અપવાદનો સિદ્ધાંત લાગુ પડે.

# ભારતમાં નિયમો બદલાયા : નાગરિકતા મેળવવા આ 3 દેશોનો પાસપોર્ટ સરન્ડર કરવો ફરજિયાત

## CAA હેઠળ ભારતની નાગરિકતા મેળવવા માટે અરજી કરનારાઓના નિયમોમાં સુધારો કર્યો

નવી દિલ્હી

ભારત સરકારે ત્રણ દેશોના નાગરિકોને લઈ પાસપોર્ટ નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે 18 મે, 2026ના રોજ સત્તાવાર નોટિફિકેશન જાહેર કરીને સ્પષ્ટ કર્યું છે કે, જો ભારતની નાગરિકતા જોઈતી હોય તો પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનના નાગરિકોએ ફરજિયાત પાસપોર્ટ સરન્ડર કરવો પડશે અથવા તેની વિગતો જાહેર કરવી પડશે. વાસ્તવમાં કેન્દ્ર સરકારે નાગરિકતા સુધારા કાયદા (CAA) હેઠળ ભારતની નાગરિકતા મેળવવા માટે અરજી કરનારાઓના નિયમોમાં






સુધારો કર્યો છે. આ નિયમો ત્રણેય પડોશી દેશોમાંથી આવેલા હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી સમુદાયના પ્રવાસીઓ પર લાગુ થશે. નવા નિયમ મુજબ હવે અરજદારોએ એક એફિડેવિટ આપીને જાહેર કરવું પડશે કે તેમની પાસે હાલમાં અથવા ભૂતકાળમાં આ દેશોનો પાસપોર્ટ હતો કે નહીં. કેન્દ્ર સરકારે નાગરિકતા નિયમો, 2009ની અનુસૂચિ IC (Schedule IC) માં સુધારો કરીને નવો પ્રસ્તાવ નોટિફાઈ કર્યો છે. અરજદારે માહિતી આપવી પડશે કે, શું તેમની પાસે ત્રણેય દેશોમાંથી કોઈનો વેલિડ (માન્ય) અથવા એક્સપાયર્ડ (મુદત પૂરી થયેલી) પાસપોર્ટ છે. જો અરજદાર પાસે આવો પાસપોર્ટ હોય તો તેમણે તેની સંપૂર્ણ માહિતી આપવી પડશે; જેમ કે પાસપોર્ટ નંબર, જારી કરાયાની તારીખ અને સ્થળ તેમજ એક્સપાયરી ડેટ. અરજદારોએ નાગરિકતાની મંજૂરી મળ્યાના 15 દિવસની અંદર પોતાના બંને પ્રકારના (વેલિડ અને એક્સપાયર્ડ) પાસપોર્ટ સંબંધિત સિનિયર સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ અથવા સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ પાસે સરન્ડર કરવાની સંમતિ આપવી પડશે.

# ‘જરૂર પડે તો હડકાયા કૂતરાઓને દયા મૃત્યુ આપો...’ : સુપ્રીમે ડોગ લવર્સની અરજીઓ ફગાવી

ઈટાનગર

દેશભરમાં કૂતરા કરડવાના બનાવો અને માસૂમ બાળકો તેમજ વૃદ્ધો પર થઈ રહેલા જીવલેણ હુમલા અંગે સુપ્રીમ કોર્ટે આજે એક અત્યંત કડક અને મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે નવેમ્બર 2025ના જૂના આદેશમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે, જેમાં સ્કૂલ-કૉલેજ, હૉસ્પિટલ, બસ-રેલવે સ્ટેશન સહિતના જાહેર સ્થળો પરથી રખડતા કૂતરા હટાવીને શેલ્ટર હોમમાં મોકલવાનો આદેશ અપાયો હતો. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્ય કાંતની બેન્ચે આકરું વલણ અપનાવતા



કહ્યું કે, કોર્ટ દેશની આવી ગંભીર અને કડવી વાસ્તવિકતા સામે આંખો બંધ રાખી શકે નહીં. રખડતા કૂતરાના હુમલા હવે દેશમાં એક ગંભીર પબ્લિક સેફ્ટીનો મુદ્દો બની ગયા છે. દેશભરમાંથી એવા અહેવાલો આવી રહ્યા છે જ્યાં નાના બાળકોને કૂતરાઓએ ફાડી ખાધા હોય, વૃદ્ધો પર જીવલેણ હુમલા થયા હોય અને ભારત ફરવા આવેલા વિદેશી પ્રવાસીઓ પણ આનો ભોગ બન્યા હોય. ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ એટલી ખરાબ છે કે રખડતા કૂતરાઓનો ત્રાસ હવે ઍરપૉર્ટ અને હાઈપ્રોફાઈલ રેસિડેન્શિયલ એરિયા સુધી પહોંચી ગયો છે.

કોર્ટે સરકાર અને તંત્રની નબળી કામગીરી પર ભારે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે ટિપ્પણી કરી કે જમીન પર જાણે જંગલરાજ ચાલી રહ્યો હોય તેવું લાગે છે, જ્યાં સમાજના નબળા અને માસૂમ લોકોને રખડતા શ્વાનની સામે પોતાનો જીવ બચાવવા એકલા છોડી દેવામાં આવ્યા છે. કાયદાકીય તંત્ર હોવા છતાં સરકારો માત્ર તમાશો જોઈ શકે નહીં. સુપ્રીમ કોર્ટે આ ચુકાદામાં ભારતીય બંધારણના આર્ટીકલ 21ની નવી અને મજબૂત વ્યાખ્યા આપી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે, દેશના દરેક નાગરિકને જાહેર જગ્યાઓ પર કોઈ પણ પ્રકારના શારીરિક હુમલા અથવા કૂતરા કરડવાના ભય વિના મુક્તપણે હરવા-ફરવાનો સંપૂર્ણ અધિકાર છે, અને આ અધિકાર આર્ટિકલ 21 હેઠળ જીવન જીવવાના મૂળભૂત અધિકારનો જ એક ભાગ છે.

# ઉત્તરપ્રદેશના લખીમપુરમાં પૂરપાટ વેન ટ્રકમાં ઘૂસી જતાં 10નાં મોત થયા

નવી દિલ્હી

લખીમપુર(ઉત્તરપ્રદેશ) : ઉત્તરપ્રદેશના લખીમપુર ખીરીમાં સોમવારે સવારે એક ભયાનક માર્ગ દુર્ઘટના થઈ. અહીંના બહરાઈચ રોડ પર ઉંચ ગામની પાસે પૂરઝડપે જઈ રહેલી પ્રવાસીઓથી ભરેલી એક મેજિક વેન ટ્રકમાં ઘૂસી જતાં વેનમાં બેઠેલા ૧૦ લોકોના મોત થયા, જ્યારે અન્ય ત્રણ ઘાયલ થયા, જેમને સારવાર માટે સાર્વજનિક સ્વાસ્થ્ય કેન્દ્રમાં દાખલ કરાયા છે. મેજિક વેનમાં ૮ થી ૧૨ લોકો બેઠા હતા. બે વાહનોની ટક્કર એટલી જોરદાર હતી કે આઠ જણનાં ઘટના સ્થળે



મોત થયા, જ્યારે અન્ય ચાર વેન-પ્રવાસીઓ ગંભીરપણે ઘાયલ થયા. આમાંથી એક જણનું ઈલાજ દરમિયાન મોત થયું. આમ કુલ નવ લોકોના મોત થયા. મેજિક વેનમાં ૮ પુરૂષ, જ્યારે ચાર મહિલાસહ ૧૨ લોકો બેઠા હતા. બધા શ્રમજીવીઓ હતા, જેઓ મજૂરી-કામ માટે લખીમપુર ખીરી જઈ રહ્યા હતા. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે સ્થાનિક લોકોની મદદથી ઘાયલોને હોસ્પિટલમાં પહોંચાડયા. મૃતકોના શબને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલાવાઈ રહ્યા છે. આ માર્ગ-દુર્ઘટના એટલી ભયાનક હતી કે મેજિક વેનના ફૂરચા નીકળી ગયા. અકસ્માત થતાં જ વેનના પ્રવાસીઓમાં બૂમાબૂમ મચી ગઈ. આ જોઈ-સાંભળીને ભારે ભીડ જમા થઈ ગઈ. લોકોએ યેનકેન પ્રકારેણ મેજિક વેનમાં ફસાયેલા પ્રવાસીઓને બહાર કાઢ્યા.

## જજ વિરુદ્ધ સોશિયલ મીડિયા પોસ્ટ્સ ભારે પડી

# કેજરીવાલ સહિત AAP નેતાઓ વિરુદ્ધ ક્રિમિનલ કન્ટેમ્પ્ટ નોટિસ

નવી દિલ્હી

દિલ્હી દારૂ નીતિ મામલે ચાલી રહેલી કાયદાકીય ખેંચતાણ વચ્ચે હવે આમ આદમી પાર્ટીના ટોચના નેતાઓ ક્રિમિનલ કન્ટેમ્પ્ટના ગંભીર સકંજામાં આવી ગયા છે. સોશિયલ મીડિયા પર ન્યાયાધીશ વિરુદ્ધ ચલાવવામાં આવેલા કથિત કેમ્પેઈનને કારણે હાઈકોર્ટે આકરું વલણ અપનાવ્યું છે.

દિલ્હી હાઈકોર્ટે મંગળવારે પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીના અન્ય વરિષ્ઠ નેતાઓ વિરુદ્ધ ક્રિમિનલ કન્ટેમ્પ્ટની કાર્યવાહી શરૂ કરતા નોટિસ ફટકારી છે. જસ્ટિસ નવીન ચાવલા અને જસ્ટિસ રવિન્દર દુદેજાની બનેલી ડિવિઝન બેન્ચે આ નેતાઓને 4 સપ્તાહની અંદર જવાબ દાખલ કરવા આદેશ આપ્યો છે. આ કેસમાં માત્ર અરવિંદ કેજરીવાલની સાથે મનીષ સિસોદિયા, સંજય સિંહ, વિનય મિશ્રા, દુર્ગેશ પાઠક અને સૌરભ ભારદ્વાજ જેવા આપના કદાવર નેતાઓના નામ સામેલ છે. કોર્ટે રજિસ્ટ્રીને આદેશ આપ્યો છે કે ન્યાયાધીશ વિરુદ્ધ સોશિયલ મીડિયા અને ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મ્સ પર મૂકવામાં આવેલી તમામ ’અપમાનજનક’ સામગ્રીની સુરક્ષિત રાખવામાં આવે.

આ સમગ્ર વિવાદ જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્માની કોર્ટમાંથી શરૂ થયો હતો. જસ્ટિસ શર્મા દારૂ નીતિ કેસમાં તમામ 23 આરોપીઓને નિર્દોષ જાહેર કરવાના ટ્રાયલ કોર્ટના નિર્ણય સામેની CBIની અરજી પર સુનાવણી કરી રહ્યા હતા. સુનાવણી દરમિયાન અરવિંદ કેજરીવાલ અને અન્ય નેતાઓએ જસ્ટિસ શર્મા પર પક્ષપાતની આશંકા વ્યક્ત કરીને આ કેસમાંથી હટી જવા અરજી કરી હતી.

જોકે, જસ્ટિસ શર્માએ આ અરજી ફગાવી દીધી અને પોતે જ સુનાવણી ચાલુ રાખશે તેવો નિર્ણય કર્યો. આ નિર્ણય બાદ કેજરીવાલ અને સિસોદિયાએ જસ્ટિસ શર્માને પત્ર લખીને જાહેરાત કરી દીધી કે તેઓ તેમની કોર્ટની સુનાવણીનો બહિષ્કાર કરે છે અને તેઓ વ્યક્તિગત રીતે કે વકીલ મારફતે હાજર થશે નહીં. આ કથિત વિરોધ અને ત્યારબાદ સોશિયલ મીડિયા પર ન્યાયાધીશને નિશાન બનાવતી પોસ્ટ્સ અને વીડિયોઝ સામે આવતા જસ્ટિસ શર્માએ પોતે જ આ નેતાઓ સામે કન્ટેમ્પ્ટની કાર્યવાહી શરૂ કરી અને આ કેસ અન્ય બેન્ચને ટ્રાન્સફર કરી દીધો.

આ વિવાદની પૃષ્ઠભૂમિ પર નજર કરીએ તો, 27 ફેબ્રુઆરીના રોજ ટ્રાયલ કોર્ટે અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા અને કે. કવિતા સહિત તમામ 23 આરોપીઓને આ કેસમાંથી મુક્ત કરી દીધા હતા.

## જનતા ત્રસ્ત, નેતાઓ મસ્ત

# જ્યારે દેશને જરૂર છે ત્યારે રાજકીય પાર્ટીઓનું અબજોનું ફંડ શા માટે જનતાના કામમાં ન આવે?

ગુજરાત

આજે દેશનો સામાન્ય નાગરિક, મધ્યમ વર્ગ અને યુવાન એક જ સવાલ પૂછી રહ્યો છે–‘દેશ પહેલા કે પાર્ટી પહેલા?‘ ચૂંટણીઓ આવે અને જાય, નેતાઓ બદલાય, પણ સામાન્ય માણસની કિસ્મત એ જ ટેક્સના બોજ હેઠળ દબાયેલી રહે છે. આજે દેશની જનતા જ્યારે મોંઘવારી, બેરોજગારી અને આર્થિક ભીંસ સામે ઝઝૂમી રહી છે, ત્યારે દેશની રાજકીય પાર્ટીઓ પાસે રહેલું હજારો કરોડનું ફંડ અને તેમની વૈભવી લાઈફસ્ટાઈલ જનતાના ઘા પર મીઠું છાંટવાનું કામ કરી રહી છે.

હવે સમય આવી ગયો છે કે સિસ્ટમની આંખમાં આંખ પરોવીને આ તીખા સવાલો પૂછવામાં આવે!

આ અબજો રૂપિયાની સંપત્તિ, ફાઈવ સ્ટાર ઓફિસો અને મોંઘી ગાડીઓ આવી ક્યાંથી?

દરેક નાની-મોટી રાજકીય પાર્ટી પાસે આજે હજારો કરોડનું ફંડ છે. ફાઈવ સ્ટાર હોટલને પણ ટક્કર મારે તેવી આલીશાન ઓફિસો છે, નેતાઓ પાસે લાખો-કરોડોની લક્ઝુરિયસ ગાડીઓનો કાફલો છે અને કરોડો રૂપિયા ધુમાડો કરી નાખતા મોટા-મોટા કાર્યક્રમો છે.

આ કોઈ નેતાની પોતાની કમાણી નથી. આ દેશની જનતાના પરસેવાના કમાણીના, સામાન્ય માણસની રાત-દિવસની મહેનતના અને દૂધના પાઉચથી લઈને પેટ્રોલ સુધી ચૂકવાતા ’ટેક્સના રૂપિયા’ છે! જો આ સંપત્તિ જનતાની હોય, તો તેનો ઉપયોગ દેશના વિકાસ માટે કેમ ન થાય?

જો સાચે જ દેશપ્રેમ હોય, તો દરેક રાજકીય પાર્ટીએ પોતાનું વધારાનું ફંડ, આડંબરભરી ઓફિસો અને વૈભવી ખર્ચાઓ દેશને સમર્પિત કરી દેવા જોઈએ. આ ફંડથી દેશની કાયાપલટ થઈ શકે છે:

બેરોજગારી પર પ્રહાર: દેશનો ડિગ્રીધારી યુવાન નોકરી માટે દર-દર ભટકે છે. જો આ ફંડ વપરાય તો લાખો યુવાનોને રોજગાર અને સ્ટાર્ટઅપ માટે મદદ મળી શકે.

ખેડૂતોને દેવામાંથી મુક્તિ: કાળી મજૂરી કરતો ખેડૂત જ્યારે દેવાના બોજ નીચે આત્મહત્યા કરવા મજબૂર બને છે, ત્યારે પાર્ટીઓની શાનદાર ઓફિસો લોકશાહીની મજાક ઉડાવતી હોય તેમ લાગે છે. આ ફંડ ખેડૂતોની સહાય માટે વપરાવું જોઈએ.

મફત શિક્ષણ અને સસ્તી સારવાર: સામાન્ય પરિવારના બાળકોને વૈશ્વિક સ્તરનું મફત શિક્ષણ મળે અને હોસ્પિટલોમાં મોંઘી સારવારના કારણે કોઈ ગરીબ દમ ન તોડે, તે માટે આ અબજો રૂપિયાનું ફંડ કેમ જાહેર ન કરાય?

રાજકારણ સેવા માટે છે, વૈભવ અને સંપત્તિ ભેગી કરવા માટે નહીં!


આજે મધ્યમ વર્ગ કમરતોડ ટેક્સ ભરીને કંટાળી ગયો છે. જનતાએ એ સમજવું પડશે અને નેતાઓને સમજાવવું પડશે કે–જનતા જ સાચી માલિક છે, રાજકારણીઓ તો માત્ર સેવક છે. જ્યારે દેશને જરૂર હોય ત્યારે અબજો રૂપિયાની આ સંપત્તિ તિજોરીઓમાં બંધ રાખીને કયો દેશપ્રેમ સાબિત કરવામાં આવી રહ્યો છે? નેતાઓ ભૂલી ગયા છે કે આ સંપત્તિ દેશમાંથી જ એકત્રિત થયેલી છે અને તે દેશના જ કામમાં આવવી જોઈએ.

## તંત્રી લેખ...

# લાગણીની 'એક્સપાયરી ડેટ': જ્યારે આંસુ લૂછનારો જ રડાવવા લાગે!

'કોઈ સંબંધ જ્યારે આંખના આંસુ લૂછવાને બદલે, આંખમાં આંસુ લાવી દે ત્યારે સમજવું કે લાગણીના સંબંધની ઉંમર પૂરી થઈ ગઈ છે...'

આજે આપણે ૨૧મી સદીના એવા મોડર્ન યુગમાં જીવી રહ્યા છીએ જ્યાં ઈન્ટરનેટ પર સ્પીડ વધી ગઈ છે, પણ માણસો વચ્ચેની સંવેદનાઓ ઘટી ગઈ છે. સવારના 'ગુડ મોર્નિંગ' થી શરૂ થતા અને રાત્રના 'ગુડ નાઈટ' પર પૂરા થતા સંબંધો પાછળ વાસ્તવિકતા કેટલી? એ ક્યારેય વિચાર્યું છે?




સંબંધોની શરૂઆત બહુ ગુલાબી હોય છે. એકબીજા માટે કંઈપણ કરી છૂટવાની ભાવના હોય છે. જ્યારે આપણી આંખમાં એક નાનું અમથું આંસુ આવે, ત્યારે સામેવાળી વ્યક્તિ આખું આકાશ માથે લેવા તૈયાર થઈ જતી હોય છે. પણ સમય જતાં એ જ સંબંધમાં એક એવો વળાંક આવે છે જ્યાં પાસા ઉલટા પડી જાય છે. જે હાથ ક્યારેય આંસુ લૂછવા માટે આગળ આવતા હતા, એ જ હાથ હવે આંખમાં આંસુ લાવવાનું કારણ બની જાય છે. જ્યાં અપેક્ષાનો ભાર વધે, ત્યાં લાગણી દમ તોડે છે કોઈપણ સંબંધ ત્યારે જ તૂટે છે જ્યારે તેમાં સ્વાર્થ, અહંકાર અને અપેક્ષાઓનું પ્રમાણ વધી જાય છે. જ્યારે સામેવાળી વ્યક્તિ તમારી ખુશી કરતાં પોતાની જિદને વધારે મહત્વ આપવા લાગે, ત્યારે સમજવું કે હવે એ સંબંધ શ્વાસ અધ્ધર કરીને જીવી રહ્યો છે. આંસુ લૂછવા એ પ્રેમ છે: કોઈના દુઃખમાં ભાગીદાર બનવું એ સંબંધની પવિત્રતા છે. આંસુ લાવવા એ અહંકાર છે: પોતાના જ અંગત માણસને માનસિક તકલીફ આપવી એ સંબંધનો અંત છે.

સંબંધની 'ઉંમર' પૂરી થયાના સંકેતો

જ્યારે લાગણીના સંબંધની ઉંમર પૂરી થઈ જાય છે, ત્યારે કેટલીક બાબતો સ્પષ્ટ દેખાઈ આવે છે:

૧. વાતોમાં આદરની જગ્યાએ કટાક્ષ આવી જાય છે.

૨. તમારી ભાવનાઓ સામેવાળી વ્યક્તિ માટે માત્ર એક 'નાટક' બની જાય છે.

૩. મૌન જે ક્યારેય પ્રેમનું પ્રતીક હતું, એ હવે અંતર (Distance) બની જાય છે.

પાક્કો ગુજરાતની રોકડી વાત:

કોઈના પ્રેમમાં અંધ થઈને પોતાની જાતને નષ્ટ કરી દેવી એ સમજદારી નથી. જો કોઈ સંબંધ તમારી આંખોને ખુશી આપવાને બદલે સતત રડાવતો રાખે, તો એ સંબંધની 'એક્સપાયરી ડેટ' આવી ગઈ છે એમ સમજી લેવું.

ખોટા સંબંધને વળગી રહીને આખી જિંદગી રડવા કરતાં, એ સંબંધને સન્માનભેર અલવિદા કહી દેવું વધુ સારું છે. કારણ કે, આંખ અને આંસુ તમારા પોતાના છે, કોઈને એની સાથે રમવાનો હક બિલકુલ ન આપી શકાય!

યાદ રાખો: સંબંધ એવો હોવો જોઈએ જે ચહેરા પર સ્મિત લાવે, આંખમાં ભેજ નહીં!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ફ્લેશબેક: જ્યારે અદાણીની કાર આગળ સ્કૂટર આવ્યું, બંદૂકની ધાક દઈ 15 કલાક સુધી બંધક બનાવાયા!

## જાણો કોણે કર્યું હતું ગૌતમ અદાણીનું અપહરણ અને કેવી રીતે છૂટ્યા?

આજે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિઓની યાદીમાં સામેલ અને અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી આજે જે સુરક્ષા ઘેરાવ વચ્ચે ફરે છે, ૨૮ વર્ષ પહેલાં સ્થિતિ આવી ન હતી. વર્ષ ૧૯૯૮માં અમદાવાદની સડકો પર અદાણી સાથે એક એવી લોહિયાળ અને થ્રિલર ફિલ્મ જેવી ઘટના ઘટી હતી, જેણે આખા દેશની પોલીસ અને ઉદ્યોગ જગતને હચમચાવી મૂક્યું હતું. અમદાવાદના મોહમ્મદપુરા રોડ પર અદાણીની કારને આંતરીને હથિયારધારી ગુંડાઓએ તેમનું અપહરણ કરી લીધું હતું. આજે 'પાક્કો ગુજરાત' ના વાચકો માટે પ્રસ્તુત છે એ સનસનાટીભર્યા અપહરણની અંદરની આખી કહાની.

### ભરબપોરે ફિલ્મી સ્ટાઇલમાં અપહરણની એ આખી ઘટના

એ દિવસ હતો ૧ જાન્યુઆરી, ૧૯૯૮. ગૌતમ અદાણી તે સમયે પણ અમદાવાદના જાણીતા ઉદ્યોગપતિ બની ચૂક્યા હતા. તેઓ કર્ણાવતી ક્લબથી નીકળીને મોહમ્મદપુરા રોડ તરફ પોતાની કારમાં જઈ રહ્યા હતા. અચાનક એક સ્કૂટર તેમની કારની આગળ આવીને ઊભું રહી ગયું. કારના ડ્રાઈવરે બ્રેક મારી અને કાર ઊભી રહી, એટલી જ વારમાં બાજુમાં એક મારુતિ વાન આવીને ઊભી રહી ગઈ. એ વાનમાંથી એક પછી એક ૬ હથિયારધારી પુરુષો બહાર નીકળ્યા. કંઈ પણ સમજાય તે પહેલાં જ બદમાશોએ ગૌતમ અદાણી અને તેમની સાથે કારમાં સવાર શાંતિલાલ શાહ પર બંદૂક તાણી દીધી. બંનેને બળજબરીપૂર્વક ખેંચીને મારુતિ વાનમાં બેસાડી દેવામાં આવ્યા અને વાન પૂરપાટ ઝડપે અજાણ્યા સ્થળ તરફ ભાગી ગઈ.



### અપહરણ કોણે કર્યું હતું? અંડરવર્લ્ડનું કનેક્શન!

પોલીસ તપાસ અને કોર્ટની કાર્યવાહી દરમિયાન સામે આવ્યું કે આ હાઈપ્રોફાઈલ અપહરણ પાછળ અંડરવર્લ્ડના ડૉન અને શાર્પશૂટર્સનો હાથ હતો. આ ગુનાનો માસ્ટરમાઈન્ડ મોહમ્મદ અલી અબુબકર સુરાની અને કુખ્યાત ગેંગસ્ટર ફઝલુ રહેમાન (જે તે સમયે દુબઈ અને ભારતથી ઓપરેટ કરતો હતો) હતા. આ સિવાય આ કેસમાં અંડરવર્લ્ડ ડૉન અબુ સાલેમનું નામ પણ ચર્ચામાં આવ્યું હતું. આ ગેંગે અદાણીના બિઝનેસ ગ્રોથને જોઈને કરોડો રૂપિયા પડાવવાના ઈરાદાથી આ આખું ષડયંત્ર રચ્યું હતું.

### 15 કલાકની એ રાત અને અદાણી કેવી રીતે છૂટ્યા?

ગૌતમ અદાણીને અમદાવાદની બહાર એક અવાવરૂ લોકેશન પર બંધક બનાવીને રાખવામાં આવ્યા હતા. આખા ગુજરાતની પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ એલર્ટ પર હતી. એવું કહેવાય છે કે અપહરણકર્તાઓએ ગૌતમ અદાણીને છોડવાના બદલામાં ૧૫ કરોડ રૂપિયા (કેટલાક અહેવાલો મુજબ ૩ મિલિયન ડૉલર) ની મસમોટી ખંડણી માંગી હતી. અપહરણના લગભગ ૧૫ કલાક બાદ, બીજા દિવસે ગૌતમ અદાણી અને શાંતિલાલ શાહ સુરક્ષિત રીતે મુક્ત થઈને ઘરે પાછા ફર્યા હતા. સત્તાવાર રીતે એવું કહેવાયું હતું કે પોલીસના દબાણને કારણે અપહરણકર્તાઓ તેમને મુક્ત કરીને ભાગી ગયા હતા, પરંતુ તે સમયે બજારમાં અને મીડિયામાં એવી જોરદાર ચર્ચા હતી કે અંડરવર્લ્ડ ગેંગને મોટી રકમની ખંડણી ચૂકવવામાં આવ્યા બાદ જ અદાણીનો છુટકારો થયો હતો.

### જ્યારે અદાણીએ પોતે આ ઘટના પર મૌન તોડ્યું હતું

વર્ષો પછી એક ઈન્ટરવ્યુમાં ગૌતમ અદાણીને જ્યારે આ ભયાનક ઘટના વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે બહુ જ શાંતિથી જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'મારા જીવનમાં બે બહુ મોટી ઘટનાઓ બની, એક ૧૯૯૮નું અપહરણ અને બીજો ૨૦૦૮નો મુંબઈ તાજ હોટેલનો આતંકી હુમલો (જ્યાં તેઓ આખી રાત છુપાઈ રહ્યા હતા). આ બંને ઘટનાઓએ મને શીખવ્યું કે જીવન અનિશ્ચિત છે અને આવી ઘટનાઓ પછી તમે ભગવાન પર ભરોસો રાખતા શીખી જાવ છો.' અદાણીના આ અપહરણ કેસમાં વર્ષ ૨૦૧૪માં અદાલતે પુરાવાના અભાવે મુખ્ય આરોપીઓ મોહમ્મદ સુરાની અને ફઝલુ રહેમાનને નિર્દોષ જાહેર કર્યા હતા, કારણ કે લાંબા સમય બાદ કાનૂની ગૂંચવણો અને સાક્ષીઓના અભાવે ગુનો સાબિત થઈ શક્યો ન હતો. પરંતુ ગુજરાતના ક્રાઈમ ઈતિહાસમાં આ ઘટના હંમેશાં સૌથી હાઈપ્રોફાઈલ કિસ્સા તરીકે યાદ રાખવામાં આવે છે.

# જ્યારે અમદાવાદની ગલીઓમાં છવાઈ ગયો હતો ફફડાટ! અંડરવર્લ્ડનો એ ખોફનાક ચહેરો: શરીફ ખાન !

**પ્રકરણ 1: લાલ દરવાજા અને જૂની દીવાલો પાછળનો એ ભયાનક દોર; 1980 અને 90ના દાયકામાં કોટ વિસ્તારની પોળોમાં જેની બંદૂકનો સિક્કો ચાલતો હતો તે લતીફના જમણા હાથની અનટોલ્ડ સ્ટોરી!**

અમદાવાદ, વિશેષ કલમ:

અમદાવાદનું દિલ... એટલે કે તેનું 'જૂનું શહેર' (Old City). જ્યાંની નક્શીદાર હવેલીઓ, ઊંચા દરવાજા, ઐતિહાસિક પોળો અને સાંકડી ગલીઓ પોતાની ભવ્ય વિરાસત માટે જાણીતી છે.

આજે આ ગલીઓમાં ભલે શાંતિ અને વેપારની ચહલપહલ હોય, પરંતુ ૮૦ અને ૯૦ના દાયકામાં આ દીવાલો પાછળ ખોફ અને લોહીનો એક એવો કાળો ઈતિહાસ છુપાયેલો હતો, જેનું નામ સાંભળતા જ મોટા-મોટા વેપારીઓના પરસેવા છૂટી જતા હતા. એ દોરમાં અમદાવાદની ગલીઓ પર જે નામનો આતંક છવાયેલો હતો, તે નામ હતું– શરીફ ખાન!

### લાલ દરવાજા અને કોટ વિસ્તારમાં ગુંજતો હતો આતંક

તે સમયે લાલ દરવાજા, કાલુપુર, દરિયાપુર અને શાહપુર જેવા વિસ્તારો માત્ર બજારો માટે નહીં, પરંતુ અંડરવર્લ્ડની ગેંગવોર માટે હેડલાઈન્સમાં રહેતા હતા. અબ્દુલ લતીફ એ સમયે આખા ગુજરાતના અંડરવર્લ્ડનો બેતાજ બાદશાહ ગણાતો હતો.

પરંતુ લતીફના સામ્રાજ્યને જે વ્યક્તિ પોતાની બંદૂકની અણી પર ચલાવતો હતો, તે હતો તેનો સૌથી ભયાનક શાર્પશૂટર અને જમણો હાથ– શરીફ ખાન. લાલ દરવાજાની પથરાયેલી બજારો અને ભદ્રના કિલ્લાની જૂની દીવાલો સાક્ષી છે કે કઈ રીતે શરીફ ખાનના એક ઈશારા પર ભરી બજારો મિનિટોમાં બંધ થઈ જતી હતી.

### લતીફનો 'મુખ્ય હથિયાર' અને ખંડણીનો કિંગ

શરીફ ખાન કોઈ સામાન્ય ગુંડો ન હતો. તે કાયદાની આંખમાં ધૂળ નાખવામાં અને સોપારી કિલિંગ (Contract Killing) કરવામાં માહેર હતો. અમદાવાદના કમિશનર ઓફિસથી થોડે જ દૂર આવેલા લાલ દરવાજા અને કાલુપુરના વેપારીઓ પાસેથી કરોડો રૂપિયાની ખંડણી (Extortion) વસૂલવાનું કામ લતીફે શરીફ ખાનને સોંપ્યું હતું. જો કોઈ વેપારી પૈસા આપવાની ના પાડે, તો બીજા જ દિવસે તેની લાશ કોઈ પોળના નાકેથી મળી આવતી.

શરીફ ખાનનો ખોફ એટલો હતો કે પોલીસ પણ એ દાયકામાં જૂના શહેરમાં જતા પહેલાં સો વાર વિચાર કરતી હતી.

### જ્યારે પોળોમાં ગૂંજતો હતો ગોળીઓનો અવાજ

પોળોની એ સાંકડી ગલીઓ, જ્યાં પાડોશીઓ એકબીજાના સુખ-દુઃખમાં ભાગીદાર થતા, ત્યાં રાત્રિના અંધકારમાં માત્ર બુલેટ ટ્રેનની ઝડપે બાઈક દોડતી અને ગોળીઓનો અવાજ ગૂંજતો. રાધિકા જિમખાના શૂટઆઉટ હોય કે પછી અમદાવાદના મોટા બિલ્ડરોની હત્યા, દરેક મોટા ગુનાની પાછળ શરીફ ખાનનું મગજ અને તેની એકે-૪૭ (AK-47) કારતૂસ છોડતી હતી. તે સમયે અમદાવાદમાં 'બિલિયર્ડ્સ ક્લબ' અને જુગારધામો પર થતા હુમલાઓ પાછળ શરીફ ખાનનો જ હાથ રહેતો હતો.

### અંત વગરનો એ ભય અને બદલાતો સમય

૯૦ના દાયકાના અંતમાં જ્યારે ગુજરાત પોલીસે અંડરવર્લ્ડનો સફાયો કરવાનું શરૂ કર્યું અને લતીફનું એન્કાઉન્ટર થયું, ત્યારે શરીફ ખાન ભારત છોડીને દુબઈ અને ત્યારબાદ પાકિસ્તાન ભાગી ગયો હોવાના અહેવાલો આવ્યા હતા.

ભલે આજે સમય બદલાઈ ગયો છે અને અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ અને સ્માર્ટ સિટી તરીકે ગર્વથી ઊભું છે, પરંતુ ઓલ્ડ સિટીના વડીલો આજે પણ લાલ દરવાજાની એ જૂની દીવાલો તરફ જોઈને એ કાળા દોરને યાદ કરે છે, જ્યારે 'શરીફ ખાન' નામના આતંકે આખા અમદાવાદની ઊંઘ હરામ કરી દીધી હતી.

*(નોંધ: આ શ્રેણીના આગામી પ્રકરણમાં આપણે વાંચીશું કે કઈ રીતે પોલીસે શરીફ ખાનના સામ્રાજ્યને તોડવા માટે ઓપરેશન શરૂ કર્યું હતું... વાંચતા રહો 'પાક્કો ગુજરાત'.)*

# બેઠકનો હિડન એજન્ડા : અમેરિકાને ઈરાન અને ચીનને તાઈવાન જોઈએ છે!

**ચીનનો સંદેશ સ્પષ્ટ હતો કે, અમેરિકા ચીન સાથે વાટાઘાટો કરવા માગે છે, મદદ માગે છે કે પછી જોડાણ કરવા માગે છે તો તેમાં ચીનના પોતાના પણ હિત સધાવા જોઈએ. ઈરાન, ટ્રેડિંગ, ટેરિફ અને રેર અર્થ મિનરલ્સ મુદ્દે અમેરિકાની વાત સાંભળવામાં ત્યારે જ આવશે જ્યારે અમેરિકા પણ તાઈવાન મુદ્દે પોતાનેં વલણ બદલશે અને ચીનને લાભ થાય તેવું વલણ દાખવશે : ચીનને ખબર છે કે, અમેરિકી પ્રમુખની શું કિંમત લગાવી શકાય અને તેમને શું ઓફર કરી શકાય. ખાસ કરીને રેર અર્થ મિનરલ્સ થકી તે ધારે તે કામ કઢાવી શકે છે.**

ચીનનો સંદેશ સ્પષ્ટ હતો કે, અમેરિકા ચીન સાથે વાટાઘાટો કરવા માગે છે, મદદ માગે છે કે પછી જોડાણ કરવા માગે છે તો તેમાં ચીનના પોતાના પણ હિત સધાવા જોઈએ. ઈરાન, ટ્રેડિંગ, ટેરિફ અને રેર અર્થ મિનરલ્સ મુદ્દે અમેરિકાની વાત સાંભળવામાં ત્યારે જ આવશે જ્યારે અમેરિકા પણ તાઈવાન મુદ્દે પોતાનેં વલણ બદલશે અને ચીનને લાભ થાય તેવું વલણ દાખવશે : ચીનને ખબર છે કે, અમેરિકી પ્રમુખની શું કિંમત લગાવી શકાય અને તેમને શું ઓફર કરી શકાય. ખાસ કરીને રેર અર્થ મિનરલ્સ થકી તે ધારે તે કામ કઢાવી શકે છે. તે રેર અર્થ મિનરલ્સની સાથે સાથે બોઈંગના વિમાનોની ખરીદી, અમેરિકી સોયાબીનની ખરીદી અને રોકાણ અંગે પણ તેમની સાથે જોડાણ કરી શકે છે : ૭૦ના દાયકામાં અમેરિકી પ્રમુખોએ જ ચીનને મદદ કરી હતી પણ વિકાસની સાથે ચીન બદલાયું નહીં. આ સિવાય અમેરિકાએ યુરોપને સાચવવામાં રશિયા સામે વેર વહોરી લીધું અને ચીન તથા રશિયા એકબીજાની પડખે આવી ગયા. તેનું લાંબાગાળે પરિણામ એ આવ્યું કે, બાઈડને યુક્રેનમાં અમેરિકાને ફસાવ્યું હતું અને હવે ઈરાનમાં ટ્રમ્પ ફસાયા છે. હાલમાં ટ્રમ્પ ફરી એક વખત સોદાબાજી કરવા નીકળ્યા છે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તાજેતરમાં ચીનના પ્રવાસે પહોંચી ગયા છે. ઈરાન સાથેના યુદ્ધમાં જ્યાં વિરામ લેવાયો છે અને સ્થિતિનો હજી પણ ઉકેલ આવ્યો નથી ત્યાં અમેરિકી પ્રમુખની એકાએક ચીનની યાત્રાએ ઘણા સવાલ ઊભા કર્યા છે. વૈશ્વિક રાજકારણના વર્તુળોમાં અનેક ચર્ચાઓ ચાલે છે. તેમ છતાં એક એવો અંદાજ લગાવી શકાય છે કે, અમેરિકા અને ચીન પોતપોતાના સ્વાર્થ સાધવા માટે એકબીજાની સાથે જોડાણ કરી રહ્યા છે. ટ્રમ્પ પોતાના ટૂંકાગાળાના લાભ મેળવવા અને જિનપિંગ પોતાના લાંબાગાળાના આયોજનો પાર પાડવા માટે એક મંચ ઉપર આવ્યા છે. સામાન્ય રીતે એવું કહેવાય છે કે, ચીન ક્યારેય પોતાના મનમાં રહેલી બાબતોને છતું કરતું નથી. તે બતાવે છે કંઈક જુદુ અને તેની પાછળના અર્થઘટનો અને ઈચ્છાઓ કંઈક જુદા જ હોય છે. ટ્રમ્પ પોતે પણ કેટલાક અંશે આવા જ છે. તેઓ જ્યાં જાય છે અથવા તો જેમની સાથે હોય છે તેમના થઈ જવાની કૂટનીતિને અનુસરતા હોય છે. તેમ છતાં ચીન અને અમેરિકાની રણનીતિઓમાં ઘણો તફાવત છે. ટ્રમ્પની સ્ટ્રેટેજી કામ તાત્કાલિક પરિણામ લાવનારી, ઝડપી અસર દેખાડનારી અને કદાચ એમ કહી શકાય કે ટૂંકાગાળાનો વિજય રજૂ કરનારી છે. બીજી તફ જિનિપિંગ અને ચીન એકાદ દાયકા જેટલું લાંબું આયોજન કરીને બેઠા હોય છે. તેઓ લાંબાગાળાની યોજના સાથે ડીલ કરે છે. ટ્રમ્પ જ્યારે આગામી મહિના-બે મહિના કે છ મહિના માટે નેગોશિયેશન કરતા હશે કે પછી એકાદ વર્ષ માટે નેગોશિયેશન કરશે તેની સામે જિનપિંગ આગામી દાયકાના આયોજન અંગે તેની સાથે નેગોશિયેશન કરશે. ઉલ્લેખનીય છે કે, આમ તો આ બેઠકનો એજન્ડા વેપાર, ટેરિફ વોર અને અન્ય સમસ્યાઓ સાથે જોડાયેલો છે. બીજી તરફ ઈરાન અને રેર અર્થ મિનરલ્સ પણ આ શિખર સંમેલનનો એક મહત્ત્વનો ભાગ છે. ખાસ કરીને ચીનની નજર તો તાઈવાન ઉપર છે. તેના કાણે જ તાઈપેઈમાં



લોકો ગભરાયેલા છે. દેખીતી રીતે લાગી રહ્યું છે કે, ઈરાનને નાથવા માટે અમેરિકા દ્વારા ચીનની મદદ લેવામાં આવશે. જાણકારોના મતે થોડા સમય પહેલાં ચીની વિદેશ મંત્રી વાંગ યી દ્વારા અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબુયોને તાઈવાન અંગે મોઘમ ચેતવણી આપવામાં આવી જ હતી. વાંગ યીએ તે સમયે જણાવ્યું હતું કે, ચીન અને અમેરિકાના સંબંધો સુધરવામાં સૌથી મોટી અડચણ તાઈવાન છે. ચીનનો સંદેશ સ્પષ્ટ હતો કે, જો અમેરિકા ચીન સાથે વાટાઘાટો કરવા માગે છે, મદદ માગે છે કે પછી જોડાણ કરવા માગે છે તો તેમાં ચીનના પોતાના પણ હિત સધાવા જોઈએ. ઈરાન, ટ્રેડિંગ, ટેરિફ અને રેર અર્થ મિનરલ્સ મુદ્દે અમેરિકાની વાત સાંભળવામાં ત્યારે જ આવશે જ્યારે અમેરિકા પણ તાઈવાન મુદ્દે પોતાનું વલણ બદલશે અને ચીનને લાભ થાય તેવું વલણ દાખવશે. જાણકારનો મતે ચીનને લાગી રહ્યું છે કે, અમેરિકી દ્વારા સહમતી સાધવામાં આવશે. તેની પાછળ ઘણા કારણો છે. તેમ છતાં થોડા સમય પહેલાનું ટ્રમ્પનું જ નિવેદન જોઈએ તો તેમણે કહ્યું હતું કે, અમેરિકા શા માટે તાઈવવાનો બચાવ કરે. આ પહેલાં કોઈ અમેરિકી પ્રમુખોએ આવી વાત કરી નહોતી. ટ્રમ્પે તો આરોપ મુક્યા હતા કે, તાઈપેઈ દ્વારા અમેરિકાની સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રી ચોરી લેવામાં આવી છે. આ સિવાય તેમણે તાઈવાની પ્રમુખને અમેરિકા ખાતે ટ્રાન્ઝિટ સ્ટોપેજ આપવાની પણ મનાઈ કરી હતી. તે ઉપરાંત તાઈપેઈને મોટા હથિયારો પણ આપ્યા નથી. ટ્રમ્પના આવા વલણને કારણે જ ચીન માની રહ્યું છે કે, ટ્રમ્પ કોઈ વિરોધી કે સ્પર્ધક નહીં પણ વેપારી છે. તે પોતાને ગમતી બાબતોને ચોક્કસ કિંમત ચુકવી શકે છે અને ઘણી વખત બાર્ટર પણ કરી શકે છે. બીજી ખાસ વાત એ છે કે, ચીનને ખબર છે કે, અમેરિકી પ્રમુખની શું કિંમત લગાવી શકાય અને તેમને શું ઓફર કરી શકાય. ખાસ કરીને રેર અર્થ મિનરલ્સ થકી તે ધારે તે કામ કઢાવી શકે છે. તે રેર અર્થ મિનરલ્સની સાથે સાથે બોઈંગના વિમાનોની ખરીદી, અમેરિકી સોયાબીનની ખરીદી અને રોકાણ અંગે પણ તેમની સાથે જોડાણ કરી શકે છે. ચીનને એ પણ ખબર છે કે, તાઈવાન હકિકતે તો અમેરિકા માટે લક્ષ્મણરેખા સમાન છે. તે મિલિટરી એક્શન લઈ શકે તેમ નથી.

તેની સ્ટ્રેટેજી પણ સરળ છે. તેઓ ધીમે ધીમે અવિસ્વાસ દૂર કરશે, ભાગલા પાડવાની કામગીરી વધારશે અને કામને વધુ આકરું બનાવશે. તેનાથી દૂર રહેવા માટે જ ચીને પોતાની ચાલ પહેલેથી જ ચાલીને અમેરિકાને ગમતી દુનિયા ઊભી કરી લીધી છે. એક વખત ટ્રમ્પ આ સોદાબાજી માટે રાજી થઈ ગયા પછી ચીનને તાઈવાન મેળવતા કોઈ રોકી શકે તેમ નથી. જિનપિંગ પોતાની અઠંગ કૂટનીતિ થકી પણ ટ્રમ્પને ફસાવે તેવી ચર્ચા ચાલી રહી છે. હકિકતે ચીને પોતાની કૂટનીતિ થકી તાઈવાનમાં વિરોધ પક્ષને સાધી લીધો છે. તાઈવાનના વિરોધપક્ષના નેતા ચેંગ લી વુન ઘણા વખતથી બેઈજિંગનું જ સમર્થન કરે છે. તેઓ જણાવે છે કે, તાઈવાનના નેતાઓમાં દેશને આગળ લઈ જવાની ક્ષમતા નથી અને દેશનું અર્થતંત્ર અને સમાજતંત્ર પણ મુખ્ય પ્રવાહથી સાવ ફંટાઈ ગયું છે. આ રીતે જિનપિંગે તાઈવાનમાં પોતાના મહોરા ગોઠવી દીધા છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭માં ૮૪ અબજ ડોલરનો વર્જિનિયા મેમોરેન્ડમ ટ્રમ્પે પોતાના પહેલા કાર્યકાળમાં ચીન સાથે કર્યો હતો જે આજદિન સુધી પૂરો થયો નથી. બીજી વાત એવી પણ છે કે, ટ્રમ્પ ૨૦૧૭માં જે રીતે આવ્યા હતા તેનાથી અત્યારે તેમની પરિસ્થિતિ તદ્દન જુદી છે. તે સમયે તેઓ અમેરિકાના પ્રમુખ તરીકે પોતાની ક્ષમતાઓનો પરચો આપવા ગયા હતા. આ વખતે તે ચીન અને અમેરિકાના સંબંધો સુધારવા માટે ગયા હોય તેમ લાગી રહ્યું છે. બંને દેશો વચ્ચેના સંબંધો કુણા થાય તેમાં કદાચ ટ્રમ્પને વધારે રસ હોય તેમ જણાઈ રહ્યું છે. - વિરોધીને જાળમાંથી બહાર કાઢવાના નામે જ ફરીથી ફસાવો :ચીની કૂટનીતિ જાણકારો માને છે કે, ચીનમાં જૂની કહેવત છે કે, તમારા વિરોધીને એક જાળમાંથી બહાર નિકળવામાં મદદ કરો અને બીજામાં ફસાવી દો. ચીની કૂટનીતિ પણ તેના આધારે જ કામ કરી રહી છે. તાજેતરમાં અમેરિકાની જે સ્થિતિ છે તેનો લાભ લેવા ચીન તત્પર હોય તેમ દેખાઈ રહ્યું છે. ટ્રમ્પે જે રીતે ઈરાનને દબાવવામાં ઉતાવળ કરી તેના કારણે સ્થિતિ વધારે લંબાઈ ગઈ છે. શક્તિપ્રદર્શન કરવામાં અમેરિકા ફસાઈ ગયું છે. અમેરિકાને સમજાઈ ગયું છે કે, ઈરાન સર કરવું હશે તો ચીનની મદદ લેવી પડશે. હાલમાં તે માત્ર શક્તિ પ્રદર્શન કરીને ઈરાનને તાબે કરી શકે તેમ નથી. તેના કારણે જ બોલ ચીનના કોર્ટમાં છે. ચીન તેને સારી રીતે રમવા માગે છે. બીજી વાત એવી છે કે, ૭૦ના દાયકામાં અમેરિકી પ્રમુખોએ જ ચીનને મદદ કરીને તેને ઉપર આવવાની તક આપી હતી. તેઓ ચીનમાં ઉદારતાવાદ લાવવા માગતા હતા પણ વિકાસની સાથે ચીન બદલાયું નહીં. ચીન શરૂઆતમાં બદલાયું અને સમૃદ્ધિ, શક્તિ અને ક્ષમતા કેળવીને ફરીથી પોતાના જૂના વલણ ઉપર જ જતું રહ્યું. આ સિવાય અમેરિકાએ યુરોપને સાચવવામાં રશિયા સામે વેર વહોરી લીધું અને ચીન તથા રશિયા એકબીજાની પડખે આવી ગયા. તેનું લાંબાગાળે પરિણામ એ આવ્યું કે, બાઈડને યુક્રેનમાં અમેરિકાને ફસાવ્યું હતું અને હવે ઈરાનમાં ટ્રમ્પ ફસાયા છે. હાલમાં ટ્રમ્પ ફરી એક વખત સોદાબાજી કરવા નીકળ્યા છે. ટ્રમ્પ એવું માનતા હોય કે તેઓ ચીનને દાણા નાખીને ફસાવી લેશે તો તેઓ અહીંયા ભુલ કરે છે. તેઓ જે સોદાબાજી કરવા નીકળ્યા છે તેમાં ચીનનો જ હાથ ઉપર છે અને તે આ દાયકાની સૌથી મોટી સોદાબાજી કરીને ફરી અમેરિકાને જ ગુંચવણમાં મુકી દેશે. ઉન્માદમાં એક વખત અમેરિકાએ તાઈપેઈને દગો આપ્યો તો પછી એશિયાના અન્ય દેશો પણ અમેરિકા ઉપર ભવિષ્યમાં વિશ્વાસ કરતા પહેલાં વિચાર કરશે. જાપાન, સાઉથ કોરિયા અને ભારતે પણ અમેરિકી જોડાણ અંગે ફેરવિચાર કરવાનો આવશે.

# શું તમને પણ ઉનાળામાં ઊંઘ નથી આવતી તો ડોક્ટરની સલાહ લો

શું તમે પણ નોટિસ કર્યું છે કે ઉનાળામાં મોડે સુધી ઊંઘ નથી આવતી, છતાં સવારે વહેલી આંખ ખુલી જાય છે? ઊંચું તાપમાન અને ભેજ ઊંઘની ગુણવત્તાને અસર કરે છે. તેથી આપણે ઊંઘના ત્રીજા તબક્કા એટલે કે ડીપ સ્લીપમાં પહોંચી શકતા નથી અને આખી રાત સૂવા છતાં શરીરને આરામ મળતો નથી. સાયન્સ જર્નલ 'નેચર'માં પ્રકાશિત એક અભ્યાસ મુજબ, તાપમાન વધવાની સાથે ઊંઘનો સમયગાળો ઘટી જાય છે અને ગાઢ ઊંઘ પર સૌથી વધુ અસર થાય છે. દર 10C તાપમાન વધવા પર ઊંઘની ઉણપનું જોખમ વધુ વધી જાય છે. આપણા શરીરની પોતાની એક ઘડિયાળ હોય છે. તેને બોડી ક્લોક અથવા સર્કેડિયન રિધમ કહેવાય છે. તે પોતાની રીતે શરીરની જરૂરિયાત મુજબ ઊંઘનો સંકેત આપે છે, પાચન શરૂ કરે છે અને શરીરને સક્રિય મોડમાં લઈ જાય છે. તેનું એક કામ એ પણ છે કે શરીરને રાત્રે ઊંઘના સમયે ગાઢ નિદ્રામાં લઈ જવા માટે તેનું તાપમાન સામાન્ય કરતાં થોડા ડિગ્રી ઓછું કરવું. જો રાત્રે આપણી આસપાસનું તાપમાન ઓછું હોય તો શરીરને ઓછી મહેનત કરવી પડે છે, સારી ઊંઘ આવે છે. જો તાપમાન વધારે હોય તો વધારે મહેનત કરવી પડે છે. વધારે તાપમાનમાં શરીરને ઠંડુ રાખવા માટે વધારે મહેનત કરવી પડે છે. આનાથી શરીર રિલેક્સ મોડમાં જઈ શકતું નથી અને ઊંઘમાં ખલેલ પડે છે. સાથે જ ગરમીમાં ડિહાઈડ્રેશન અને બેચેની પણ વધે છે, જેના કારણે વારંવાર ઊંઘ ખુલે છે અને પૂરી થઈ શકતી નથી. REM સ્લીપ પ્રભાવિત થાય છે. ખરેખર, ઊંઘના 4 તબક્કા હોય છે- N1 (હળવી ઊંઘની શરૂઆત) જાગવાથી ઊંઘમાં જવાની અવસ્થા. મગજ ધીમે ધીમે શાંત થવા લાગે છે. N2 (સામાન્ય ઊંઘ) શરીર રિલેક્સ થાય છે, શ્વાસ અને ધબકારા ધીમા પડે છે. સૌથી વધુ સમય આ જ સ્ટેજમાં પસાર થાય છે. N3 (ઊંડી ઊંઘ) સૌથી ઊંડી ઊંઘ. શરીરનું સમારકામ, શક્તિ પાછી આવવી અને ઈમ્યુન સિસ્ટમ મજબૂત થવી આ જ સ્ટેજમાં થાય છે. REM (સ્વપ્નવાળી ઊંડી ઊંઘ) આ સ્ટેજમાં વધુ સપના આવે છે. મગજ સક્રિય રહે છે પરંતુ શરીરના સ્નાયુઓ શાંત રહે છે. REM ઊંઘનું સૌથી ઊંડું સ્ટેજ છે, અહીં સુધી પહોંચવા માટે શરીરને ખૂબ આરામની જરૂર હોય છે. ગરમીમાં બેચેનીના કારણે શરીર આ સ્ટેજ સુધી પહોંચી શકતું નથી.

આ મોટાભાગે સામાન્ય છે. રૂમના વધુ તાપમાનને કારણે પણ આવું થાય છે. ઊંચું તાપમાન, પરસેવો અને અસ્વસ્થતા શરીરના સ્લીપ સિગ્નલ્સને ખલેલ પહોંચાડે છે. જો રૂમનું તાપમાન નિયંત્રણમાં રાખવામાં આવે, વેન્ટિલેશન સારું હોય અને શરીર હાઈડ્રેટેડ રહે તો સારી ઊંઘ આવે છે. ઉનાળામાં શરીર પહેલેથી જ ઊંચા તાપમાનને કારણે તણાવમાં રહે છે. આનાથી મેટાબોલિઝમ અને પાચન પર અસર થાય છે. આવી સ્થિતિમાં જો ઊંઘ પણ પૂરી ન થાય, તો આ સ્થિતિ વધુ બગડી શકે છે. ઊંઘનો અભાવ શરીરના મેટાબોલિક ફંક્શન, પાચન, રોગપ્રતિકારક શક્તિ અને મગજની કાર્યક્ષમતાને સીધી અસર કરે છે.

સામાન્ય રીતે ઉનાળામાં ઊંઘ ન આવવી એ કોઈ ગંભીર બીમારીનો સંકેત નથી. આ શરીરનું તાપમાન વધવા, વધુ પડતો પરસેવો, ડિહાઈડ્રેશન અને અસ્વસ્થ વાતાવરણને કારણે થાય છે. મેલાટોનિનનું સિક્રેશન (રિલીઝ થવું) શરીરના તાપમાન અને અંધારા પર આધાર રાખે છે. રાત્રે અંધારું ઘેરું થવા અને શરીરનું તાપમાન ઓછું થવા સાથે તેનું સિક્રેશન વધે છે. જો આ બંનેમાંથી કોઈ એક સ્થિતિ ન મળે તો તે પ્રભાવિત થઈ શકે છે.

પાક્કો ગુજરાત

બુધવાર । 20 મે 2026 । અમદાવાદ

### બનાસકાંઠા પોલીસ કે બુટલેગરોની ભાગીદાર?

# 'શૂરવીર' નામના વહીવટદારે આખી બોર્ડર ગીરો મૂકી!

બનાસકાંઠા

ગુજરાતમાં નશાબંધીના નામે કાયદાનો જે મલાજો જળવાય છે, તેના લીરેલીરા બનાસકાંઠાની સરહદી ધરતી પર ઉડી રહ્યા છે. રાજ્યના ગૃહમંત્રી ગાંધીનગરથી ગમે તેટલી સિંહગર્જનાઓ કરે, પણ બનાસકાંઠા બોર્ડર પર બેઠેલા ભ્રષ્ટ અધિકારીઓ માટે આ આદેશો માત્ર રદ્દી કાગળ સમાન છે. 'પાક્કો ગુજરાત'ના આંતરિક સૂત્રોના સણસણતા અહેવાલો મુજબ, બનાસકાંઠા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા કોઈ એસ.પી. કે કલેક્ટર નથી ચલાવતા, પણ પોલીસ વિભાગમાં આકા બનીને બેઠેલો 'શૂરવીર' નામનો વહીવટદાર ચલાવે છે! ખાખી વર્દીની આડમાં આ આખો ગંદો ખેલ ઉચ્ચ અધિકારીઓની સીધી છત્રછાયા હેઠળ રમાઈ રહ્યો હોવાના ગંભીર આક્ષેપોથી સમગ્ર સરહદી પંથક ધણધણી ઉઠ્યો છે.

ચોંકાવનારી અને હકાબક્કા કરી મુકે તેવી હકીકત તો એ છે કે, અમીરગઢ, પાંથાવાડા, અંબાજી અને ધાનેરા બોર્ડર પરથી કઈ કાળી રાતે કેટલી દારૂ ભરેલી ટ્રકો અને કન્ટેનરો ગુજરાતની સરહદમાં ઘુસશે, તેનો આંકડો આ કથિત વહીવટદાર 'શૂરવીર' ની ઓફિસમાંથી નક્કી થાય છે. જિલ્લા પોલીસવડા અને એલસીબી (LCB) ની નજર સામે જ કરોડો રૂપિયાનો દારૂ અને ઝેરી ડ્રગ્સ ગુજરાતના યુવાધનને બરબાદ કરવા માટે ઠાલવવામાં આવી રહ્યો છે. સવાલ એ થાય છે કે, જે સરહદો દેશ અને રાજ્યની સુરક્ષા માટે છે, તે સરહદો આ ભ્રષ્ટ બાબુઓએ બુટલેગરોના હવાલે કેમ કરી દીધી? માત્ર દારૂ જ નહીં, ચરસ, ગાંજો અને કેમિકલ ડ્રગ્સ જેવા જીવલેણ નશાના સોદાગરો કોના દબાણથી કે કોની રહેમનજર હેઠળ બોર્ડર પાર કરી રહ્યા છે?

સ્થાનિક સ્તરે અનેક રજૂઆતો કરવા છતાં એસ.પી. સાહેબ કેમ મૌન સેવીને બેઠા છે? શું આ ભેદી મૌન પાછળ દર મહિને વસૂલાતી કરોડો રૂપિયાની કટકી કારણભૂત છે? પોલીસ બેડામાં અને ખાસ કરીને ખેડા પંથકમાં અત્યારે ભારે ચર્ચા ચાલી રહી છે કે, LCB PI રાઠોડ સાહેબનો લાડકો દીકરો એટલે આ 'શૂરવીર'! આ શૂરવીર પોલીસના જોરે જ આખું નેટવર્ક ઓપરેટ થઈ રહ્યું છે. જિલ્લાના એક જૂના વહીવટદારે નામ ન આપવાની શરતે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' સાથે વાત કરતા મોટો ધડાકો કર્યો છે કે, મહિને કરોડો રૂપિયાનો આ કાળો વહીવટ લોકલ પોલીસ સ્ટેશનથી શરૂ થઈને સીધો એસ.પી. ઓફિસ અને ત્યાંથી છેક રેન્જ આઈ.જી. (Range IG) ની ઓફિસ સુધી પહોંચે છે! જ્યારે આખો કૂવો જ ભ્રષ્ટાચારથી ખદબદતો હોય, ત્યારે હવાડામાં શુદ્ધ પાણીની આશા ક્યાંથી રાખવી?

મુખ્યમંત્રી અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી વારંવાર ગુજરાતને નશામુક્ત બનાવવાની ગુલબાંગો પોકારે છે, પરંતુ બનાસકાંઠાના આ ભ્રષ્ટ વહીવટદારે આખી સિસ્ટમને લકવાગ્રસ્ત કરી દીધી છે.

વારંવાર લેખિત પુરાવા સાથે સ્થાનિક લોકોએ રજૂઆતો કરી, પણ આ 'શૂરવીર' અને તેના આકાઓ એટલા પાવરફુલ છે કે કાયદો જાણે તેમના ઘરની દાસી બની ગયો છે. રોજનો લાખો રૂપિયાનો આ કાળો કારોબાર ક્યાં સુધી ચાલશે? જનતા હવે પૂછી રહી છે કે સામાન્ય માણસ માસ્ક ન પહેરે કે હેલ્મેટ ન ભૂલે તો ડંડા મારતી અને તોડ કરતી પોલીસ, આ કરોડોના નશાના સોદાગરો સામે પૂંછડી કેમ દબાવી લે છે?

'પાક્કો ગુજરાત' એક્સક્લુઝિવ હાઈલાઈટ્સ:

સુપર સીએમ કોણ?: બનાસકાંઠા પોલીસને ઈશારે નચાવતો LCB PI રાઠોડનો ખાસ માણસ 'શૂરવીર' હવે કાયદાના સકંજામાં ક્યારે આવશે?

કરોડોનું કલેક્શન: લોકલ પોલીસ, એસ.પી. ઓફિસથી લઈને રેન્જ આઈ.જી. ઓફિસ સુધી હપ્તાની કરોડોની મલાઈ પહોંચતી હોવાનો સનસનાટીપૂર્ણ ખુલાસો. સરહદો વેચાઈ ગઈ: અમીરગઢ, પાંથાવાડા, અંબાજી અને ધાનેરા બોર્ડર પર તૈનાત પોલીસ માત્ર 'ટોલ ટેક્સ' ઉઘરાવનારી કઠપૂતળી બની? હવે જંગ આબરૂનો: શું SMC આ કિલ્લાને ધ્વસ્ત કરશે? હવે સમગ્ર ગુજરાતની નજર ગાંધીનગરની SMC (સ્ટેટ મોનિટરિંગ સેલ) પર ટકેલી છે. સ્ટેટ મોનિટરિંગ સેલના વડા આ કથિત 'શૂરવીર' ના રાજકીય અને ખાખીના દબાણ સામે ઝૂકી જશે? કે પછી ગાંધીનગરથી સપાટો બોલાવીને આ ભ્રષ્ટાચારના આકાઓ અને વહીવટદારોને જેલના સળિયા પાછળ ધકેલશે?




## લિંબાયતમાં વકીલે ઓળખ છુપાવી હિન્દુ યુવતીને પ્રેમજાળમાં ફસાવી..!

સુરત

સુરત શહેરના લિંબાયત વિસ્તારમાંથી કાયદાના રક્ષક ગણાતા વકીલ દ્વારા જ કાયદો અને માનવતાના લીરેલીરા ઉડાડતો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સમાજને ન્યાય અપાવવાનું કામ કરતા એક વકીલે કથિત રીતે પોતાની અસલી ઓળખ અને ધર્મ છુપાવીને એક હિન્દુ યુવતી સાથે કપટપૂર્વક સંબંધો બાંધ્યા હોવાની ચર્ચાએ આખા શહેરમાં ભારે ચકચાર જગાવી છે. આ ઘટના સામે આવ્યા બાદ સ્થાનિક હિન્દુ સમાજ અને સંગઠનોમાં ભારે નારાજગી અને રોષ ફાટી નીકળ્યો છે. સોશિયલ મીડિયાથી લઈને રસ્તાઓ સુધી હવે એક જ નારો ગુંજી રહ્યો છે– 'હવે તો વકીલો પણ લવ જેહાદ કરવા લાગ્યા... જાગો હિન્દુ જાગો!'

સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, લિંબાયત વિસ્તારમાં બનેલી આ ઘટનામાં આરોપી પોતે વ્યવસાયે વકીલ હોવાનું સામે આવ્યું છે. કાયદાની બારીકીઓથી વાકેફ આ વકીલે કથિત રીતે સુનિયોજિત કાવતરાના ભાગરૂપે પોતાની ધાર્મિક ઓળખ છુપાવી, હિન્દુ નામ ધારણ કરીને ભોળી યુવતીને પ્રેમની જાળમાં ફસાવી હતી. ત્યારબાદ લાંબા સમય સુધી છેતરપિંડી અને ધોખાધડી આચરીને યુવતી સાથે શારીરિક અને માનસિક સંબંધો બાંધ્યા હોવાનો આક્ષેપ છે.

કાયદાના રક્ષક જ જ્યારે ભક્ષક બનીને આ પ્રકારનું કૃત્ય આચરે, ત્યારે સમાજ વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થાય છે.

આ અનોખા અને કપટપૂર્ણ 'લવ જેહાદ'ના મામલાની જાણ થતાં જ લિંબાયત અને આસપાસના વિસ્તારોમાં લોકોના ટોળેટોળા ઉતરી પડ્યા હતા. સ્થાનિક લોકો અને હિન્દુ અગ્રણીઓમાં આ ઘટનાને લઈને તીવ્ર રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે, જો ભણેલા-ગણેલા અને કાયદો જાણતા વકીલો જ આ પ્રકારે દીકરીઓની જિંદગી બરબાદ કરવા પર ઉતરી આવશે, તો સામાન્ય બહેન-દીકરીઓ ક્યાં સુરક્ષિત રહેશે?

### ઝાલોદના ગરાડુ ગામમાં માનવતા મહેકી

## કાળઝાળ ગરમી વચ્ચે સરપંચે ટેન્કર દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા કરી

ઝાલોદ

રાજ્યભરમાં ઉનાળાની શરૂઆત થતાં જ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સમસ્યા વિકરાળ રૂપ ધારણ કરી રહી છે, ત્યારે દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ગરાડુ ગામમાંથી માનવતા અને સંવેદનશીલતાનું એક ઉત્તમ ઉદાહરણ સામે આવ્યું છે. ગામમાં સર્જાયેલી પીવાના પાણીની તીવ્ર અછત વચ્ચે ગામના પ્રજાભિમુખ મહિલા સરપંચ શ્રીમતી પાર્વતીબેન દીપસિંહ મુનિયા ગ્રામજનોની વહારે આવ્યા છે અને ગામમાં ટેન્કર મારફતે પાણી વિતરણ શરૂ કરાવી પ્રશંસનીય કામગીરી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, ગરાડુ ગામમાં છેલ્લા કેટલાક સમયથી ઉનાળાની કાળઝાળ ગરમીને કારણે જળસ્તર નીચા ગયા છે, જેના લીધે પીવાના



પાણીની વિકટ સમસ્યા ઊભી થઈ હતી. ગામની મહિલાઓ અને સ્થાનિક લોકોને પાણી મેળવવા માટે ભારે રઝળપાટ કરવો પડતો હતો અને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. પ્રજાની આ વેદના ગામના પ્રથમ નાગરિક એવા સરપંચ શ્રીમતી પાર્વતીબેન મુનિયા સુધી પહોંચતા જ તેમણે જરાય વિલંબ કર્યા વિના, તાત્કાલિક ધોરણે પોતાના સ્તરેથી ટેન્કરની વ્યવસ્થા કરાવી ગામના જરૂરિયાતવાળા વિસ્તારો સુધી પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય શરૂ કર્યું છે. ગામના આગેવાનો અને વડીલોએ જણાવ્યું હતું કે, હાલની પરિસ્થિતિમાં જ્યારે પીવાનું પાણી એ સૌથી મોટી અને પ્રાથમિક જરૂરિયાત બની ગઈ છે, ત્યારે સરપંચશ્રી દ્વારા કરાયેલી આ ત્વરિત સેવા ખરેખર વંદનીય છે. "જલ સેવા એજ પ્રભુ સેવા"ના ઉમદા ભાવ સાથે કરવામાં આવેલું આ કાર્ય અન્ય ગામોના લોકપ્રતિનિધિઓ માટે પણ એક પ્રેરણારૂપ બનશે.

## વલસાડ LCBએ ગણતરીના કલાકોમાં ઉકેલ્યો અજાણી મહિલાની હત્યાનો ગુનો

### તપાસમાં મૃતક મહિલાનો જમાઈ જ હત્યારો હોવાનું બહાર આવ્યું છે

વલસાડ

વલસાડ જિલ્લાના અતુલ વિસ્તારમાં નાળામાંથી ડી-કમ્પોઝ હાલતમાં મળી આવેલી અજાણી મહિલાની હત્યાના ગંભીર અને ચકચારભર્યા ગુનાનો ભેદ વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચે ગણતરીના કલાકોમાં ઉકેલી આરોપીની ધરપકડ કરી છે. તપાસમાં મૃતક મહિલાનો જમાઈ જ હત્યારો હોવાનું બહાર આવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ગત તા. 16 મે 2026ના રોજ સાંજે આશરે 4 વાગ્યાના સમયે અતુલ ગામના ઘાસીયાવાડી વિસ્તારમાં, અતુલ રેલવે સ્ટેશન નજીક આવેલા ગરનાળાની બાજુમાં રેલવે ઈલેક્ટ્રિક સબ-સ્ટેશન પાછળ આવેલા નાળામાંથી એક મહિલાની ડી-કમ્પોઝ હાલતમાં લાશ મળી આવી હતી. મૃતકના ગળા, બંને હાથ અને બંને પગ લીલા રંગની સાડીથી બાંધેલા હતા. તેમજ માથા અને મોઢાના ભાગે ઈજાના નિશાન તથા લોહી જોવા મળતાં મહિલાની હત્યા કરીને લાશ નાળામાં ફેંકી દેવાઈ હોવાની શંકા ઉભી થઈ હતી. આ મામલે વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરાઈ હતી.

ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરવામાં આવી હતી. બનાવ સ્થળ તથા આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ આગળ વધારવામાં આવી હતી. તપાસ દરમિયાન બનાવ સ્થળ નજીકથી લોહીના નિશાન, મહિલાની બંગડીના ટુકડાઓ, ચપ્પલ, તગારું અને ડીસમીસ જેવી વસ્તુઓ મળી આવી હતી.

## વેરાવળ નગરપાલિકામાં સત્તા મેળવવા ભાજપ-કોંગ્રેસ સામસામે : વિમલ ચુડાસમાની ગુપ્ત બેઠકથી ગીર સોમનાથનું રાજકારણ ગરમાયું!

### સત્તાધારી ભાજપના જ અસંતુષ્ટ સભ્યો વિપક્ષના સંપર્કમાં હોવાની જોરદાર ચર્ચાથી ભાજપ છાવણીમાં દોડધામ

વેરાવળ/ગીર સોમનાથ

ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક વેરાવળ નગરપાલિકામાં આગામી સમયમાં સત્તાના સૂત્રો હસ્તગત કરવા માટે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોરદાર રાજકીય ઘમાસાણ શરૂ થઈ ગયું છે. સ્થાનિક સ્તરે રાજકીય સમીકરણો મિનિટોમાં બદલાઈ રહ્યા છે. કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાની આગેવાનીમાં યોજાયેલી એક અત્યંત ગુપ્ત બેઠક બાદ વેરાવળના રાજકારણમાં મોટો ભૂકંપ આવ્યો છે. બજારમાં ચાલી રહેલી ચર્ચાઓ મુજબ, ભાજપના કેટલાક અસંતુષ્ટ નગરસેવકો અંદરખાને કોંગ્રેસના સંપર્કમાં હોવાથી સત્તાધારી પક્ષ ભાજપના મોવડી મંડળમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે.

વેરાવળ નગરપાલિકામાં વિરોધ પક્ષ તરીકે બેઠેલી કોંગ્રેસ આ વખતે મોટો ઉલટફેર કરવાના મૂડમાં દેખાઈ રહી છે.

ધારાસભ્ય વિમલ ચુડાસમાએ સ્થાનિક નેતાઓ અને નગરસેવકો સાથે ગુપ્ત સ્થળે એક મહત્વની બેઠક યોજીને આગળની રણનીતિ ઘડી કાઢી છે. કોંગ્રેસના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, પક્ષના તમામ ૨૦ નગરસેવકો અત્યારે સંપૂર્ણપણે એકજૂથ અને અકબંધ છે. પક્ષમાં કોઈપણ પ્રકારની જૂથબંધી કે નારાજગી નથી, જે કોંગ્રેસ માટે પ્લસ પોઈન્ટ સાબિત થઈ રહ્યો છે.

બીજી તરફ, વેરાવળ નગરપાલિકાના શાસક પક્ષ ભાજપમાં બધું બરાબર ચાલતું ન હોવાના સંકેતો મળી રહ્યા છે. સ્થાનિક સ્તરે જૂથબંધી અને ટિકિટ અથવા પદની વહેંચણીને લઈને ભાજપના કેટલાક સભ્યો લાંબા સમયથી નારાજ ચાલી રહ્યા છે. સૂત્રોનું માનીએ તો, ભાજપના આ અસંતુષ્ટ સભ્યોએ કોંગ્રેસના મોભીઓ સાથે ગુપ્ત વાટાઘાટો શરૂ કરી દીધી છે. જો આ નારાજ સભ્યો એન વિપક્ષના સમર્થનમાં મતદાન કરે અથવા બળવો કરે, તો ભાજપે સત્તા ગુમાવવાનો વારો આવી શકે છે.

આ ઘમાસાણને પગલે ગીર સોમનાથ જિલ્લા ભાજપ સંગઠન પણ એક્શનમાં આવ્યું છે અને પોતાના નારાજ સભ્યોને મનાવવા માટે ડેમેજ કંટ્રોલ શરૂ કરી દેવામાં આવ્યું છે. જ્યારે બીજી તરફ કોંગ્રેસ પોતાના ૨૦ સભ્યો તૂટે નહીં તેની તકેદારી રાખવા સાથે ભાજપના અસંતુષ્ટોને પોતાની તરફ ખેંચવા માટે પૂરજોશમાં લોબિંગ કરી રહી છે.

હવે જોવાનું એ રહે છે કે આ ગુપ્ત બેઠકો અને અંદરખાને ચાલતી ખેંચતાણ બાદ વેરાવળ નગરપાલિકાની ગાદી પર ભાજપ પોતાનો ગઢ સાચવી રાખે છે કે પછી વિમલ ચુડાસમાની રણનીતિ સામે ભાજપનો આ ગઢ ધ્વસ્ત થાય છે.

## ડભોઇ નગરપાલિકાની અણઘડ પ્રી-મોન્સૂન કામગીરી સામે થરવાસા ગામનો ઉગ્ર વિરોધ..

### થરવાસા ચોકડી પાસે નગરપાલિકાએ ખોદેલી વરસાદી કાંસ સરપંચ, ડે. સરપંચ અને ગ્રામજનોએ જાતે જ પૂરી દીધી

ડભોઇ

ચોમાસું નજીક આવતાં જ ડભોઇ નગરપાલિકા દ્વારા પ્રી-મોન્સૂન કામગીરીના ભાગરૂપે વરસાદી કાંસોની સાફ-સફાઈ અને ખોદકામ શરૂ કરવામાં આવ્યું છે. પરંતુ ડભોઇ નગરપાલિકાની આ કામગીરી સામે હવે ગ્રામજનો અને સ્થાનિક જનપ્રતિનિધિઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નગરપાલિકા દ્વારા થરવાસા ચોકડી નજીક કરવામાં આવેલા ખોદકામને કારણે ચોમાસાનું પાણી થરવાસા ગામમાં ઘૂસી જવાની ભીતિ ઊભી થતાં સ્થાનિકોએ ભારે હોબાળો મચાવ્યો હતો અને ગામને બચાવવા માટે નગરપાલિકાએ ખોદેલું કામકાજ જાતે જ પૂરી દીધું હતું. મળતી માહિતી મુજબ, થરવાસા ચોકડી નજીક નગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી ચાલી રહી હતી, ત્યારે થુવાવી જિલ્લા પંચાયત સદસ્ય ભાવેશ પટેલ, ગામના સરપંચ, ડેપ્યુટી સરપંચ અને



મોટી સંખ્યામાં સ્થાનિકો ત્યાં દોડી આવ્યા હતા. નગરપાલિકા દ્વારા જે રીતે વરસાદી કાંસ ઊંડી કરીને ખોદકામ કરાયું હતું, તેનાથી ડભોઇ શહેરનું તમામ પાણી થરવાસા ગામ તરફ વળે તેમ હતું. આ જોતાં જ રોષે ભરાયેલા ભાવેશ પટેલ અને ગ્રામજનોએ નગરપાલિકા દ્વારા કરવામાં આવેલું ખોદકામ જાતે જ માટી નાખીને પૂરી દીધું હતું. 'નગરપાલિકા પ્રી-મોન્સૂન કામગીરી કરે તેની સામે અમને કોઈ વાંધો નથી, પણ પોતાનું ઘર બચાવવા માટે બીજાના ઘરમાં પાણી નાખે તે કંઈ થોડું ચાલતું હશે? ડભોઇ નગરપાલિકા આડેધડ ખોદકામ કરીને ગમે ત્યાં પાણીનો નિકાલ કરવા ટેવાયેલી છે, પણ અમે આ અન્યાય સહન નહીં કરીએ. જો ગામમાં પાણી ઘૂસશે તો તેની જવાબદારી કોની?' સ્થાનિકોનો આક્ષેપ છે કે જો નગરપાલિકા આ જ પ્રકારે આડેધડ અને આયોજન વગરની કામગીરી ચાલુ રાખશે, તો આગામી ચોમાસામાં આખા થરવાસા ગામમાં પાણી ઘૂસી જશે અને નિર્દોષ લોકો મુશ્કેલીમાં મુકાશે. જો આવી પરિસ્થિતિ ઊભી થશે તો તેની જવાબદારી કોની રહેશે? તેવો તીખો સવાલ પણ સ્થાનિકો ઉઠાવી રહ્યા છે.

### ખુદ ગબ્બર મેદાનમાં

## બુટલેગરો બાદ હવે સૌરાષ્ટ્રના ખનીજ માફિયાઓ પણ ભૂગર્ભમાં ઉતરી ગયા !

- સુરેન્દ્રનગરમાં ખનીજ ચોરોનું હાઈટેક નેટવર્ક ધ્વસ્ત
- અધિકારીઓની રેકી કરતા 42 ખબરીઓ મધરાતે ઝડપાયા
- પોલીસ અને ખાણ ખનીજ વિભાગના સપાટાથી મોરબી અને ઝાલાવાડમાં ફફડાટ

રાજકોટ/સુરેન્દ્રનગર

ગુજરાત પોલીસ અને ગૃહ વિભાગે રાજ્યમાંથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓનો સફાયો કરવા માટે ખુદ ગબ્બર એટલે કે કાયદાનું કડક શાસન મેદાનમાં ઉતાર્યું છે. અત્યાર સુધી માત્ર દારૂની હેરાફેરી કરતા બુટલેગરો જ પોલીસના ડરથી ભાગતા ફરતા હતા, પરંતુ હવે સૌરાષ્ટ્રના પથ્થર, રેતી અને મોંઘી માટીની ચોરી કરતા માફિયાઓ પણ ભૂગર્ભમાં ઉતરી ગયા છે. સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં પોલીસે મધરાતે ઓપરેશન પાર પાડીને ખનીજ માફિયાઓનું આખું હાઈટેક નેટવર્ક વેરવિખેર કરી નાખતા સમગ્ર પંથકના ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદેસર ખનન રોકવા માટે ખાણ ખનીજ વિભાગ અને પોલીસ તંત્ર દ્વારા અત્યાર સુધીની સૌથી મોટી અને ઐતિહાસિક કાર્યવાહી કરવામાં આવી છે. માફિયાઓએ સરકારી તંત્ર, કલેક્ટર અને પ્રાંત અધિકારીઓની મૂવમેન્ટ પર નજર રાખવા માટે હાઈવે પર આવેલી હોટલો, કરિયાણાની દુકાનો અને પાનના ગલ્લાના સંચાલકોને પોતાના બાતમીદાર તરીકે રોક્યા હતા. જ્યારે પણ કોઈ અધિકારીની ગાડી ખનીજચોરી પર રેડ કરવા માટે કચેરી બહાર નીકળે, કે તુરંત જ આ શખ્સો ૧૦ થી વધુ વોટ્સએપ ગ્રુપ દ્વારા ખનિજ માફિયાઓને ફોન કરીને રેડની એડવાન્સ બાતમી આપી દેતા હતા, જેથી માફિયાઓ લોકેશન પરથી હિટાચી અને ડમ્પર લઈને ભાગી છૂટતા હતા. સુરેન્દ્રનગર પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા સંયુક્ત રીતે ગુપ્ત ઓપરેશન હાથ ધરીને સાયલા, સુદામડા અને આસપાસના સંવેદનશીલ પોઈન્ટ્સ પરથી અધિકારીઓની રેકી કરી રહેલા ૪૨ જેટલા ખબરીઓને રંગેહાથ ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી ૭૦ થી વધુ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે. પકડાયેલા લોકોની સંખ્યા એટલી મોટી હતી કે આખું પોલીસ સ્ટેશન ભરાઈ ગયું હતું. પોલીસ હવે આ તમામ મોબાઈલ લોગ્સ અને ચેટ્સની ફોરેન્સિક તપાસ કરીને વોટ્સએપ ગ્રુપના એડમિન અને મુખ્ય ખનીજ માફિયાઓ સુધી પહોંચવા તજવીજ હાથ ધરી રહી છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, અગાઉ સુરેન્દ્રનગર ખનીજ ચોરીનું મુખ્ય કેન્દ્ર હતું, પરંતુ તંત્રની કડકાઈ બાદ માફિયાઓએ મોરબીના હળવદ, વાંકાનેર અને માળિયામિયાણાને નવું હબ બનાવ્યું હતું. ફ્લાઈંગ સ્ક્વોડની ટીમે છેલ્લા કેટલાક સમયમાં સૌરાષ્ટ્રના અલગ-અલગ ૯ જિલ્લાઓમાંથી કરોડો રૂપિયાની કિંમતના ૧૯૫ થી વધુ વાહનો, જેમાં ૧૬૮ ડમ્પર અને ૧૩ હિટાચી મશીનો સામેલ છે, તે જપ્ત કરીને કરોડો રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

### વિજય સરઘસમાં ગણ્યા ગાંઠયા જ લોકો દેખાયા

## રાજપીપળા નગરપાલિકાના ભાજપાના પ્રમુખ ઉપપ્રમુખ ચૂંટાયા અપક્ષ ઉમેદવારે રોસ્ટર પ્રમાણે ચૂંટણી ન હોઈ વાંધો ઉઠાવ્યો

### જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ભાજપાએ ગુમાવી હોવાથી ભાજપાના નેતાઓ કે આગેવાનો ફરક્યાંજ નહીં

રાજપીપળા

આજે રાજપીપળા નગરપાલિકાના નવા પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી રાજપીપળા ખાતે પ્રાંત અધિકારી પ્રસન્નજીત કૌરના અધ્યક્ષ સ્થાને અને ચીફ ઓફિસર તથા કુલ 7 વોર્ડના ચૂંટાયેલા 28 ઉમેદવારોની ઉપસ્થિતીમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી.જેમાં ભાજપા ના પ્રમુખ ઉપપ્રમુખ ચૂંટાયા હતાં

આજની ચૂંટણીમાં ભાજપા તરફથી પક્ષનો મેન્ડેટ શહેર પ્રમુખ અજિત પરીખે પ્રમુખ ઉમેદવાર તરીકે શિવાનીબેન મહેતા, ઉપપ્રમુખ તરીકે ઉત્કર્ષ વસાવા, કારોબારી ચેરમેન કુલદીપસિંહ ગોહિલ, પક્ષના નેતા પ્રજ્ઞેશ રામી અને દંડક તરીકે ધર્મેશ સોલંકીના નામ જાહેર કર્યા હતા.

પ્રથમ પ્રમુખ ઉમેદવાર તરીકે બે નામો 1)શિવાની મહેતા અને 2)દામિની વસાવા ના નામ જાહેર થતા આંગળી ઊંચી કરાવીને મતદાન કરાવતા પ્રમુખ તરીકે સૌથી વધુ મત 25 મત શિવાની મહેતાને અને 3 મત દામિની વસાવાને મળતા શિવાની મહેતાને ને પ્રથમ અઢી વર્ષ માટે પ્રમુખ તરીકે ચૂંટાયેલા જાહેર થયા હતાં જ્યારે ઉપપ્રમુખ તરીકે ઉત્કર્ષ વસાવાને ચૂંટણી અધિકારીએ ચૂંટાયેલા જાહેર કર્યા હતાં આ પ્રસંગે નવા વારાયેલા મહિલા પ્રમુખ શિવાની મહેતાએ સૌનો આભાર માની રાજપીપળા નગરના વિકાસ માટે અને નગરના પ્રશ્નો હલ કરવાની ખાત્રી આપી હતી. ત્યારબાદ વિજય સરઘસ નીકળ્યું હતું. આ ગણ્યા ગાંઠ્યા કાર્યકરો અને ઉમેદવાર સિવાય વિજય સરઘસમાં મોટાનેતાઓ, આગેવાનો ની ગેરહાજરી સૂચક બની હતી.

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ભાજપાએ ગુમાવી હોવાથી ભાજપાના નેતાઓ કે આગેવાનો ફરક્યાંજ નહોતા વિજય સરઘસમાં ગણ્યા ગાંઠયા જ લોકો દેખાતા અને ભાજપાના કાર્યકરો ના દેખાતા કાર્યકરોની નારાજગી સ્પષ્ટ દેખાતી હતી.

જોકે વોર્ડ નંબર 3 ની અપક્ષ મહિલા કોર્પોરેટર દામિની વસાવાએ ચૂંટણી અધિકારી સમક્ષ આ ચૂંટણી રોસ્ટર મુજબ ના હોઈ ગેર બંધારણીય હોવાનું જણાવી વિરોધ નોંધાવ્યો હતો અને જણાવ્યું હતું કે આ ચૂંટણી રોસ્ટર મુજબ પ્રમુખની ચૂંટણી આદિજાતિ અનામત ની કરવાની હતી તેને બદલે સામાન્ય મહિલા પ્રમુખની ચૂંટણી કરી આદિવાસી અનામતનો હક છીનવી લીધો હતો આ બાબતે તેનો વિરોધ નોંધાવી ચૂંટણી પ્રક્રિયાને ગેરબંધારણીય ગણાવી હતી.



### કૃતિ સેનનની પ્રશંસા કર્યા બાદ જાહેરમાં માગવી પડી માફી

# ‘કોકટેલ 2’ની ઈવેન્ટમાં અભિનેત્રી રશ્મિકા મંદાનાની જીભ લપસી

મુંબઈ

બોલિવૂડમાં અવારનવાર એવું કહેવાય છે કે બે અગ્રણી અભિનેત્રીઓ ક્યારેય સારી મિત્ર બની શકતી નથી, પરંતુ આગામી ફિલ્મ ‘કોકટેલ 2’ની અભિનેત્રીઓ રશ્મિકા મંદાના અને કૃતિ સેનન આ વાતને ખોટી સાબિત કરી રહી છે. બંને કલાકારો એકબીજા સાથે ખૂબ જ સારો બોન્ડ શેર કરે છે. જોકે, તાજેતરમાં જ ફિલ્મના એક પ્રમોશનલ કાર્યક્રમ દરમિયાન કૃતિની પ્રશંસા કરતી વખતે રશ્મિકાના મોઢેથી અજાણતા એક એવો શબ્દ નીકળી ગયો હતો, જેના કારણે તેને જાહેરમાં માફી માગવાની નોબત આવી હતી. શાહિદ કપૂર, કૃતિ સેનન અને રશ્મિકા મંદાના સ્ટારર મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘કોકટેલ 2’ આગામી 19 જૂને સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. હાલમાં આ ત્રણેય કલાકારો જોરશોરથી ફિલ્મનું પ્રમોશન કરી રહ્યા છે. ગઈકાલે યોજાયેલી એક ઈવેન્ટમાં મીડિયા સાથેની વાતચીત દરમિયાન રશ્મિકાએ ફિલ્મમાં કૃતિના ગ્લેમરસ અને બોલ્ડ લુકના વખાણ કરવાનું શરૂ કર્યું હતું રશ્મિકાએ ઉત્સાહમાં આવીને કહ્યું, “કોકટેલ 2માં કંઈક તો એકદમ અલગ છે. કૃતિ, તું ખૂબ હોટ લાગી રહી છે જેમ કે આખી દુનિયા જાણે છે. સાચું કહું તો તું ખૂબ જ વધારે હોટ છે. તું કમાલ લાગી રહી છે.” આ પ્રશંસા દરમિયાન જ રશ્મિકાની જીભ લપસી ગઈ હતી અને કેમેરા સામે ન બોલવા જેવો એક અણછાજતો શબ્દ તેના મોઢેથી નીકળી ગયો હતો. જોકે, ભૂલનો અહેસાસ થતાં જ રશ્મિકાએ તરત જ માફી માગી લીધી હતી, જેના પર ત્યાં હાજર તમામ લોકો હસી પડ્યા હતા. આ જ ઈવેન્ટનો વધુ એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે ફોટોગ્રાફર્સને પોઝ આપતી વખતે જ્યારે સહ-કલાકાર શાહિદ કપૂરે રશ્મિકાની કમર પર હાથ મૂક્યો, ત્યારે તે અચાનક ચોંકી ગઈ હતી. તે લાઈવ કેમેરા સામે થોડી ક્ષણો માટે અનકમ્ફર્ટેબલ દેખાઈ હતી અને તેણે આશ્ચર્ય સાથે શાહિદનો હાથ ત્યાંથી હટાવી દીધો હતો, જેના કારણે શાહિદ પણ થોડીવાર માટે અચંબિત થઈ ગયો હતો. હોમી અડજાનિયાના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર કેવો કમાલ કરે છે તે જોવું રસપ્રદ રહેશે. નોંધનીય છે કે બંને કલાકારો એકબીજા સાથે ખૂબ જ સારો બોન્ડ શેર કરે છે. જોકે, તાજેતરમાં જ ફિલ્મના એક પ્રમોશનલ કાર્યક્રમ દરમિયાન કૃતિની પ્રશંસા કરતી વખતે રશ્મિકાના મોઢેથી અજાણતા એક એવો શબ્દ નીકળી ગયો હતો, જેના કારણે તેને જાહેરમાં માફી માગવાની નોબત આવી હતી.

**એક પ્રમોશનલ કાર્યક્રમ દરમિયાન કૃતિની પ્રશંસા કરતી વખતે રશ્મિકાના મોઢેથી અજાણતા એક એવો શબ્દ નીકળી ગયો હતો**

# જાન્હવીની એક નજર ને બોડીગાર્ડે ફેનને બાવડું પકડી નીચે મોકલ્યો

## એક્ટ્રેસને નજીક આવીને સેલ્ફી લેવું ન ગમ્યું, ગોવિંદાના ગાર્ડ્સની પણ પાપારાઝી સાથે બબાલ

મુંબઈ

સોમવારે અપકમિંગ ફિલ્મ ‘પેડ્ડી’ની ટ્રેલર લોન્ચ ઈવેન્ટ યોજાઈ હતી. મુંબઈના બીકેસીમાં યોજાયેલી આ ઈવેન્ટમાં જાન્હવી કપૂર અને રામચરણ સહિત ફિલ્મની સ્ટારકાસ્ટ પહોંચી હતી. આ દરમિયાન એક ફેનનું નજીક આવીને સેલ્ફી લેવું જાન્હવી કપૂરને પસંદ ન આવ્યું અને તેણે બોડીગાર્ડને ઈશારો કરીને તરત જ તેને દૂર કરાવી દીધો. ’પેડ્ડી’ ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાંથી એક વીડિયો સામે આવ્યો છે, જેમાં જાન્હવી કપૂર મંચ પર છે. ત્યારે એક ફેન તેમની ખૂબ નજીક આવ્યો અને સેલ્ફી લેવા લાગ્યો. તેના આવતા જ જાન્હવી કપૂરે પાસે ઉભેલા બોડીગાર્ડને એક નજર જોઈને ઈશારો કર્યો, જેના તરત બાદ ગાર્ડે તે વ્યક્તિનો હાથ પકડીને ધક્કો મારીને મંચ પરથી નીચે ઉતારી દીધો. વીડિયો સામે આવ્યા બાદ ઘણા લોકો જાન્હવીની ટીકા કરી રહ્યા છે. એક સોશિયલ મીડિયા યુઝરે લખ્યું છે કે, મને સમજાતું નથી કે આ લોકોને આટલું ધ્યાન કેમ આપવામાં આવે છે. આ લોકો ભૂલી જાય છે કે તે લોકોની કારણે જ છે અને આપણા વિના કંઈ નથી. જ્યારે બીજા યુઝરે લખ્યું છે, એટલે એની મૂવી ચાલતી નથી. જેના કારણે ઈન્ડસ્ટ્રી છે, એની જ ઈજ્જત નથી કરતા. નેપોકિડ્સ છે, તો મૂવી મળી રહી છે અને સારા હોવાનો દેખાડો કરે છે. બાકી ખરેખરમાં એની પાસે કંઈ નથી. ગોવિંદાના ગાર્ડની પાપારાઝી સાથે થઈ બોલચાલ. તાજેતરમાં ગોવિંદા એક ઈવેન્ટનો ભાગ બન્યા, જ્યાં તેમના બોડીગાર્ડ્સ અને પાપારાઝી વચ્ચે બોલાચાલી થઈ ગઈ. ઈવેન્ટ પૂરી થયા પછી જેવો ગોવિંદા બહાર નીકળ્યો, ત્યારે ભીડે તેને ઘેરી લીધો. આ દરમિયાન પાપારાઝી પણ તેને ક્લિક કરી રહ્યા હતા. ત્યારે ગોવિંદાના બાઉન્સરે તેના નીકળવાનો રસ્તો બનાવતા લોકોને પાછળ ધક્કો માર્યો. ફિલ્મ પેડ્ડી શરૂઆતમાં 27 માર્ચે રામચરણના જન્મદિવસ પર રિલીઝ થવાની હતી, જોકે, બાદમાં તેને પોસ્ટપોન કરવામાં આવી. રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મને ધુરંધર 2 અને ટોક્સિક સાથેના ક્લેશથી બચાવવા માટે પોસ્ટપોન કરવામાં આવી હતી.



# અભિનેત્રી નેહલના દાવા પર ‘લાલો’ના અભિનેતા કરણ જોષીનો ખુલાસો

## બે દિવસ પહેલા એક્ટ્રેસ નેહલ વડોલિયાએ તેના ઈન્સ્ટાગ્રામ પર વીડિયો પોસ્ટ કરીને તેના કેપ્શનમાં લખ્યું છે કે, 'હું આ બધું ફેમસ થવા માટે નહીં, પણ માત્ર સાબિતી આપવા માટે પોસ્ટ કરી રહી છું.

મુંબઈ

ગુજરાતી સિનેમા જગતમાં હાલ એક મોટો વિવાદ ગરમાયો છે, જેમાં જાણીતી અભિનેત્રી અને ’તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ ફેમ નેહલ વડોલિયાએ ગત વર્ષે ખૂબ ચર્ચામાં આવેલી ગુજરાતી ફિલ્મ ‘લાલો’ના મુખ્ય અભિનેતા કરણ જોષી પર ગંભીર આરોપો કર્યા છે. નેહલનો દાવો છે કે કરણ જોષીએ તેને ઈન્સ્ટાગ્રામ પર અત્યંત વાંધાજનક, અભદ્ર અને બીભત્સ મેસેજ મોકલ્યા હતા. જેના જવાબમાં આજે 19 મેના રોજ અભિનેતા કરણ જોષીએ 5 મહિના પહેલા શું બન્યું હતું તે અંગે ખુલાસો કર્યો છે. ઘટનાને અલગ રીતે રજૂ કરાઈ: કરણ જોષી ’લાલો શ્રી કૃષ્ણ સદા સહાયતે’ ફિલ્મના અભિનેતા કરણ જોષી અને અભિનેત્રી નેહલ વડોલિયા વચ્ચેના જૂના વિવાદે ફરી સોશિયલ મીડિયા પર જોર પકડ્યું છે. વાઈરલ થયેલા અભદ્ર આક્ષેપો વચ્ચે કરણ જોષીએ પણ સામે આવીને આ મામલે પોતાનો પક્ષ રજૂ કર્યો છે. કરણનું કહેવું છે કે આ સમગ્ર વિવાદ તેનું સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક થવાને કારણે ઊભો થયો છે. પાંચ મહિના જૂની ઘટનાને અલગ અલગ રીતે રજૂ કરવામાં આવી રહી છે. જો કે નેહલે આ અંગેનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યાના આશરે દોઢ કલાકમાં જ ડિલીટ કરી દીધો હતો, પરંતુ તે પહેલાં જ આ વીડિયો ડાઉનલોડ થઈને વાઈરલ થઈ ચૂક્યો હતો. કલાકારના આવા કથિત વર્તન સામે સોશિયલ મીડિયા પર લોકો આક્રોશ ઠાલવી રહ્યા છે અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. લોકો એ પણ સવાલ કરી રહ્યા છે કે જો નેહલ વડોલિયાના કથિત આરોપો સાચા હોય તો વીડિયો કેમ ડિલીટ કરી દીધો. ’મિત્રો હું કરણ જોષી, છેલ્લા બે દિવસથી ઘણા બધા હિતેચ્છુઓના મને મેસેજ આવે છે. કે ભાઈ અમે જાણીએ છીએ કે તું સાચો છે અમે બધા તારી સાથે છીએ. એટલે જ હવે જે સાચી અને આખી વાત છે. એ હું તમને કહી દઉં, આ ઘટના 5 મહિના જૂની છે ત્યારે મારુ એકાઉન્ટ હેક થયું હતું. મારા મિત્રો અને સંબંધીઓને પણ મેસેજ ગયા હતા. કોઈ જોડે પૈસાની માંગણી તો કોઈને અભદ્ર માંગણીઓ થઈ હતી. તે વખતે હું ફિલ્મના પ્રમોશનમાં ખૂબ જ વ્યસ્ત હતો એટલે મારા એકાઉન્ટમાં શું થઈ રહ્યું છે તેની મને ખબર ન હતી. પણ જે મિત્રોને મેસેજ ગયા તેમણે મને જણાવ્યું કે તારામાંથી કેમ આ પ્રકારના મેસેજ આવે છે. પછી મને ખબર પડી કે મારુ એકાઉન્ટ હેક થયું છે.








# સલમાન ખાનનો શર્ટલેસ ફોટો જોઈને પૂર્વ ગર્લફ્રેન્ડ સંગીતા બિજલાની થઈ ફિદા

## સોશિયલ મીડિયા યુઝર્સ સલમાન ખાનની ફિટનેસના જોરદાર વખાણ કરી રહ્યા છે. ચાહકોનું કહેવું છે કે સલમાન 60 વર્ષની ઉંમરની નજીક હોવા છતાં તેમની ફિટનેસ અદભુત છે અને તેમને જોઈને ઉંમરનો અંદાજો લગાવવો મુશ્કેલ છે

મુંબઈ

બોલિવૂડના સુપરસ્ટાર સલમાન ખાન અવારનવાર પોતાના લુક અને ફિટનેસના કારણે સોશિયલ મીડિયા પર ચર્ચાનું કેન્દ્ર બનતા હોય છે. તાજેતરમાં જ સલમાન ખાને ઈન્સ્ટાગ્રામ પર પોતાનો એક શર્ટલેસ એટલે કે ટોપલેસ ફોટો શેર કર્યો હતો. આ તસવીરમાં તેમનું અદભુત બોડી ટ્રાન્સફોર્મેશન અને ફિટનેસ જોઈને ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. જોકે, આ પોસ્ટમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર તેમની પૂર્વ ગર્લફ્રેન્ડ અને અભિનેત્રી સંગીતા બિજલાનીની પ્રતિક્રિયા રહી છે. ’Alone’ અને ’Lonely’ વચ્ચેનો તફાવત સમજાવ્યો સલમાન ખાને શેર કરેલી તસવીરમાં તેઓ એક ડિમ લાઈટવાળા રૂમમાં સોફા પર બેઠેલા જોવા મળે છે. આ ફોટોની સાથે તેમણે એક રસપ્રદ કેપ્શન પણ લખ્યું હતું, જેમાં તેમણે ‘Alone’ અને ‘Lonely’ વચ્ચેનો ભેદ સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. સલમાને લખ્યું કે, ‘પોતાની સાથે બે રીતે રહી શકાય છે. એક ’અલોન’ અને બીજી ’લોનલી’. ’અલોન’ એટલે કે પોતાની મરજીથી એકલા રહેવું, જ્યારે ’લોનલી’નો અર્થ એવો થાય કે જ્યારે કોઈ તમારી સાથે રહેવા ન માંગતું હોય. હવે આગળ તમારે શું કરવું છે તે તમારે પોતે જ નક્કી કરવાનું છે.‘ તેમની આ ફિલોસોફિકલ પોસ્ટે સોશિયલ મીડિયા પર નવી ચર્ચા છેડી દીધી હતી. સલમાનની આ પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા સંગીતા બિજલાનીએ કમેન્ટ બોક્સમાં “Uff!” લખીને ફાયરનું ઈમોજી પોસ્ટ કર્યું હતું. સંગીતાની આ કમેન્ટે નેટીઝન્સનું ધ્યાન આકર્ષિત કર્યું છે અને ચાહકો જૂના દિવસોને યાદ કરવા લાગ્યા છે. ઉલ્લેખનીય છે કે, 1980ના દાયકામાં સલમાન અને સંગીતા લાંબા સમય સુધી રિલેશનશિપમાં હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બંનેના લગ્ન પણ નક્કી થઈ ગયા હતા અને લગ્નની કંકોતરીઓ પણ છપાઈ ગઈ હતી, પરંતુ કોઈ કારણસર આ સંબંધ આગળ વધી શક્યો ન હતો. જોકે, આજે પણ બંને વચ્ચે ખૂબ જ સૌહાર્દપૂર્ણ અને મિત્રતાભર્યા સંબંધો છે.

# રામ ચરણની મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘પેડ્ડી’નું ટ્રેલર રિલીઝ: બદલાતી રિલીઝ ડેટ વચ્ચે ફેન્સમાં ઉત્સાહ અને મૂંઝવણ




મુંબઈ

તેલુગુ સુપરસ્ટાર રામ ચરણ છેલ્લા કેટલાક મહિનાઓથી તેમની આગામી ફિલ્મ ‘પેડ્ડી’ (Peddi) ના લાંબા શૂટિંગ અને વારંવાર બદલાતી રિલીઝ ડેટને કારણે સતત ચર્ચામાં છે. આખરે આજે મેકર્સ દ્વારા ફિલ્મનું ધમાકેદાર ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે. વારંવાર પ્રમોટ થયા બાદ હવે આ ફિલ્મ આગામી 4 જૂને સિનેમાઘરોમાં દસ્તક દેવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. અગાઉ આ ફિલ્મ રામ ચરણના જન્મદિવસે એટલે કે 27 માર્ચ, 2026ના રોજ રિલીઝ થવાની હતી. જોકે, અન્ય ફિલ્મ ‘ધુરંદર: ધ રિવેન્જ’ સાથેની ટક્કર ટાળવા તેને 30 એપ્રિલ સુધી લંબાવવામાં આવી હતી. ત્યારબાદ અન્ય કેટલાક અણધાર્યા કારણોસર અને ‘ટોક્સિક’ ફિલ્મની રિલીઝ મુલતવી રહેતા, મેકર્સે ‘પેડ્ડી’ માટે 4 જૂનની તારીખ આખરી કરી છે. મે મહિનામાં જ ફિલ્મનું શૂટિંગ પૂરું થયું છે અને રિલીઝ આડે હવે એક મહિનાથી પણ ઓછો સમય બાકી છે. બુચ્ચી બાબુ સના દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં રામ ચરણ ‘પેડ્ડી’ નામના પાત્રમાં જોવા મળશે, જે ગ્રામજનો માટે કોઈ તારણહારથી ઓછો નથી. ટ્રેલર અનુસાર, પેડ્ડી એકસાથે ત્રણ અલગ-અલગ રમતોમાં માહિર બતાવાયો છે. ગામના લોકો માટે ક્રિકેટર, પહેલવાન કે રેસિંગ ચેમ્પિયન એટલે માત્ર પેડ્ડી. ટ્રેલરમાં જોવા મળે છે કે ગામ પર એક મોટું સંકટ આવવાનું છે અને પેડ્ડી તેમની વહારે આવે છે. જોકે, વાર્તામાં રામ ચરણનું વાસ્તવિક લક્ષ્ય શું છે તે સ્પષ્ટ ન થતાં ટ્રેલર ઉત્તેજનાની સાથે થોડી મૂંઝવણ પણ ઊભી કરે છે. મેગાસ્ટાર રામ ચરણે આ ફિલ્મ માટે સખત મહેનત કરી છે. એક કુસ્તીબાજ જેવું શરીર મેળવવા માટે તેણે વજન વધાર્યું છે અને ખાસ ટ્રેનિંગ લીધી છે, જે ટ્રેલરમાં સાફ દેખાય છે. એસ.એસ. રાજામૌલીની વૈશ્વિક બ્લોકબસ્ટર ‘RRR’ પછી રામ ચરણને કોઈ મોટી હિટ ફિલ્મ મળી નથી. આવી સ્થિતિમાં, ચાહકોની ઊંચી અપેક્ષાઓ વચ્ચે શું ‘પેડ્ડી’ રામ ચરણની મહેનતને બોક્સ ઓફિસ પર સફળતા અપાવશે, તે જોવું રસપ્રદ રહેશે.

## બુમરાહ-જાડેજાને આરામ, વન-ડેમાં ઈશાનની વાપસી; સુથાર, બરાર અને હર્ષને પહેલીવાર મળી તક

# અફઘાનિસ્તાન સામેની સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત

નવી દિલ્હી

અફઘાનિસ્તાન સામે રમાનારી ટેસ્ટ અને વનડે સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. મંગળવારે જાહેર કરાયેલી ટેસ્ટ ટીમમાંથી ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ અને ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાને આરામ આપવામાં આવ્યો છે. માનવ સુથાર, ગુરનૂર બરાર અને હર્ષ દુબેને પહેલીવાર ભારતીય ટીમમાં સ્થાન મળ્યું છે. વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશનની વન-ડે ટીમમાં વાપસી થઈ છે. અફઘાનિસ્તાનની ટીમ 6 જૂનથી ભારતના પ્રવાસે આવશે, જ્યાં બંને ટીમો વચ્ચે એક ટેસ્ટ અને 3 વન-ડે મેચ રમાશે. વનડે મેચો ધર્મશાલા, લખનઉ અને ચેન્નઈમાં 14, 17 અને 20 જૂનના રોજ રમાશે. વર્કલોડ મેનેજમેન્ટ હેઠળ જસપ્રીત બુમરાહ અને રવીન્દ્ર જાડેજાને ટેસ્ટ ટીમમાંથી આરામ આપવામાં આવ્યો છે. રિષભ પંત અને ધ્રુવ જુરેલ વિકેટકીપર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. દેવદત્ત પડિક્કલની નંબર-3 પર વાપસી થઈ છે. તેની સાથે સાઈ સુદર્શન પણ છે. પડિક્કલ બે ટેસ્ટ રમી ચૂક્યા છે. તેણે છેલ્લી ટેસ્ટ 2024માં પર્થમાં ઓસ્ટ્રેલિયા સામે રમી હતી. વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશનની 3 વર્ષ પછી ભારતીય વન-ડે ટીમમાં વાપસી થઈ છે. તેણે છેલ્લી વન-ડે મેચ 11 ઓક્ટોબર 2023ના રોજ અફઘાનિસ્તાન સામે દિલ્હીમાં રમી હતી. ઈશાન અત્યાર સુધી ભારત માટે 27 વન-ડે મેચ રમી ચૂક્યો છે, જેમાં તેણે 42.40ની એવરેજ અને 102.19ના સ્ટ્રાઈક રેટથી 933 રન બનાવ્યા છે. ઈશાનના નામે વન-ડેમાં એક બેવડી સદી અને 7 અડધી સદી પણ નોંધાયેલી છે. અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચ માટે ભારતીય ટીમમાં ગુરનૂર બરાર, માનવ સુથાર અને હર્ષ દુબેનો પહેલીવાર સમાવેશ કરવામાં આવ્યો છે. ત્રણેય ખેલાડીઓએ ડોમેસ્ટિક ક્રિકેટમાં શાનદાર પ્રદર્શનના જોરે ટીમ ઈન્ડિયામાં સ્થાન મેળવ્યું છે.

પંજાબના ફાસ્ટ બોલર ગુરનૂર બરારે 2024-25ની રણજી ટ્રોફી સીઝનમાં 7 મેચમાં 26 વિકેટ ઝડપીને સૌથી વધુ વિકેટ લેનારા બોલર બન્યા હતા. 6 ફૂટ 4 ઈંચ લાંબા ગુરનૂર પોતાની એક્સ્ટ્રા બાઉન્સ અને સ્પીડ માટે જાણીતો છે. IPLમાં તે ગુજરાત ટાઈટન્સ ટીમનો ભાગ છે.

રાજસ્થાનના લેફ્ટ આર્મ સ્પિનર માનવ સુથાર સ્થાનિક ક્રિકેટમાં સતત પ્રભાવશાળી રહ્યો છે. 2022-23ની રણજી ટ્રોફીમાં તેમણે 39 વિકેટ ઝડપીને રાજસ્થાનના સૌથી સફળ બોલરનો રેકોર્ડ બનાવ્યો હતો. તે ઈન્ડિયા-એ ટીમનો પણ ભાગ રહી ચૂક્યો છે અને IPLમાં ગુજરાત ટાઈટન્સ સાથે જોડાયેલો છે. બીજી તરફ, વિદર્ભના ઓલરાઉન્ડર હર્ષ દુબેએ બોલ અને બેટ બંને વડે શાનદાર પ્રદર્શન કર્યું છે. ડાબા હાથના સ્પિનર હર્ષે સ્થાનિક રેડ-બોલ ક્રિકેટમાં સતત સારું પ્રદર્શન કર્યું અને IPLમાં સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી રમતા પસંદગીકારોનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું હતું.

ભારતીય ટેસ્ટ ટીમ

શુભમન ગિલ (કેપ્ટન), કેએલ રાહુલ (વાઈસ કેપ્ટન), યશસ્વી જાયસ્વાલ, સાઈ સુદર્શન, રિષભ પંત, દેવદત્ત પડિક્કલ, નીતિશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, માનવ સુથાર, ગુરનૂર બરાર, હર્ષ દુબે અને ધ્રુવ જુરેલ.




## હૈદરાબાદની જીતથી ગુજરાત પણ ક્વોલિફાય

મુંબઈ

ચેપોકના હોમ ગ્રાઉન્ડ પર સનરાઈઝર્સ હૈદરાબાદ સામે મળેલી 5 વિકેટે શરમજનક હાર ચેન્નઈ સુપર કિંગ્સને ભારે પડી ગઈ છે. આ હારના કારણે ઋતુરાજ ગાયકવાડની ટીમ સતત ત્રીજી સીઝનમાં લીગ સ્ટેજમાંથી બહાર થવાના આરે આવીને ઊભી રહી ગઈ છે. બીજી તરફ, હૈદરાબાદની આ જીતથી સનરાઈઝર્સતો પ્લેઓફમાં પહોંચી જ ગઈ, પણ તેણે ગુજરાત ટાઈટન્સને પણ પ્લેઓફની ટિકિટ અપાવી દીધી છે. હવે પોઈન્ટ્સ ટેબલમાં ટોપ 3 ટીમો (RCB, GT અને SRH) ફાઈનલ થઈ ચૂકી છે અને માત્ર છેલ્લી 1 સીટ માટે 5 ટીમો વચ્ચે કાંટાની ટક્કર જામી છે. ચેન્નઈ પ્લેઓફમાં પહોંચે તેની સંભાવના સાવ ઓછી મેચ પહેલાં સીએસકેની પ્લેઓફમાં પહોંચવાની સંભાવના 35.50% હતી, જે આ હાર બાદ ગગડીને સીધી 6.8% થઈ ગઈ છે. આ રેસમાં રહેલી તમામ ટીમોમાં સીએસકેની જીતવાની આશા સૌથી ઓછી છે. સીએસકેએ હવે તેની છેલ્લી લીગ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મજબૂત ગુજરાત ટાઈટન્સ સામે રમવાની છે. ચેન્નઈએ ગુજરાત સામેની મેચ જીતવી પડશે અને સાથે-સાથે બીજી ટીમોના પરિણામો પણ તેમની ફેવરમાં આવે તેની પ્રાર્થના કરવી પડશે. ચેન્નઈની હારના કારણે પોઈન્ટ્સ ટેબલના મિડલ ઓર્ડરમાં મોટો ફાયદો થયો છે. સતત 6 હાર બાદ 13 પોઈન્ટ્સ પર અટકેલી પંજાબ કિંગ્સની ક્વોલિફિકેશન સંભાવના 31.1%થી વધીને 33.6% થઈ ગઈ છે. રાજસ્થાન રોયલ્સ પણ 34.8%થી વધીને 34.9% પર પહોંચી ગઈ છે. જ્યારે કોલકાતા નાઈટ રાઈડર્સની તક 13.9% થી સુધરીને 14.8% થઈ છે. પંજાબ, ચેન્નઈ અને દિલ્હી કેપિટલ્સએ લીગ સ્ટેજમાં 13-13 મેચો રમી લીધી છે અને તેમની પાસે હવે માત્ર 1-1 મેચ જ બાકી છે. તેની સામે રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સપાસે હજુ 2-2 મેચો હાથમાં બાકી છે.

### યશસ્વીના 4 હજાર ટી-20 રન પૂરા

## મૂળ ભારતીય બ્રિટિશ ગોલ્ફર એરોન રાયે યુએસ પીજીએ ચેમ્પિયનશિપ જીતીને રચ્યો ઈતિહાસ

મુંબઈ

ગોલ્ફની દુનિયામાં એક નવો ઈતિહાસ રચાયો છે. ઈંગ્લેન્ડના 31 વર્ષીય ગોલ્ફર એરોન રાયે (Aaron Rai) પ્રતિષ્ઠિત 'યુએસ પીજીએ ચેમ્પિયનશિપ' જીતી લીધી છે.

આ સાથે જ તેણે 107 વર્ષ જૂનો એક મોટો રેકોર્ડ તોડ્યો છે. વર્ષ 1919માં જિમ બાર્ન્સ પછી આ ખિતાબ જીતનારા તેઓ પ્રથમ ઈંગ્લિશ ખેલાડી બન્યા છે. દિગ્ગજોને પાછળ છોડી મેળવી જીત એરોન રાય માટે આ જીત આસાન નહોતી.



રમાયેલી ફાઈનલ મેચની શરૂઆતમાં 21 ખેલાડી રેસમાં હતા, જેમાં રોરી મેકઈલરાય અને જોન રહમ જેવા વિશ્વના 8 દિગ્ગજો સામે તેમણે બાથ ભીડવાની હતી. વિશ્વમાં 44મો રેન્ક ધરાવતા એરોન રાયે શરૂઆતની 8 હોલમાં કેટલીક ભૂલો કરી હતી, પરંતુ ત્યારપછી તેમણે અદભુત વાપસી કરી હતી. એરોન રાયે 9મી હોલ પર 40 ફૂટ દૂરથી શાનદાર 'ઈગલ' (ગોલ્ફમાં નિયત શૉટ્સ કરતાં બે શૉટ ઓછા રમીને બોલ હોલમાં નાખવો) ફટકારીને મેચમાં ધમાકેદાર પુનરાગમન કર્યું. ત્યાર પછી 17મા હોલમાં તેમણે 68 ફૂટ જેટલા લાંબા અંતરેથી અદભુત 'બર્ડિ' (નિયત શૉટ્સ કરતાં એક શૉટ ઓછો) ફટકારીને સ્ટેડિયમમાં હાજર હજારો ગોલ્ફ પ્રેમીઓને ચોંકાવી દીધા હતા. આ શૉટ સાથે જ તેમની જીત પાકી થઈ ગઈ હતી. તેમણે ફાઈનલ રાઉન્ડમાં 65 સ્કોર કરીને જોન રહમ અને એલેક્સ સ્મોલીને 3 શૉટ્સથી હરાવ્યા અને ગોલ્ફ જગતની સૌથી મજબૂત ગણાતી આ સ્પર્ધા પોતાના નામે કરી લીધી.

## ધોનીની છેલ્લી IPL! ફોટોશૂટે સો.મીડિયા પર જગાવી ચર્ચા

### રિષભ પંતને વાઇસ-કેપ્ટન પદ પરથી હટાવવાની ચર્ચા

મુંબઈ

શું મહેન્દ્ર સિંહ ધોની આઈપીએલ 2027 માં પણ રમશે જેથી તેઓ ચેપોક સ્ટેડિયમમાં રમતા રમતા સંન્યાસ લઈ શકે? અથવા તો ધોની આ સીઝનમાં એક પણ મેચ રમ્યા વિના જ આઈપીએલ ક્રિકેટને હંમેશ માટે અલવિદા કહી ચૂક્યો છે? સુરેશ રૈનાએ આપેલા નિવેદનથી તો એવા જ સંકેતો મળી રહ્યા છે કે હવે ક્રિકેટના મેદાન પર 'થાલા' નો હેલિકોપ્ટર શૉટ ક્યારેય જોવા નહીં મળે.

એમ એસ ધોનીએ અગાઉ જાહેરાત કરી હતી કે તેઓ જ્યારે પણ આઈપીએલમાંથી નિવૃત્તિ લેશે, ત્યારે ચેન્નઈના હોમ ગ્રાઉન્ડ ચેપોક સ્ટેડિયમ પર પોતાની આખરી મેચ રમીને જ લેશે. સોમવારે ચેપોક સ્ટેડિયમમાં ચેન્નઈ સુપર કિંગ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે આ સીઝનનો આ મેદાન પર છેલ્લી



મેચ રમાઈ હતી. ફેન્સની નજર પ્લેઈંગ ઈલેવનમાં ધોનીને શોધી રહી હતી, પરંતુ ઈજાના કારણે ધોની આખી સીઝનની જેમ આ મેચમાં પણ રમી શક્યો નહીં.

IPL 2026ની 63મી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે ચેન્નાઈ સુપર કિંગ્સને 5 વિકેટથી હરાવ્યું. ચેપોક સ્ટેડિયમમાં પ્રથમ બેટિંગ કરતા, CSKએ 7 વિકેટે 180 રન બનાવ્યા. જવાબમાં, હૈદરાબાદે હેનરિક ક્લાસેન અને અભિષેક શર્માની ઈનિંગ્સને કારણે 19 ઈનિંગ્સમાં લક્ષ્ય પુરુ કર્યું. સોમવારે, ઈનિંગ્સ બ્રેક દરમિયાન, એમએસ ધોનીએ ટીમ સાથે ગ્રુપ ફોટોશૂટ કરાવીને ફેન્સને એક ખાસ ક્ષણ આપી. ક્લાસેન માત્ર 58 ઈનિંગ્સમાં 2 હજાર IPL રન પૂરા કર્યા.

રુતુરાજ ગાયકવાડે ચેપોક ખાતે પોતાના 1000 IPL રન પણ પૂરા કર્યા. હૈદરાબાદના બેટ્સમેન હેનરિક ક્લાસેનએ IPLમાં 2000 રન પૂરા કર્યા છે. તેણે માત્ર 58 ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી છે. સાઈ સુદર્શન 47 ઈનિંગ્સ સાથે યાદીમાં ટોપ પર છે. ક્લાસેન IPLમાં 2000 રન પૂરા કરવા માટે માત્ર 1214 બોલ રમ્યો હતો. તે સૌથી ઓછા બોલમાં આ સીમાચિહ્ન સુધી પહોંચનારા બેટ્સમેનોની યાદીમાં પાંચમા સ્થાને પહોંચી ગયો છે. આન્દ્રે રસેલ 1120 બોલ સાથે પ્રથમ નંબરે છે. હવે સીએસકેની આ સીઝનની છેલ્લી લીગ મેચ 21મે ના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઈટન્સ સામે રમાવાની છે. પરંતુ, સીએસકે પ્લેઓફની રેસમાંથી લગભગ બહાર થઈ ચૂકી હોવાથી અને ધોની સંપૂર્ણ ફિટ ન હોવાથી તેઓ અમદાવાદમાં પણ રમે તેવી શક્યતા નહિવત્ છે. ધોનીએ ભલે સત્તાવાર જાહેરાત ન કરી હોય, પરંતુ તેમના સૌથી નજીકના મિત્ર સુરેશ રૈનાએ એક મોટો ખુલાસો કર્યો છે. રૈનાએ કહ્યું કે કે, 'મેં માહી ભાઈને કહ્યું - તમે તો IPL 2026ને માત્ર એક મિસ્ડ કોલ આપી દીધો. આ સીઝનની તો ગણતરી જ નહીં થાય કારણ કે તમે એક પણ મેચ નથી રમ્યા. હવે તમારે ફેન્સ માટે આગામી સીઝનમાં આવવું જ પડશે. જવાબમાં ધોનીએ કહ્યું- મારું શરીર હવે નબળું પડી ગયું છે.'




### અમદાવાદમાં પેટ્રોલ 98.33 અને ડીઝલ 94.10 રૂપિયા પ્રતિ લિટર થયું

## પેટ્રોલ-ડીઝલ 90 પૈસા મોંઘું: 5 દિવસમાં બીજી વખત વધારો

મુંબઈ

દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં મંગળવારે 90 પૈસા પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો છે. એક અઠવાડિયાથી પણ ઓછા સમયમાં ઈંધણના ભાવમાં આ બીજો વધારો છે. આ પહેલા ગત 15 મે, શુક્રવારે જ કિંમતોમાં 3 રૂપિયા પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો હતો. માલભાડું વધશે: ટ્રક અને ટેમ્પોનું ભાડું વધી જશે, જેનાથી અન્ય રાજ્યોમાંથી આવતી શાકભાજી, ફળો અને રાશન મોંઘા થઈ જશે. ખેતીનો ખર્ચ: ટ્રેક્ટર અને પમ્પિંગ સેટ ચલાવવા માટે ખેડૂતોને વધુ ખર્ચ કરવો પડશે, જેનાથી અનાજનો ખર્ચ વધશે. બસ-ઓટોનું ભાડું: જાહેર પરિવહન અને સ્કૂલ બસોના ભાડામાં પણ વધારો જોવા મળી શકે છે. આ વધારાનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ




ઓઈલની કિંમતોમાં થતી વધઘટ છે. ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ શરૂ થતા પહેલા ક્રૂડ ઓઈલના ભાવ 70 ડોલર હતા જે હવે વધીને 100 ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગયા છે. ક્રૂડના ભાવ વધવાને કારણે તેલ કંપનીઓ દબાણમાં હતી. તેથી કંપનીઓએ નુકસાન ભરપાઈ કરવા માટે આ પગલું ભર્યું છે. જો ક્રૂડ ઓઈલના ભાવ લાંબા સમય સુધી ઊંચા રહેશે તો પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધુ વધારો થઈ શકે છે. સરકાર અત્યાર સુધી દલીલ કરતી હતી કે પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે વૈશ્વિક સ્તરે તેલના ભાવમાં ઉછાળો આવ્યો છે. આના કારણે પાકિસ્તાન, નેપાળ અને શ્રીલંકા જેવા પડોશી દેશોમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં 15% થી 20% સુધીનો વધારો થયો, પરંતુ ભારતીય ગ્રાહકો પર તેનો બોજ નાખવામાં આવ્યો ન હતો. દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો માર્ચ 2024થી સ્થિર રહી હતી. લોકસભા ચૂંટણી 2024 પહેલાં સરકારે કિંમતોમાં 2 પ્રતિ લિટરનો ઘટાડો કરીને જનતાને રાહત આપી હતી. જોકે, તકનીકી રીતે ભારતમાં ઈંધણની કિંમતો નિયંત્રિત છે અને કંપનીઓ આંતરરાષ્ટ્રીય ક્રૂડની 15 દિવસની સરેરાશ કિંમતના આધારે દરરોજ ભાવ બદલી શકે છે, પરંતુ રાજકીય સંવેદનશીલતાને કારણે તેમને લાંબા સમય સુધી બદલવામાં આવ્યા ન હતા.

### ચાંદી ₹2181 વધીને ₹2.70 લાખ પ્રતિ કિલો થઈ

## સોનું ₹1168 વધીને ₹1.59 લાખ પર પહોંચ્યું: આ વર્ષે ₹26 હજાર મોંઘું થયું

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 19 મેના રોજ વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1168 રૂપિયા વધીને 1.59 લાખ રૂપિયા થયો છે. જ્યારે, 1 કિલો ચાંદીનો ભાવ 2,181 રૂપિયા વધીને 2.70 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. આ પહેલા તેની કિંમત 2.68 લાખ રૂપિયા પર હતી. આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 2026માં અત્યાર સુધી સોનું 26 હજાર રૂપિયા અને ચાંદી 40 રૂપિયા મોંઘી થઈ છે.

31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.59 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.70



લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પણ બનાવ્યો હતો. સરકારે સોના-ચાંદી પર આયાત ડ્યુટી 6% થી વધારીને 15% કરી કેન્દ્ર સરકારે સોના અને ચાંદીની આયાત પર લાગતી ડ્યુટી 6% થી વધારીને 15% કરી દીધી છે. સરકારે સોના પર 10% બેઝિક કસ્ટમ ડ્યુટી અને 5% એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ (AIDC) લગાવ્યો છે. જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો 1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. 2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો.


### સોનાના વાયદામાં રૂ.351ની વૃદ્ધિ: ચાંદીના વાયદામાં રૂ.2739ની નરમાઇ

## ક્રૂડ તેલના વાયદામાં સેંકડા વધ્યા

### કોમોડિટી વાયદાઓમાં રૂ.26988.98 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.133817.91 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 18710.11 કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 38791 પોઈન્ટના સ્તરે

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.160807.01 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.26988.98 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.133817.91 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો 38791 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2133.13 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 18710.11 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.159899ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.160200 અને નીચામાં રૂ.159161ના સ્તરને સ્પર્શી, રૂ.159401ના આગલા બંધ સામે રૂ.351 વધી રૂ.159752ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.40 વધી રૂ.127907ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.11 વધી રૂ.16026ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.326 વધી રૂ.159229ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.159195ના ભાવે ખૂલી,




ઉપરમાં રૂ.160299 અને નીચામાં રૂ.159015ના મથાળે અથડાઈ, રૂ.159153ના આગલા બંધ સામે રૂ.248 વધી રૂ.159401ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.276271ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.276666 અને નીચામાં રૂ.272910ના મથાળે અથડાઈ, રૂ.276651ના આગલા બંધ સામે રૂ.2739 ઘટી રૂ.273912ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.2784 ઘટી રૂ.276832ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.2767 ઘટી રૂ.276850ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 3214.88 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.4.25 ઘટી રૂ.1344ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.2.35 વધી રૂ.367.5ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.4.9 વધી રૂ.386.1ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો 35 પૈસા વધી રૂ.202.8ના ભાવે બોલાયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 5133.93 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4621ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4638 અને નીચામાં રૂ.4606ના મથાળે અથડાઈ, રૂ.11 વધી રૂ.4636ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.9919ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.10080 અને નીચામાં રૂ.9901ના સ્તરને સ્પર્શી, રૂ.9924ના આગલા બંધ સામે રૂ.141 વધી રૂ.10065ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.144 વધી રૂ.10066ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.3.8 વધી રૂ.296.3 થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.3.8 વધી રૂ.296.3 થયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.1000ના ભાવે ખૂલી, 60 પૈસા ઘટી રૂ.990ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.2700ના ભાવે ખૂલી, રૂ.8 વધી રૂ.2735ના સ્તરે પહોંચ્યો હતો.

## શેરબજારમાં ઘટાડો, સેન્સેક્સ 75,200 અંકે બંધ

- **નિફ્ટી કેમિકલ્સ, નિફ્ટી ઓટો અને નિફ્ટી એફએમસીજી સૂચકાંકોએ પણ સારું પ્રદર્શન કર્યું હતું.**

મુંબઈ

ભારતીય શેરબજાર લાલ નિશાનમાં બંધ થયુ છે. સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં ઘટાડો જોવા મળ્યો છે. બપોરે 3.30 કલાકે સેન્સેક્સ 131.65 પોઈન્ટના ઘટાડા સાથે 75,183.39 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી 54.10 પોઈન્ટના ઘટાડા સાથે 23,595.85 અંકે બંધ થયો. ક્ષેત્રીય કામગીરીની દ્રષ્ટિએ, નિફ્ટી IT ઈન્ડેક્સે પેકનું નેતૃત્વ કર્યું હતું, જેમાં લગભગ 4 ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. વધુમાં, નિફ્ટી કેમિકલ, નિફ્ટી ઓટો અને નિફ્ટી FMCG સૂચકાંકોએ પણ મજબૂત પ્રદર્શન આપ્યું હતું. તેનાથી વિપરીત, નિફ્ટી પ્રાઈવેટ બેંક ઈન્ડેક્સ દિવસના સૌથી ખરાબ પ્રદર્શન કરનારા ક્ષેત્ર તરીકે ઉભરી આવ્યો હતો. મંગળવારે શરૂઆતના ટ્રેડિંગ કલાકો દરમિયાન એશિયન બજારોએ અલગ-અલગ વલણો દર્શાવ્યા. તેલના ભાવમાં થોડો ઘટાડો થતાં રોકાણકારોની ભાવનામાં થોડો સુધારો જોવા મળ્યો. અહેવાલો અનુસાર, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે પ્રસ્તાવિત લશ્કરી કાર્યવાહીને અસ્થાયી રૂપે અટકાવી દીધી છે જેથી ઉકેલ માટે રાજદ્વારી પ્રયાસો ચાલુ રહે. આ સમાચારે વૈશ્વિક બજારોમાં તણાવ ઓછો કરવામાં મદદ કરી. જાપાનના આર્થિક ડેટાએ પણ રોકાણકારોનું ધ્યાન ખેંચ્યું. દેશનો પ્રથમ ત્રિમાસિક GDP વાર્ષિક ધોરણે 2.1 ટકા વધ્યો - જે આંકડો અપેક્ષા કરતાં વધુ સારો માનવામાં આવે છે. વધુમાં, જાપાનના વડા પ્રધાન સના તાકાઈચી અને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે-મ્યુંગ વચ્ચે આજે યોજાનારી બેઠકને પણ બજાર માટે એક મહત્વપૂર્ણ ઘટના તરીકે જોવામાં આવી રહી છે.

## અમદાવાદમાં પ્રતિ લિટર 90 પૈસા વધતા પેટ્રોલ 98.35 અને ડીઝલ 94.19એ પહોંચ્યું

# 5 દિવસમાં બીજી વાર પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા






અમદાવાદ

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી એક વખત વધારો કરવામાં આવ્યો છે. એક અઠવાડિયામાં બીજી વખત ભાવ વધારો કરવામાં આવતા નાગરિકોને મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવ્યો છે. 5 દિવસ પહેલા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં 3 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. જો કે હવે તે બાદ પેટ્રોલ અને ડીઝલમાં ભાવમાં ફરી 90 પૈસાનો વધારો કરવામાં આવ્યો છે.

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં 90 પૈસાનો વધારો થતા અમદાવાદમાં પેટ્રોલના ભાવ 98.35 રૂપિયા અને ડીઝલનો ભાવ 94.19 રૂપિયા થઈ ગયો છે. જો કે હજુ પણ સવારથી પેટ્રોલપંપ પર વાહન ચાલકોની લાઈન જોવા મળી રહી છે. હજુ પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થાય તેવી શક્યતા હોવાથી વાહન ચાલકો વાહનની ટાંકી ફૂલ કરાવી રહ્યા છે. તેમજ 5 દિવસમાં ફરી એક વખત 90 પૈસાનો વધારો કરવામાં આવતા વાહન ચાલકોમાં ભારે રોષ જોવા પણ મળી રહ્યો છે.

વાહન ચાલક વિરમભાઈએ જણાવ્યું હતું કે, આખી જિંદગી હવે મોંઘવારીની અસર રહેવાની છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે પરંતુ ઘટાડો કરવામાં આવતો નથી. મન ફાવે તેમ ભાવ વધારો કરવામાં આવી રહ્યો છે. સરકાર બદલાય તો કંઈક અસર થાય તેવું લાગી રહ્યું છે બાકી સરકાર નહીં બદલાય તો ભાવ વધતા જવાના છે. મોંઘવારી સામે દર મહિને કઈ બચત થાય તેવું લાગી રહ્યું નથી. બધી વસ્તુઓના ભાવમાં વધારો થતા ઘર ચલાવવુ પણ મુશ્કેલ બન્યું છે.

વાહન ચાલક ઘાંચીરામે જણાવ્યું હતું કે, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી વધારો થતા હવે તમામ લોકોને મુશ્કેલી થવાની છે.

દરેક વસ્તુઓમાં સતત ભાવ વધારો થઈ રહ્યો છે. સામાન્ય માણસને કઈ બચત થાય તેવું લાગી રહ્યું જ નથી. આટલા ભાવ વધારામાં ઘર કઈ રીતે ચલાવવું તે જ અઘરું થઈ ગયું છે. ખર્ચો એટલો બધો વધી ગયો છે કે દર મહિને કઈ બચત પણ થતી નથી.

દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો માર્ચ 2024થી સ્થિર રહી હતી. લોકસભા ચૂંટણી 2024 પહેલાં સરકારે કિંમતોમાં 2 પ્રતિ લિટરનો ઘટાડો કરીને જનતાને રાહત આપી હતી. જોકે, તકનીકી રીતે ભારતમાં ઈંધણની કિંમતો નિયંત્રિત છે અને કંપનીઓ આંતરરાષ્ટ્રીય ક્રૂડની 15 દિવસની સરેરાશ કિંમતના આધારે દરરોજ ભાવ બદલી શકે છે, પરંતુ રાજકીય સંવેદનશીલતાને કારણે તેમને લાંબા સમય સુધી બદલવામાં આવ્યા ન હતા.

### પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં શા માટે વધારો થયો?

આ વધારાનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં થતી વધઘટ છે. ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ શરૂ થતા પહેલા ક્રૂડ ઓઈલના ભાવ 70 ડોલર હતા જે હવે વધીને 100 ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગયા છે. ક્રૂડના ભાવ વધવાને કારણે તેલ કંપનીઓ દબાણમાં હતી. તેથી કંપનીઓએ નુકસાન ભરપાઈ કરવા માટે આ પગલું ભર્યું છે. જો ક્રૂડ ઓઈલના ભાવ લાંબા સમય સુધી ઊંચા રહેશે તો પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધુ વધારો થઈ શકે છે.

### તેલ કંપનીઓને દર મહિને 30 હજાર કરોડનું નુકસાન

સરકારના મતે, ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ જેવી સરકારી કંપનીઓ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની ઊંચી કિંમતોને કારણે ખોટમાં ચાલી રહી હતી.

પેટ્રોલિયમ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માના જણાવ્યા અનુસાર, કંપનીઓને પેટ્રોલ, ડીઝલ અને એલપીજીના વેચાણ પર દર મહિને આશરે 30,000 કરોડનું નુકસાન થઈ રહ્યું છે.

# ગરીબોના નામે 100થી વધુ બેન્ક એકાઉન્ટ ખોલાવનાર ગેંગનો પર્દાફાશ, એકની ધરપકડ

## પોલીસને આરોપીની તલાશી દરમિયાન તેની પાસેથી 3 ATM કાર્ડ, 1 બેન્ક પાસબુક અને 2 મોબાઈલ ફોન મળી આવ્યા હતા

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને પૈસાની લાલચ આપી તેમના નામે બેન્ક એકાઉન્ટ ખોલાવી, તેનો ઉપયોગ સાયબર છેતરપિંડી માટે કરતી એક શાતિર ગેંગનો પર્દાફાશ થયો છે. અમદાવાદ ઝોન-1 LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ)ની ટીમે નારણપુરા વિસ્તારમાંથી એક આરોપીને ઝડપી પાડ્યો છે. આ ગેંગે છેલ્લા 14 મહિનામાં 100 કરતાં વધુ નિર્દોષ લોકોના નામે બેન્ક ખાતા ખોલાવ્યા હતા અને તેની કિટ સાયબર માફિયાઓને વેચીને દેશભરમાં આર્થિક ફ્રોડ આચર્યો હોવાનું સામે આવ્યું છે.




મળતી માહિતી અનુસાર, ઝોન-1 LCBની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે નારણપુરા વિસ્તારમાં દરોડો પાડીને નીરવ શાહ નામના શખસની અટકાયત કરવામાં આવી હતી. પોલીસને આરોપીની તલાશી દરમિયાન તેની પાસેથી 3 ATM કાર્ડ, 1 બેન્ક પાસબુક અને 2 મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આરોપીની પ્રાથમિક પૂછપરછમાં જ ચોંકાવનારો ખુલાસો થયો હતો કે તે નિર્દોષ લોકોના ખાતા ખોલાવીને બેન્ક તરફથી મળતી વેલકમ કિટ (ચેકબુક, ATM વગેરે) પોતાની પાસે જ રાખી લેતો હતો અને સાયબર ગઠિયાઓને સપ્લાય કરતો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, પકડાયેલ આરોપી નીરવ શાહ અને તેનો સાથીદાર વિશાલ કોટક છેલ્લા એક વર્ષથી વધુ સમયથી આ નેટવર્ક ચલાવતા હતા. તેઓ અમદાવાદના અલગ-અલગ શ્રમિક વિસ્તારોમાં જઈને પૈસાની જરૂરિયાતવાળા લોકોને ટાર્ગેટ કરતા હતા અને નજીવી રકમની લાલચ આપી તેમના સેવિંગ કે કરંટ એકાઉન્ટ ખોલાવતા હતા. ચાંદખેડા વિસ્તારના રહીશોના ખાતા ખોલાવવા માટે દેવ મોઢેરા નામના શખસે પણ તેમને મદદ કરી હતી.

ખાતામાં મિનિમમ બેલેન્સ જાળવવાનો અને સિમકાર્ડ ખરીદવાનો તમામ ખર્ચ વિશાલ કોટક ઉઠાવતો હતો. એકવાર એકાઉન્ટ એક્ટિવ થઈ જાય એટલે નીરવ બધી બેન્ક કિટ કલેક્ટ કરીને વિશાલને આપતો હતો.

## ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા

# સાણંદ નજીક આવેલી કલર બનાવતી કંપનીમાં ભીષણ આગ

અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના અગ્રણી ઔદ્યોગિક હબ ગણાતા સાણંદમાં ફરી એકવાર આગની મોટી દુર્ઘટના સામે આવી છે. સાણંદના મોરૈયા વિસ્તારમાં આવેલી કલર બનાવ કંપનીમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આગની તીવ્રતા એટલી વધારે હતી કે તેના ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા. મોરૈયામાં આવેલી આ ખાનગી ફેક્ટરી કલર બનાવવાનું કામ કરે છે. કંપનીમાં કલર અને તેમાં વપરાતા જ્વલનશીલ કેમિકલનો મોટો જથ્થો હાજર હોવાના કારણે આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આખી ફેક્ટરીને લપેટમાં લીધી હતી. ફેક્ટરીની અંદરથી



આગની જ્વાળાઓ નીકળતી જોઈને ત્યાં કામ કરતા શ્રમિકો અને આસપાસના લોકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ઘટના અંગે તાત્કાલિક ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવતા સાણંદ અને આજુબાજુના સ્ટેશનો પરથી ફાયર વિભાગની ગાડીઓનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

ફાયર ફાયટરોના જવાનોએ પાણી અને ફોમનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવવાની યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી છે.

## બોમ્બે હોટેલ વિસ્તારમાં સામાન્ય બોલાચાલીમાં યુવક પર ચપ્પુના ઘા ઝીંકી જીવલેણ હુમલો!

# અમદાવાદના દાણીલીમડામાં લોહીની હોળી

અમદાવાદ

અમદાવાદ શહેરના દાણીલીમડા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા કુખ્યાત બોમ્બે હોટેલ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી હોય તેવો એક સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. માત્ર એક નાની અને સામાન્ય વાતની અદાવતમાં, ગુનેગારોએ આતંક મચાવતા એક યુવક પર ચપ્પુ વડે તીક્ષ્ણ અને જીવલેણ હુમલો કરી દીધો છે. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને કારણે આખા વિસ્તારમાં ભારે હડકંપ અને તણાવનો માહોલ વ્યાપી ગયો છે.

મળતી પ્રાથમિક વિગતો અનુસાર, દાણીલીમડાના બોમ્બે હોટેલ વિસ્તારમાં અમન પઠાન નામનો યુવક હાજર હતો, ત્યારે કેટલાક શખ્સો સાથે તેને કોઈ નજીવી બાબતે સામાન્ય બોલાચાલી અને કહાસુની થઈ હતી. જોકે, આ સામાન્ય વિવાદ એટલો ઉગ્ર બની જશે તેની કલ્પના કોઈએ કરી ન હતી. ઉશ્કેરાયેલા હુમલાખોરોએ તાવડતોડ પોતાની પાસે રહેલા તીક્ષ્ણ ચપ્પુ કાઢીને અમન પઠાન પર એક પછી એક અનેક ઘા ઝીંકી દીધા હતા. હુમલાખોરોએ યુવક પર એટલી નિર્દયતાથી હુમલો કર્યો હતો કે અમન પઠાન લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. જાહેર વિસ્તારમાં બનેલી આ ઘટનાને પગલે આસપાસના લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. હુમલો કર્યા બાદ નરાધમ હુમલાખોરો હવામાં હથિયાર લહેરાવતા ત્યાંથી ફરાર થઈ ગયા હતા. સ્થાનિક લોકોએ તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં અમન પઠાનને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાં તેની સ્થિતિ અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ઘાતક હુમલાની જાણ થતાં જ દાણીલીમડા પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ગુનો નોંધીને હુમલાખોરોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આસપાસના સીસીટીવી (CCTV) ફૂટેજ અને પ્રત્યક્ષદર્શીઓના નિવેદનોના આધારે આરોપીઓનું પગેરું મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.



**યુવક અમન પઠાન પર તીક્ષ્ણ હથિયાર વડે ત્રાટક્યા હુમલાખોરો; લોહીલુહાણ હાલતમાં સારવાર હેઠળ**

## ગુજરાત યુનિવર્સિટીના હેડ ઓફ ઈન્સ્ટિટ્યૂટની નિમણૂક જ ના થતા eKYC પેન્ડિંગ

# 1300થી વધુ વિદ્યાર્થીઓની એક કરોડથી વધુની સ્કોલરશીપ અટવાઈ

અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશોની બેદરકારીથી હજારો વિદ્યાર્થીઓ કેન્દ્ર પરિસ્કૃત પ્રિમેટ્રિક અને પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપથી વંચિત રહી ગયા છે. ગુજરાત યુનિવર્સિટીના વિવિધ ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સ્કોલરશીપ ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશોની બેદરકારીથી અટવાઈ ગઈ છે. ગુજરાત યુનિવર્સિટીએ હેડ ઓફ ઈન્સ્ટિટ્યૂટની નિમણૂક ન થતા આધારકાર્ડ બેઝ્ડ બાયોમેટ્રિક eKYC થઈ શક્યું નહીં.

જેના કારણે 1300 કરતાં વધુ વિદ્યાર્થીઓની 60 ટકા સ્કોલરશીપ એટલે કે એક કરોડ કરતાં પણ વધુની વધુની સ્કોલરશીપ વિદ્યાર્થીઓને મળી શકી



નથી. ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થીઓનો બંધારણીય અધિકાર છીનવી રહી હોવાનો NSUI એ આક્ષેપ કર્યો છે.

ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સામાજિક અને શૈક્ષણિક લાયકાતના આધારે સ્કોલરશીપ આપવામાં આવતી હોય છે. પ્રિમેટ્રિક અને પોસ્ટ મેટ્રિકમાં 40 ટકા રાજ્ય સરકાર તરફથી મળતી હોય છે અને 60% કેન્દ્ર સરકાર આપતી હોય છે. જેથી વાલીઓ પર બોઝ ન આવે અને વિદ્યાર્થીઓને ફી ભરીને અભ્યાસ કરી શકે. પરંતુ આ વર્ષથી કેન્દ્ર સરકાર તરફથી મળતી 60% સ્કોલરશીપ ગુજરાત યુનિવર્સિટીના 1300 જેટલા વિદ્યાર્થીઓને મળી નથી. કેન્દ્ર પરિસ્કૃત પ્રિમેટ્રિક અને પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ માટે હેડ ઓફ ઈન્સ્ટિટ્યૂટની નિમણૂક કરવાની હોય છે. જે બાદ આધારકાર્ડ બેઝ્ડ બાયોમેટ્રિક eKYC થયા બાદ જે તે વિભાગોના વિદ્યાર્થીઓને સ્કોરલશીપ આપવામાં આવતી હોય છે. પરંતુ ગુજરાત યુનિવર્સિટીએ હેડ ઓફ ઈન્સ્ટિટ્યૂટની નિમણૂક જ ન કરી હોવાનો NSUIએ આક્ષેપ કર્યો છે. જેના લીધે હેડ ઓફ ઈન્સ્ટિટ્યૂટનું આધારકાર્ડ બેઝ્ડ બાયોમેટ્રિક eKYC થઈ શક્યું નહીં. જેથી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળવી જોઈએ તે મળી શકી નથી. જેથી ગુજરાત યુનિવર્સિટીની બેદરકારીથી એસટી, એસસી અને ઓબીસી કેટેગરીના વિદ્યાર્થીઓ સ્કોલરશીપથી વંચિત રહી ગયા છે. ગુજરાત NSUI પ્રવક્તા હર્ષ ચૌહાણે જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પ્રિ મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ મળી રહી નથી. જેનું મુખ્ય કારણ એ છે કે ગુજરાત યુનિવર્સિટીના હેડ ઓફ ઈન્સ્ટિટ્યૂટની નિમણૂક કરવામાં આવી નથી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI